# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-





સપ્ટેમ્બર
૨૦૦૮

તમારું હૃદય ભગવાનનું મંદિર છે. તમે જો તેમાં ભગવાનને પધરાવવા ઇચ્છતા હો તો તેને સ્વચ્છ રાખો. તમારું સર્વસ્વ ભગવાનનાં ચરણોમાં સમર્પણ કરી દો. તે સમર્પણ ગંભીર, પ્રામાણિક, સંપૂર્ણ, આનાકાની વિનાનું, બિનશરતી અને કશુંયે છુપાવ્યા વિનાનું હોવું જોઈએ, પછી જ દિવ્ય કૃપા અને દિવ્ય પ્રકાશનું અવતરણ થશે.

- સ્વામી ચિદાનંદ


ગુરુપૂર્ણિમાદર્શન - શિવાનંદ આશ્રમ, અમદાવાદ

## શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત

# દિવ્ય જીવન

વર્ષ : ૫ | અંક : ૯ | સપ્ટેમ્બર-૨૦૦૮



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
*(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)*
**સંપાદક મંડળ :**
**શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**ડૉ. મફતલાલ જે. પટણી**
**ડૉ. હરીશ દ્વિવેદી**

•

**લેખ મોકલવાનું સરનામું :**
**તંત્રીશ્રી : ડૉ. મફતલાલ જે. પટણી**
*૪, વિશ્વભારતી સોસાયટી,*
*નવરંગપુરા ટેલિફોન ટાવર પાસે,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬*
*ફોન : ૨૬૪૦૮૪૦૬*

•

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
*ગુજરાત દિવ્ય જીવન સંઘ*
*શિવાનંદ આશ્રમ,*
*જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ,*
*અમદાવાદ-૩૮૦૦૧૫*
*ફોન : ૨૬૮૬૧૨૩૪*
*ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫*

•

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org


## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૦૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૦૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૨૫૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૦/- |

**વિદેશ માટે :**
*વાર્ષિક $ 12 અથવા £8 (એર મેઈલ)*
*પેટ્રન $ 250 અથવા £160 (એર મેઈલ)*
*ફેક્સ ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા*

**ૐ**

**नानोपाधिवशादेव, जातिनामाश्रमादयः ।**
**आत्मन्यारोपितास्तोये, रसवर्णादिभेदवत् ।।**

**पञ्चीकृतमहाभूतसम्भवं कर्मसञ्चितम् ।**
**शरीरं सुखदुःखानां, भोगायतनमुच्यते ।।**

**पञ्चप्राणमनोबुद्धिदशेन्द्रियसमन्वितम् ।**
**अपञ्चीकृतभूतोत्थं, सूक्ष्माङ्गं भोगसाधनम् ।।**

*જલમાં રસ-રંગ વગેરેના ભેદની જેમ ભિન્ન ભિન્ન ઉપાધિને લીધે જ વર્ણ, નામ ને આશ્રમ વગેરે આત્મામાં આરોપેલાં છે.*

*પંચીકૃત મહાભૂતોથી ઉપજેલું, (પૂર્વના) કર્મોથી રચેલું ને જીવનનું ભોગ ભોગવવાનું સુખદુ:ખોનું સ્થાન સ્થૂલ શરીર કહેવાય છે.*

*દસ ઈન્દ્રિયો સહિત પાંચ પ્રાણ મન તથા બુદ્ધિરૂપ, અપંચીકૃત ભૂતોમાંથી ઉત્પન્ન થયેલું ને ભોગના સાધનરૂપ સૂક્ષ્મ શરીર કહેવાય છે.*

**आत्मबोधः-११,१२,१३**

## શિવાનંદ વાણી

*અર્વાચીન યુગની એ ભૂલ છે કે તે મનુષ્યોના આધ્યાત્મિક સ્વભાવની અવગણના કરે છે અને ઈન્દ્રિયોને સંતોષવામાં મોટાઈ સમજે છે. આ યંત્રયુગ છે. તેને સત્તા માટે અક્કલહીન આતુરતા છે. માણસનો પ્રકૃતિ ઉપરનો કાબૂ વધતો ગયો છે, પરંતુ પોતાની જાત ઉપરનો કાબૂ ઘટતો ગયો છે. એટલા માટે હાલમાં પહેલાં કરતાં યોગની ઘણી વધુ જરૂર છે. કારણ કે યોગ અંતરજ્ઞાનની આંખ ખોલવાની નૈતિક, માનસિક અને શારીરિક શિસ્ત લાદે છે. તે કાયમ જ્ઞાનતંતુઓ ઉપર ખેંચાણ અને તણાવમાં રહેતા આધુનિક મનુષ્યને, શાંતિ, નિશ્ચલતા અને દૃષ્ટિ આપે છે. તમે સૌ તમારા સાથીદારોને મદદ અને માર્ગદર્શન આપવા નિરંતર પ્રયત્નશીલ રહો.*

**- સ્વામી શિવાનંદ**

## "વૈષ્ણવજન"

*દર વર્ષની જેમ આ વર્ષે પણ આપણે દિવાળી પુસ્તિકા તરીકે વહાલા બાપુજી-મહાત્મા ગાંધીજીની દૈનિક પ્રાર્થનાનું જે મહત્ત્વનું ભજન ગુજરાતના આદિકવિ શ્રી નરસિંહ મહેતા રચિત "વૈષ્ણવજન" પર પરમ પૂજ્ય સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજની પ્રવચન શૃંખલાનું પુસ્તકીય સંપાદન આ વર્ષે આપણને સૌને દિવાળીમાં જીવનની નવી દિશા પૂરી પાડશે. જેની કિંમત રૂા.૧૫/- છે જે દિવાળી નિમિત્તે કવર સાથે રૂા.૧૦/-માં આપવામાં આવશે, જેને પોસ્ટલ નિયમ મુજબ રૂા.૧/-માં પોસ્ટ કરી શકાશે. તો સત્વરે આપનો ઓર્ડર શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે નોંધાવવા વિનંતી.*

**- દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ**


**પ્રકાશક-મુદ્રક :** *શ્રી સુમંતરાય સી. દેસાઈ વતી માલિક ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા પ્રિન્ટ વિઝન પ્રા. લિ., પ્રિન્ટ વિઝન હાઉસ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પ્રેસ ખાતે છપાવી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫થી પ્રકાશિત કર્યું.*

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | શ્લોક - આત્મબોધ | | ૧ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૨ |
| ૩. | Mahasamadhi Message | Sri Swami Adhyatmanandaji | ૩ |
| ૪. | પરમ આદરણીય પૂ.શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મહાસમાધિ | | ૪ |
| ૩. | સંપાદકીય | સંપાદક | ૫ |
| ૪. | ભક્તિયોગ-૬ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી | ૬ |
| ૫. | આચારાંગ સૂત્ર | આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી | ૮ |
| ૬. | સ્વાધ્યાય | શ્રી સ્વામી ચિદાનંદજી | ૯ |
| ૭. | હિન્દુ ધર્મ-સનાતન ધર્મ | શ્રી અરવિંદ | ૧૦ |
| ૮. | ભક્તિયુગ-૩ | શ્રી સ્વામી સત્યાનંદજી | ૧૨ |
| ૧૧. | શિવાનંદ કથામૃત | | ૧૯ |
| ૧૨. | યોગ એ જ જીવન | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૨૧ |
| ૧૩. | ઉપનિષદ-યાત્રા | શ્રી ગુણવંતભાઈ શાહ | ૨૩ |
| ૧૪. | વિષ્ણુ-ષટ્પદી | શ્રી રમણલાલ સોની | ૨૫ |
| ૧૫. | વિવિધતામાં એકતા | શ્રી મોટા | ૨૭ |
| ૧૬. | પ્રસન્નતાનું વરદાન | ડૉ. હરીશ દ્વિવેદી | ૨૮ |
| ૧૭. | પ્રાર્થનાસભામાં પૂ.સ્વામીજીનો સંદેશો - શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | | ૩૦ |
| ૧૭. | પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૮ | | ૩૧ |
| ૧૮. | વૃત્તાંત | | ૩૪ |


## તહેવાર સૂચિ

**સપ્ટેમ્બર, ૨૦૦૮**

| તા. | તિથિ | (ભાદરવા સુદ) |
|---|---|---|
| ૨ | ૩ | શ્રી વરાહ જયંતી |
| ૩ | ૪ | શ્રી ગણેશ ચતુર્દશી |
| ૪ | ૫ | ઋષિપંચમી |
| ૭ | ૮ | રાધાઅષ્ટમી |
| ૮ | ૯ | ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજીનો ૧૨૧મો જન્મદિન |
| ૧૧ | ૧૧ | એકાદશી |
| ૧૨ | ૧૨ | વામનજયંતી, પ્રદોષપૂજા |
| ૧૪ | ૧૪ | અનંતચતુર્દશી |
| ૧૫ | ૧૫ | પૂર્ણિમા, મહાલય, પિતૃપક્ષ શરૂ |
| | | **(ભાદરવા વદ)** |
| ૨૫ | ૧૧ | એકાદશી |
| ૨૬ | ૧૨ | પ્રદોષપૂજા |
| ૨૯ | ૩૦ | અમાવાસ્યા, મહાલય, પિતૃપક્ષ પૂરું |
| | | **(આસો સુદ)** |
| ૩૦ | ૧ | નવરાત્રિ પ્રારંભ |

### ● ગુરુદેવ સ્વામી શિવાનંદજીનો ષડંગ યોગ ●

**● સેવા ● પ્રેમ ● દાન ● પવિત્રતા ● ધ્યાન ● સાક્ષાત્કાર**

માણસ જેવું વિચારશે, તેવો તે બનશે એ પ્રકૃતિના મહાન નિયમોમાંનો એક છે. વિચારો કે તમે પવિત્ર છો, તો તમે પવિત્ર બનશો. વિચારો કે તમે મનુષ્ય છો, તો તમે મનુષ્ય બનશો. તમે વિચારો કે તમે બ્રહ્મ છો, તો તમે બ્રહ્મસ્વરૂપ થશો. તમે ભલા સ્વભાવનું મૂર્ત સ્વરૂપ બનો. હંમેશાં ભલું કામ કરો. પ્રેમ કરો, સેવા કરો. બ્રહ્મચર્ય અને મૌન પાળો. ક્રોધને કાબૂમાં રાખો. બીજાઓને સુખી કરો. બીજાની સેવા કરવા માટે જ જીવો પછી જ તમે સુખ ભોગવી શકશો. **- સ્વામી શિવાનંદ**

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- રવાનગી સરળતા માટે આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ઈચ્છનીય છે.
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઑર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

**આત્મવિશ્વાસનો વિકાસ કરો :** ઘણા લોકો આત્મશ્રદ્ધા વિનાના હોય છે. તેમનામાં શક્તિ, ક્ષમતા અને નિપુણતા હોય છે, પરંતુ તેમને તેમની શક્તિ અને નિપુણતામાં આત્મવિશ્વાસ હોતો નથી. સ્ટેજ ઉપર પ્રવચન આપવા ઊભો થયેલો માણસ સામર્થ્યવાળો હોવા છતાં તેની આત્મશ્રદ્ધારહિતતાને લીધે તે મૂર્ખતાથી વિચારે છે કે, 'હું પ્રભાવશાળી પ્રવચન નહિ આપી શકું.' એવા નકારાત્મક વિચારથી તેનું મન નિર્બળ થઈ જાય છે. તે ડગમગી જાય છે અને સ્ટેજ ઉપરથી ઊતરી જાય છે. એવા કેટલાય લોકો હોય છે કે જેઓ વિષયનું અલ્પ જ્ઞાન હોવા છથાં તેઓ સભાને રોમાંચિત કરી દે છે. તેથી આત્મવિશ્વાસ એ એક પ્રકારની શક્તિ છે. **- સ્વામી ચિદાનંદ**

# Mahasamadhi of Guru Maharaj
# Sri Swami Chidanandaji Maharaj

Most Worshipful and Revered Guru Bhagwan, Sri Swami Chidanandaji Maharaj has attained Mahasamadhi and merged into the bliss absolute at the age of 92 years on Thursday, $28^{th}$ August 2008 at 8:12 p.m.

Disciple and Successor of H H Sri Swami Sivanandaji Maharaj and President of the world renowned Divine Life Society for the last four decades, Sri Swami Chidanandaji Maharaj was working and serving the Divine Cause of Sri Gurudev's Mission tirelessly and spreading His Divine Life Message all over the world. He was an embodiment of humility, purity and kindness. He lived a life and ideals of a true renunciate. Service to lepers became His ideal and worship to Lord Narayana. He served them with tender love and compassion. He was inspirer of CHIPKO movement. His work for the protection of Himalayas and Ganges will be cherished for ages to come.

Revered Saint, Mother Teresa considered Him a Living Saint Francis of Assisi. For His own Guru, Sri Swami Sivanandaji Maharaj, He was an incarnation of Buddha, whereas the entire Europe regarded Him an Uncrowned King. Sri Sri Maa Anandamayi saw in Him Lord Narayana Himself. Most Worshipful and Revered, Sri Pramukh Swamiji Maharaj of BAPS, has seen in Him His own Guru Pujya Yogiji Maharaj's Holy Presence.

Linguist, perfectionist, full of serenity, divinity, absence of vanity, simplicity, equanimity, non-irritability, humility, integrity and nobility were His laudable virtues that earned Him reverence from the people of all four corners of the world. His service and sympathy to sick and downtrodden, poor and needy, birds and beasts were incomparable. He was oozing love from head to toe to known and unknown.

His mortal coil was brought to Rishikesh at 1:00 AM and was immersed in holy stream of Ganges before sunrise of $29^{th}$ August, 2008.

In His will, He has expressed the desire not to make any monument in His name, not to be informed anyone of His passing away, not to organize even any feast and festival traditionally performed when a monk casts away the mortal coil. But in case, if devotees wish, they can feed the poor, sick and street beggars.

Though physically, Beloved & Worshipful Holy Master H H Sri Swami Chidanandaji Maharaj may not be with us now, but through His Virat Swaroop, He will be inspiring, guiding and protecting His countless devotees and disciples who are busy serving the Mankind and struggling to achieve the realization of the absolute. OM Shanti !

\- Swami Adhyatmananda

# ૐ

# પરમાદરણીય પૂજ્ય

# શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મહાસમાધિ

*પરમ પૂજ્ય ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ તા.૨૮-૦૮-૦૮ને ગુરુવાર રાત્રે ૮-૧૨ વાગ્યે ૯૨ વર્ષની વયે સમાધિસ્થ થઈ અનંત આનંદમાં વિલીન થયા છે.*

*તેઓ પરમ પૂજ્ય શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના શિષ્ય; ઉત્તરાધિકારી તથા વિશ્વવિખ્યાત ડિવાઈન લાઈફ સોસાયટીના છેલ્લા ચાર દાયકાથી પ્રમુખ હતા. શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ; સદ્‌ગુરુદેવે આરંભ કરેલ ઉદાત્ત ધ્યેયવાળી દિવ્ય પ્રવૃત્તિઓને અથાક પ્રયત્નોથી વિશ્વભરમાં ફેલાવવા પ્રયત્નશીલ હતા. તેઓશ્રી નમ્રતા, પવિત્રતા, ભલમનસાઈનું મૂર્તિમંતરૂપ હતા. તેઓશ્રી એક સાચા સંન્યાસી તરીકેનું આદર્શ જીવન જીવ્યા. કુષ્ઠરોગીઓની સેવા તેમના માટે આદર્શ અને ભગવાન નારાયણની જ સેવા બની ગઈ. તેઓએ તેમની (કુષ્ઠરોગીઓની) સ્નેહ અને કરુણાસભર સદૈવ સેવા કરી. "ચિપકો" આંદોલનને તેમણે પ્રેરિત કર્યું. હિમાલય અને ગંગાને બચાવવાના તેમના પ્રયત્નો યુગો સુધી લોકો વાગોળશે.*

*સ્વામી શિવાનંદજી મહારાજના મતે તેઓ બુદ્ધનો અવતાર હતા. સમગ્ર યુરોપ તેમને બેતાજ બાદશાહ તરીકે ઓળખતું. શ્રી શ્રી શ્રી મા આનંદમયીને તેમનામાં હંમેશ ભગવાન નારાયણ દેખાતા. બી.એ.પી.એસ.ના આદરણીય અને પૂજ્ય પ્રમુખ સ્વામીજી મહારાજને તેમનામાં પોતાના ગુરુ પૂજ્ય યોગીજી મહારાજ રહેલા હોય તેમ લાગતું.*

*ભાષાશાસ્ત્રી, સંપૂર્ણતાના આગ્રહી, સૌમ્યતાથી સભર, પવિત્રતા, દંભનો અભાવ, સાદાઈ, મનથી સંતુલિત અને શાંત, નમ્રતા, એકરૂપતા અને ઉદાત્ત સ્વભાવ જેવા પ્રશંસનીય ગુણોથી તેઓ સભર હતા. જેમના થકી તેઓને વિશ્વના ચારે ખૂણેથી અપાર માન મળ્યું. તેઓની પતિત, ગરીબ અને જરૂરિયાતમંદ તથા પક્ષી અને પશુ પ્રત્યેની કરુણા, સેવા અને સહાનુભૂતિ અતુલનીય હતાં. જાણીતા કે અજાણ્યા બધા જ પ્રત્યે પગથી માથા સુધી તેમનામાં પ્રેમ નિતર્યા કરતો હતો.*

*તેઓશ્રીના પાર્થિવ દેહને દેહરાદૂનથી રાત્રે એક વાગ્યે હૃષીકેશ લાવવામાં આવ્યો અને ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના સમાધિમંદિરમાં ભક્તોના દર્શનાર્થે રાખવામાં આવ્યો અને તા.૨૯ ઓગસ્ટના સૂર્યોદય પહેલાં સવારે ૫-૩૦ કલાકે ગંગાના પવિત્ર પ્રવાહમાં તેઓની ઈચ્છાનુસાર જળસમાધિ આપવામાં આવી.*

*પોતાના વસિયતનામામાં તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે તેમની પાછળ તેમના નામનું કોઈ સ્મારક ન બનાવવું. તેમની અંતિમયાત્રાના સમાચાર કોઈને ન આપવા તથા પરંપરાગત રીતે સંન્યાસી દેહ છોડી દે તે પછી થતી ઉજવણી કે ભંડારા ન કરવા. પરંતુ જો ભક્તોની એવી ઈચ્છા હોય તો તેઓ ગરીબ, બીમાર અને શેરીમાં ફરતા ભિક્ષુકોને જમાડી શકે છે.*

*જો કે વહાલા અને આદરણીય ગુરુભગવાન પરમ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ સ્થૂળ સ્વરૂપે આપણી સાથે ભલે ન રહ્યા, પરંતુ તેમના વિરાટ સ્વરૂપ દ્વારા તેઓ તેમના અસંખ્ય ભક્તો તથા શિષ્યો કે જેઓ માનવજાતિની સેવામાં અને આત્મસાક્ષાત્કાર કરવા પ્રયત્નશીલ છે. તેઓને પ્રેરણા, માર્ગદર્શન અને રક્ષણ આપતા રહેશે. ૐ શાંતિ.*

*- સ્વામી અધ્યાત્માનંદ*

# સંપાદકીય

*બેંગલોરમાં બ્લાસ્ટ થયા પૂર્વે જયપુરમાં બૉમ્બ ફૂટ્યા હતા અને ૨૬મી જુલાઈની સાંજે અમદાવાદમાં ફૂટેલા બૉમ્બ પ્રકરણનો અંત હજુ સુધી આવ્યો નથી. સુરતમાં અઢાર બૉમ્બ ડીફ્યુઝ કરવામાં આવ્યા. ગુજરાતની સાડા છ કરોડની પ્રજા ભય અને આતંકના ઓળામાં જીવી રહી છે.*

*આપણે બૉમ્બને ડીફ્યુઝ કરીએ છીએ, પરંતુ જે મગજ અને બુદ્ધિ આ શેતાની કારસ્તાન પાછળ કાર્યરત હોય છે તેને ડીફ્યુઝ કેમ કરી શકાય તે વિશે આપણે કદીયે ગંભીર વિચાર કર્યો નથી. એક મુઠ્ઠીભર લોકોના બદઈરાદાને કારણે જે જાહેર જનજીવનની શાંતિ જોખમાય છે. આ મુઠ્ઠીભર લોકોને સંરક્ષણ કોણ આપે છે ? કોઈ પણ સમાજ આખોયે નાલાયક નથી હોતો, પરંતુ જે-તે સમાજમાં રહેલાં ગણ્યાં ગાંઠ્યાં દૂષિત તત્ત્વોથી જ સમાજનો હ્રાસ થાય છે.*

*આવશ્યકતા છે આપણે આપણી જાતને સમજવાની. આપણા કર્તવ્ય અને જાતને ફંફોસવાની. બહાર ભટકવાને ટેવાયેલું મન જો થોડું પણ આંતરમુખ થવાનો પ્રયત્ન કરી શકે, તો કર્તવ્ય વિમૂઢતા ન સર્જાય. આ કાર્ય કોઈ એક વ્યક્તિનું નથી. અહીં કોઈ ધર્મ એટલે પંથ એમ સમજવાનું નથી. અહીં ધર્મ કર્તવ્ય બને છે - માતાપિતા, શિક્ષકો, વિશ્વવિદ્યાલયો, ધાર્મિક સંસ્થાનો અને તેના આગેવાનો પછી છેલ્લે રાજનીતિજ્ઞો; આ બધા મળીને સમાજનું ગઠન થાય છે. અહીં જો કોઈ એક પણ કડી તૂટે તો સમગ્ર શાંતિ સુલેહ અને સમૃદ્ધિની શૃંખલા તૂટી જાય. આપણું દુર્ભાગ્ય છે કે આપણી બધી જ કડીઓ નબળી છે.*

*માતાપિતા બાળકોને જન્મ આપે છે, જીવન નથી આપતાં. લંડનમાં એક ગુજરાતી છોકરી (ઉં.વ.૨૨) પોતાના પહેલાંના પ્રેમી (ઉં.વ.૨૬) તે પણ ગુજરાતી છોકરો, તેની નવા પ્રેમી દ્વારા હત્યા કરાવવાનો પ્રયત્ન કર્યો. હત્યારો અને છોકરી બંનેને લંડન કોર્ટ દ્વારા દસ વર્ષની સજા માત્ર ત્રણ દિવસની ટ્રાયલ બાદ જ ફટકારવામાં આવી. આપણે ભૂલો કરીએ છીએ. આપણો સમાજ ભૂલો સામે આંખ આડા કાન કરે છે. તેથી નિર્ભય બની રહેલી ભાવિ પ્રજા વધુ ચારિત્ર્યહીન, સંસ્કારશૂન્ય અને નિર્લજ્જ થતી જાય છે.*

*આપણે સૌએ જાગૃત થવું પડશે. આત્મનિરીક્ષણ, આત્મસંશોધન, મનોમંથન, સત્સાહિત્યનો સ્વાધ્યાય, મનન, ચિંતન, સત્સંગ, ધ્યાન વગર આ બદીઓ દૂર થઈ શકશે નહીં. માતાપિતામાં બાળકોને વિશ્વાસ અને શ્રદ્ધા ત્યારે જ બેસી શકે કે જ્યારે વડીલો બાળકોનાં જીવનમાં રસ લેતા થાય. આપણે રાષ્ટ્રના ઉત્કર્ષ અભ્યુદય અને શાંતિ કે અમન માટે કદીયે બેદરકાર ન જ થઈ શકીએ. માટે જાગૃત થઈએ. આપણાં કર્તવ્ય પ્રત્યે બેદરકાર ન બનીએ. બીજાંને નીચા દેખાડવા કે નીચા પાડવાની કે શાંત જીવનમાં દખલ કરવાની ભાંગફોડિયા પ્રવૃત્તિથી દૂર રહી પ્રેમ, સદ્ભાવ, સન્માન, સ્નેહથી સમાજને પુનઃ સંગઠિત કરવા પ્રયત્નશીલ થઈએ. સમાજમાં ઐક્ય હશે તો જ સુદૃઢ સમાજોથી ગુંથાયેલો દેશ સુદૃઢ થશે. વ્યક્તિગત અહંકાર અને સ્વકીય સ્વાર્થનાં પડળો ખંખેરવાં જ પડશે. દેશ જ નહીં હોય તો તમારું વ્યક્તિત્વ ક્યાં જઈને ઊભું રહેશે.*

*માટે રાષ્ટ્રહિત માટે સજાગ બનીએ. શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ સદૈવ કહેતા, દેશ પહેલાં, સમાજ પછી અને સ્વાર્થ તો કદીયે નહીં. જો એક ધર્મ બીજા ધર્મ સાથે બાખડે કે માણસ અને માણસ વચ્ચે તડ પાડે તો તે ધર્મ પણ ન જોઈએ.*

*એ મહાપુરુષ શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ અને ગુરુ ભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજશ્રીનાં પ્રાકટ્ય પર્વ તા.૮ તથા તા.૨૪ સપ્ટેમ્બરે તેમના શ્રીચરણોમાં મૂક વંદના. ૐ શાંતિ.*

**- સંપાદક**

# ભક્તિયોગ - ૬

ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી

[સ્વામી શિવાનંદ જ્ઞાનયજ્ઞ નિધિ પ્રકાશિત શ્રી સ્વામી શિવાનંદજીનાં લખાણો અને ઉપદેશો પર આધારિત 'યોગના પાઠો'માંથી સાભાર - સૌજન્ય : ધી ડિવાઈન લાઈફ સોસાયટી - સાઉથ આફ્રિકા]

**ભક્તિયોગની પ્રાથમિક આચારસંહિતા**

વિશિષ્ટાદ્વૈત વાદના પ્રવર્તક શ્રી રામાનુજાચાર્યે ભગવાનના ભક્તો માટે નીચેના અગિયાર નિયમો બતાવ્યા છે. તેમનું અંતઃકરણપૂર્વક આચરણ કરશો તો તમે સાચા ભક્ત બની જશો.

**૧. અભ્યાસ :** સતત ભગવાનને યાદ કરવાની ટેવ પાડો.

**૨. વિવેક :** સારાસાર અને આત્મા-અનાત્માનો ભેદ પારખો.

**૩. વિમોક :** પ્રભુને પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા.

**૪. સત્ય :** સત્યપ્રિયતા.

**૫. આર્જવ :** સરળતા - કપટરહિતતા.

**૬. ક્રિયા :** સર્વનું ભલું કરવું.

**૭. કલ્યાણ :** સૌનું હિત થાય તેવું ઈચ્છવું.

**૮. દયા :** સર્વ જીવો પ્રત્યે કરુણા.

**૯. અહિંસા :** હિંસારહિતતા.

**૧૦. દાન :** દાનશીલ સ્વભાવ.

**૧૧. અનવસાદ :** પ્રસન્નચિત્તતા અને સૌ સારાં વાનાં થશે તેવો આશાવાદ

**૧. અભ્યાસ :** મનની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે દૃઢ અને અવિશ્રાન્ત પ્રયત્ન કરવામાં આવે તેને અભ્યાસ કહેવામાં આવે છે. તમને ખબર છે કે મન કેટલું ચંચળ છે. તેને ઉન્મત્ત વાનર સાથે સરખાવવામાં આવે છે. તેને વશ કરવા માટે પ્રચંડ અભ્યાસ જરૂરી છે. અભ્યાસ દ્વારા અંતે આપણે બહિર્મુખી મનને વશ કરવામાં સફળ થઈ શકીએ છીએ.

**૨. વિવેક :** સાચું અને ખોટું એ બેમાંથી સાચાની પસંદગી કરવાની તથા શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેના નિર્ણયો કરવાની શક્તિને વિવેક કહે છે. આપણે શું સાચું છે અને શું ખોટું છે તે કેવી રીતે જાણી શકીએ ? જે મનનો ઉત્કર્ષ કરે અને ઈશ્વરની નજીક લઈ જાય તથા જે અંતઃકરણમાં આનંદ ઉત્પન્ન કરે અને મનની શાંતિ બક્ષે તે સાચું. જે અંતરાત્માને ખટકે અને ઈશ્વરથી દૂર લઈ જાય તે ખોટું.

આપણે આપણી જાતને અનિચ્છનીય અસરોથી રક્ષવી જોઈએ. અનિષ્ટોનું મુખ્ય પ્રવેશદ્વાર કુસંગ છે. જો આપણે સારો સંગ રાખવામાં સાવધ રહીએ તો અનિષ્ટોના પ્રભાવથી બચવાનું સહેલું બની જશે. આપણે શુદ્ધ અને અશુદ્ધ ખોરાકનો પણ ભેદ પારખવો પડશે. માત્ર પવિત્ર ખોરાક ખાઓ. આ રીતે આપણે સદાચારના માર્ગને વળગી રહેવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

**૩. વિમોક :** જે કોઈ વસ્તુ આપણી પ્રગતિને અવરોધે તેનો ત્યાગ કરવાથી તથા પ્રભુપ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠાને વિકસાવવાથી આપણી ઈશ્વર તરફની ગતિ નિશ્ચિત અને અનવરુદ્ધ થઈ જાય છે. સૌથી પહેલાં આપણે ભૌતિક પદાર્થોની ઝંખનાનો ત્યાગ કરવો જોઈએ. બીજું, આપણે દુર્વિચારોને છોડી દેવા જોઈએ. આપણે આ વસ્તુઓ શા માટે ત્યાગવી જોઈએ ? જેવી રીતે આપણે એક જ પ્યાલામાંથી એક જ સમયે વિષ અને અમૃત પી શકતા નથી તેવી જ રીતે આપણે ભૌતિકવાદી જીવન અને આધ્યાત્મિક જીવન એક સાથે જીવી શકતા નથી. આપણી ઈશ્વરપ્રાપ્તિની ઈચ્છા સઘન બનાવવા માટે આપણે ઈચ્છારહિત બનવું જોઈએ.

**૪. સત્ય :** તમે જાણો જ છો કે આધ્યાત્મિક નીતિશાસ્ત્રની પ્રાથમિક શરત સત્યનિષ્ઠા છે. ભગવાનના ભક્ત બનવા માટે આપણે સત્યમય જીવન જીવવું જોઈએ. માત્ર સત્યનો જ વિચાર કરવો જોઈએ, સાચું બોલવું જોઈએ અને ધ્યાનપૂર્વક અંતરાત્માનો અવાજ સાંભળવો જોઈએ. અંતરાત્મા જ આપણો શ્રેષ્ઠ ગુરુ છે.

**૫. આર્જવ :** આર્જવ એટલે નિષ્કપટતા અને પ્રમાણિકતા. ભગવાનની શોધમાં જૂઠાણું કે કુટિલતાને કોઈ સ્થાન નથી. ભગવાનને તમારી દોલત કે બુદ્ધિ

જોઈતાં નથી; તે તો ઠગાઈ, આછકલાઈ અને પાખંડથી રહિત શુદ્ધ અને સત્યપ્રિય હૃદય માગે છે. તેનાથી કંઈ છુપાવવાનું નથી. તે સર્વવ્યાપક અને સર્વજ્ઞ આત્મા છે. આપણાં હૃદય શ્વેત બરફ અને સ્ફટિક જેવાં પરિશુદ્ધ હોવાં જોઈએ. આપણાં દિલ બાળકનાં દિલ જેવાં સરળ હોવાં જોઈએ.

**૬. ક્રિયા :** સૌનું ભલું કરવું તે ભક્તિવિકાસનું મહત્ત્વનું સોપાન છે. સાચો ભક્ત ભગવાનને સર્વ રૂપોમાં નિરખે છે. આપણી સૌથી અગત્યની ફરજ બીજાનું ભલું કરવું અને અન્યની સેવા કરવી તે છે. ભૂખ્યા અને ગરીબ લોકોની સેવા માનવજીવનનાં દુઃખો પ્રતિ આપણી આંખ ખોલી નાખે છે. આપણે જગતના દુઃખદાયકપણાને સમજવા લાગીએ છીએ. પથ્થર જેવા સ્વાર્થી હૃદયમાં અન્યને માટે લાગણી પાંગરે છે. હૃદયમાં અનુકંપા, કરુણા અને પ્રેમનો ઉદ્ભવ થવાની શરૂઆત થાય છે. જગતની વસ્તુઓ પ્રત્યે નિષ્કામતાનો ઉદય થાય છે.

**૭. કલ્યાણ :** અન્યનું કલ્યાણ થાય તેમ ઈચ્છવું તે ભક્તનો મોટો સદ્ગુણ છે. પ્રેમસભર હૃદયથી આપણે અન્યના કલ્યાણ માટે તથા જગતની સુખસમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરવી જોઈએ. બીજાઓએ આપણું અહિત કર્યું હોય તો પણ તેમના પ્રત્યે ધિક્કારની લાગણી ન સેવવી જોઈએ. તેમના માટે ભલાઈ અને મંગલની કામના કરો. આ સાચા ભક્તનો સ્વભાવ છે. બુદ્ધે કહ્યું, "ધિક્કાર ધિક્કારથી શમતો નથી પણ પ્રેમથી શમે છે."

**૮. દયા :** ત્યાર પછી કરુણા આવે છે. ભગવાન પ્રેમ છે. તે સ્નેહ અને કરુણાની જીવંત મૂર્તિ છે. આપણે તેમનો સાક્ષાત્કાર કરવા ઈચ્છીએ છીએ તેથી આપણે પણ પ્રેમ અને દયાના સાગર બની જવું જોઈએ. આપણા હૃદયને આકાશ જેવું વિશાળ બનાવીએ.

**૯. અહિંસા :** સર્વ જીવોને વિચાર, વાણી કે કર્મથી દુઃખ ન પહોંચાડવું તે અહિંસાનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. આ એક માત્ર ઉમદા ગુણમાં સર્વ દિવ્ય ગુણો સમાઈ જાય છે. અન્યનું બૂરું ઈચ્છવું, ધિક્કારવું, ક્રોધ કરવો તથા દ્વેષભાવ રાખવો વગેરે દુર્ગુણો અહિંસા સામે ટકી શકતા નથી. તે આત્માનો ખાસ સ્વભાવ છે. અહિંસા જગત સાથેના ભ્રાતૃભાવની તથા વૈશ્વિક પ્રેમની લાગણી ઉત્પન્ન કરે છે.

**૧૦. દાન :** "દાન અસંખ્ય પાપોને ઢાંકી દે છે" ઈસુ ખ્રિસ્તે કહ્યું, દુઃખી લોકોની પીડા દૂર કરવા શુદ્ધ હૃદયથી સ્વયંસ્ફુરિત અને વિપુલ પ્રમાણમાં આપેલું દાન આધ્યાત્મિકતાના ઉદયનું શક્તિશાળી સાધન છે. દાન મનની અપ્રમાણિકતા તથા કંજૂસાઈને નષ્ટ કરે છે. આપણે હૃદયને વિશાળ બનાવવું જોઈએ. 'વધારે આપો અને વધારે મેળવો' - આ ભગવાનનો નિયમ છે.

**૧૧. અનવસાદ :** અન્ + અવસાદ. અવસાદ એટલે ખેદ, અનવસાદ એટલે ખેદરહિતતા, પ્રસન્નચિત્તતા. પ્રસન્ન રહેવું અને આશાવાદી બનવું એ ભક્તના આવશ્યક સદ્ગુણો છે. અધ્યાત્મપથ પર હતાશાનું કોઈ સ્થાન નથી. આશાવાદી બનો અને અધ્યાત્મના માર્ગને કદી ન છોડો. ક્રિયાશીલ પરિબળો આપણી પ્રગતિને અવરોધશે અને આપણું પતન નોંતરવા આક્રમણ કરશે, પરંતુ આપણે આશા છોડવી નહીં અને હતાશ ન બનવું. મુશ્કેલીઓ અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તમને સાધનાના અધ્યાત્મપથથી ચ્યુત કરવા મથી રહી હોય ત્યારે ઝંઝાવાતનો સામનો કરતા કરતા આગળ વધો. અંતરાત્મા ઉપર આધારિત રહી, પ્રસન્ન ચિત્તથી અને આશાજનક ઉત્સાહથી સતત પ્રયાસ કરીને તમારી સાધનામાં આગળ વધો પછી સફળતા નિશ્ચિત છે.

**પરાભક્તિ**

સમાપન કરતાં પહેલાં ભક્તિના ઉચ્ચતમ સ્વરૂપ પરાભક્તિ વિશે બે શબ્દ કહી લઉં. સામાન્ય ભક્તિ, મૂર્તિની ચંદન, ફૂલ અને આરતી વડે પૂજા કરવાથી શરૂ થાય છે અને અંતે અભ્યાસથી તે પરાભક્તિ બની જાય છે. પરાભક્તિ એટલે શું ? પરાભક્તિ એ ભક્તિની ઉત્કૃષ્ટ સ્થિતિ છે જેમાં ભક્ત પોતાને ભગવાન સાથે એક થઈ ગયેલો અનુભવે છે. તે સંપૂર્ણ રીતે ભગવાનમાં ભળી જાય છે અને તેમના મધુર સ્મરણમાં તલ્લીન થઈ જાય છે. હવે આખું જગત તેને માટે સ્વર્ગ બની જાય છે. ભગવાનનાં સર્વત્ર દર્શન થાય છે.

દક્ષિણ ભારતના પ્રસિદ્ધ સંત નામાલ્વરની ભક્તિ

પરાભક્તિ હતી. તે ધરતી ઉપર આળોટતા અને કહેતા, "આ પ્રભુની ધરતી છે." તે આકાશ તરફ નિર્દેશ કરી ઉદ્ગાર કાઢતા. "અહો ! આ વૈકુંઠ છે." તે પવનની શીતળ લહેરનો અનુભવ કરતાં કહેતા, "આ મારા પ્રેમી પ્રભુ છે." તેઓ દરિયા તરફ હાથ ઉઠાવીને મોટેથી બોલી ઊઠતા, "આ દરિયાને જુઓ, ત્યાં મારા પ્રભુ વિશ્રાંતિ લઈ રહ્યા છે." તેઓ ડુંગરો પ્રત્યે આંગળી ચીંધીને કહેતા, "હે ભવ્ય હરિ ! આવો, મારા વિષ્ણુ પધાર્યા છે." જ્યારે તે કાળાં વાદળોને જોતા ત્યારે કહેતા, "તે મારા શ્રીકૃષ્ણ છે."

નામદેવ પરાભક્ત હતા. એકવાર એક કૂતરો તેમનો સૂકો રોટલો લઈને નાસી ગયો. નામદેવ તેની પાછળ દોડ્યા, લાકડી લઈને નહીં, રોટલાને ઘીથી ચોપડવા ઘીનું પાત્ર લઈને દોડ્યા કે જેથી તે રોટલો તેને ગળે ડસે નહીં ! કેવી તેમની અદ્ભુત દૃષ્ટિ !

પરાભક્તિ એક દિવસમાં પ્રાપ્ત થતી નથી. પહેલાં આપણે ભક્તિનો વિકાસ કરવા માટે બધાં જ પ્રાથમિક સોપાનો સર કરવાં જોઈએ. આપણે મંદિરમાં જવાનું, કીર્તન કરવાનું, આરતી ઉતારવાનું વગેરે છોડી ન દેવું જોઈએ. આ બધું જ અનિવાર્ય છે.

આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ કરી સૌથી વધુ અસરકારક અને આપણને અનુકૂળ પડે તેવી રીત અપનાવવી જોઈએ. જો એક રીતથી સફળતા ન મળે તો બીજી રીતોનો ઉપયોગ કરવો. સામાન્ય રીતે કેટલીક રીતોનું મિશ્રણ કરી તેને અપનાવવું વધુ સલાહભર્યું છે. આપણે પ્રાર્થના, જપ, કીર્તન, ગુરુસેવા, ભક્તોની સેવા, દાન, શાસ્ત્રપઠન, સદાચારનો અભ્યાસ તથા આત્મસંયમ દ્વારા ભક્તિસભર બની જવું જોઈએ.

તમે ભગવાન પ્રત્યેના પ્રેમ અને ભક્તિને લગતી ઘણી અગત્યની હકીકતો શીખ્યા છો. તમને પોતાની જાતને પૂછવાના પ્રશ્નની ફરીથી યાદ અપાવી દઉં ? "શું હું ખરેખર ભગવાનને ચાહું છું ?" તમારામાં ખૂબ ભક્તિ છે. એ બાબતની મને શંકા નથી. હવે જે કંઈ બાકી છે તે અભ્યાસ કરીને પૂર્ણતા પ્રાપ્ત કરવાનું છે.

ભગવાન તમને આ જ જીવનમાં સર્વશ્રેષ્ઠ ભક્તિનું પ્રદાન કરે અને તમારી ઉપર કૃપા કરે !

'યોગના પાઠ'માંથી સાભાર



# दुष्करं परगुणोत्कीर्तनम्...

**આચારાંગ સૂત્ર**

**આચાર્ય વિજયરત્નસુંદરસૂરિજી**

એક કરોડ રૂપિયાનું દાન હજી કદાચ શક્ય છે, માસખમણની તપશ્ચર્યા હજી કદાચ સરળ છે, જિંદગીભરના બ્રહ્મચર્યનો પડકાર ઝીલી લેવામાંય હજી કદાચ સફળતા મળી શકે છે પરંતુ બીજાના નાનકડા પણ ગુણ પાછળ પાગલ બની જવા માટે મન તૈયાર થતું નથી. અન્યના નાનકડા પણ ગુણની પ્રશંસા કરવા માટે જીભ તત્પર બની જવા તૈયાર થતી નથી. સંપત્તિ છૂટથી વાપરવા તૈયાર થઈ જતું મન અન્યના ગુણોના દર્શને છૂટથી પ્રશંસાના શબ્દો વાપરવા તૈયાર થઈ જતું નથી.

## પ્રભુ !

અહંકાર અમારો આટલો બધો ભયંકર ? સત્કાર્યો કરવા એ તૈયાર થઈ જાય પણ અન્યનાં સત્કાર્યો જોઈને એ રાજી થવા તૈયાર ન થાય ? આનો અર્થ તો એ જ થયો ને કે અમને 'અમે' ગમીએ છીએ પણ 'સત્કાર્યો' નથી ગમતાં ! એક વિનંતી છે પ્રભુ ! અમને સ્વપ્રશંસા માટે જીભ તો લાંબી મળી જ છે, પરગુણ પ્રશંસા માટે અમને તમે પહોળું હૃદય આપી દો.

*'પ્રભુ વીર કહે છે' માંથી સાભાર*

# સ્વાધ્યાય

શ્રી સ્વામી ચિદાનંદજી

## આત્મજ્ઞાન પર જીવનનું મંડાણ

તમારી અંદર છુપાયેલા પરમ દિવ્ય પ્રભુના સાક્ષાત્કાર ભણી દોરી જનારા જીવનમાં પ્રવેશ કરનારા તમે સૌ ભાગ્યવંતા કૃતાર્થ આત્મા છો. આ જીવનમાં તમે જે કાંઈ કરો તેમાં એક વાતની ખાતરી કરી લેજો કે એના અધિષ્ઠાનરૂપે આત્મજ્ઞાન હોય. કોઈ ગલત ધારણા કે અજ્ઞાનના પાયા પર જીવનનાં મંડાણ ન થવાં જોઈએ. જો આત્મજ્ઞાન પર જીવન ઊભું થયું હશે તો તમારા માટે દુઃખ-પીડા નહીં રહે. 'હું દિવ્ય છું'-આ સભાનતાને જતી કરી જ્ઞાન મેળવવાની કોશિશ થાય છે ત્યાં જ્ઞાન પર વાદળાં છવાય છે. મહાન ઋષિઓ આને 'અવિદ્યા' અથવા તો અજ્ઞાનતા કે અંધકારરૂપે પણ ઓળખે છે.

ઈન્દ્રિયો દ્વારા જે કાંઈ દેખાય છે તે તમામ નાશવંત છે. એટલે આવી ક્ષણિક ચીજોને જીવનધ્યેય બનાવવું યોગ્ય નથી. આ ભૂલી જવું એ ગેરડહાપણ છે, અજ્ઞાન છે અને અજ્ઞાન જ દુઃખનું કારણ છે. અજ્ઞાનની સ્થિતિમાં નશ્વર ચીજોને શાશ્વત તથા સત્ય માની લઈ જીવનધ્યેય બનાવી બેસીએ છીએ અને પછી એને વળગી પડીએ છીએ. આસક્તિ એ બંધનનું તથા દુઃખનું કારણ છે. આસક્તિ માણસની સમજણ પર, બુદ્ધિ પર છવાઈ જાય છે અને શ્રીમદ્ ભગવદ્‌ગીતા કહે છે તેમ - बुद्धिनाशात् प्रणश्यति । - વિવેકનાશથી માણસનો સર્વનાશ નોતરાય છે.

એટલે તમારા પોતાના સ્વાર્થમાં આ જરૂરી છે કે તમારા હૃદયમાં આત્મજ્ઞાનનાં દૃઢ મંડાણ થાય. પછી પ્રજ્ઞાબુદ્ધિની એ ભૂમિકા પરથી તમારા સ્નેહને સૌ સુધી વિસ્તારો, ચીજવસ્તુઓનો ઉપયોગ કરો, તમારી ફરજો બજાવો, તમારાં કર્તવ્યો અદા કરો, પરંતુ અંદરથી અનાસક્ત રહો. એ તમારી અને ઈશ્વર વચ્ચેની ખાનગી વાત ભલે રહે. બહારથી ભલે તમે સર્વસાધારણ દેખાઓ, પરંતુ અંદરથી એને પાર થઈ જાઓ. અંદરની સ્વસ્થ તથા સંતુલિત દશાની આ સ્થિતિમાં સંસાર પર વિજય મેળવવાની આ જ ચાવી છે. ગીતાએ પણ આ જ 'અનાસક્તિ'નો ચાવીરૂપ સંદેશો આપ્યો છે. આ સભાનતા અને અનાસક્તિમાં દૃઢપણે પ્રસ્થાપિત થઈ આપણે આપણા ધ્યેય પ્રત્યે સીધા પહોંચીએ છીએ, વચ્ચે ક્યાંય આમતેમ આડે રસ્તે ફંટાયા વગર, કોઈ પણ લોભ-લાલચમાં ફસાયા વગર મુકામે પહોંચીએ છીએ. મહાન જગદ્‌ગુરુ ભગવાન કૃષ્ણ એક મોટી બાંહેધરી આપતાં કહે છે કે - ''આમાં ઝાઝા પ્રયાસની જરૂર નથી કે નથી આમાં કશું નુકસાન. આ બાબતનું થોડુંક જ્ઞાન પણ આપણને મહાન ભયમાંથી બચાવે છે.'' (ગીતા ૨/૪૦)

સજગતા-સભાનતાની સ્થિતિ તમારા આખા જીવનને, તમારા સમગ્ર વ્યક્તિત્વને અને તમારાં કાર્યોને સમૂળગાં બદલી નાખે છે અને ભીતર એક ક્રાંતિ સર્જાય છે. જો તમારે તમારી આધ્યાત્મિક યાત્રા પરમ ધ્યેય ભણી નિર્વિઘ્નપણે, કશી રોકટોક વગર નિરંતર ધપાવવી હોય તો આ આંતરિક પરિવર્તન આવશ્યક અને અનિવાર્ય છે. સંસાર સાગર પાર કરવા જ્ઞાન સાચી સમજણ પેદા કરે છે અને યથાર્થ સમજણ અનાસક્તિ પેદા કરે છે અને અનાસક્તિમાંથી સમત્વ જન્મે છે. આંતરિક અનાસક્તિનું આ પરિણામ છે. જીવન પર વિજય સ્થાપવા તમે સભાનતામાં અધિષ્ઠિત થાઓ એવા આશીર્વાદ પરમાત્મા આપે !

'નિત્ય સ્વાધ્યાય'માંથી સાભાર

# હિન્દુ ધર્મ - સનાતન ધર્મ

- શ્રી અરવિંદ

## હિન્દુ ધર્મના ત્રણ પાયા

જો આપણને પૂછવામાં આવે, "પણ છેવટે હિન્દુધર્મ શું છે, તે શું ઉપદેશે છે, તે શું આચરે છે, તેના સર્વ સાધારણ ઘટકો કયા છે ?" તો આપણે એવો ઉત્તર આપી શકીએ કે ભારતીય ધર્મ ત્રણ મૂળભૂત ખ્યાલો, અથવા વધુ સાચું કહીએ તો, સર્વોચ્ચ અને વધુમાં વધુ વિસ્તૃત અનુભવના ત્રણ પાયાનાં તત્ત્વો ઉપર મંડાયેલો છે. પહેલો વિચાર આવે છે વેદોના એક સત્‌નો જેને જ્ઞાનીઓ વિભિન્ન નામો આપે છે, ઉપનિષદોના અદ્વિતીય એવા એકનો કે જે જે કંઈ છે તે બધું જ છે અને જે કંઈ છે તેનાથી પર છે, બૌદ્ધોના નિત્યનો, માયાવાદીઓના નિર્ગુણ બ્રહ્મનો, ઈશ્વરવાદીઓના પરમેશ્વર અથવા પુરુષોત્તમનો કે જે તેની શક્તિમાં આત્મા અને પ્રકૃતિને ધારણ કરે છે-એક શબ્દમાં શાશ્વત, અનન્ત. આ છે પહેલો સર્વસાધારણ પાયો; પરંતુ તેને માનવ બુદ્ધિ દ્વારા ધાર્મિક સિદ્ધાંતોના અનંત વૈવિધ્યમાં અભિવ્યક્ત કરી શકાય અને કરવામાં આવ્યો છે. આ નિત્ય, આ અનંત, આ શાશ્વતને શોધી કાઢવું, તેની પાસે નિકટતાપૂર્વક જવું અને તેની સાથેની જે કોઈ પણ પ્રકારની કે માત્રાની એકતામાં પ્રવેશ કરવો એ તેના આધ્યાત્મિક અનુભવની સર્વોચ્ચ ઊંચાઈ અથવા અંતિમ પ્રયત્ન છે. આ ભારતના ધાર્મિક માનસનો પહેલો સાર્વત્રિક સિદ્ધાંત છે.

આ પાયાને કોઈ પણ સિદ્ધાંતરૂપે સ્વીકારો, આ મહાન ધ્યેયને ભારતમાં માન્ય કરાયેલા હજાર માર્ગોમાંથી કોઈ એક માર્ગે અથવા તેમનાથી ફંટાતા કોઈ નવા માર્ગે પણ અનુસરો અને તમે ધર્મના હાર્દમાં છો કેમ કે તેનો બીજો પાયાનો વિચાર એ છે કે મનુષ્ય એ શાશ્વત અને અનંત પાસે અનેકવિધ માર્ગોએ જઈ શકે છે. એ અનંત ઘણી અનંતતાઓથી સભર છે અને તેમાંની પ્રત્યેક અનંતતા પોતે તે શાશ્વત જ છે. અને અહીં વિશ્વની મર્યાદાઓમાં ભગવાન પોતાનો આવિર્ભાવ કરે છે અને જગતમાં અનેક માર્ગોએ પોતાને પરિપૂર્ણ કરે છે, પરંતુ પ્રત્યેક માર્ગ પેલા શાશ્વતનો માર્ગ છે. કેમ કે પ્રત્યેક સાન્તમાં આપણે અનંતને પામી શકીએ અને બધી વસ્તુઓને અનંતના સ્વરૂપો અને પ્રતીકો રૂપે લઈ આપણે તેની પાસે જઈ શકીએ; બધાં વૈશ્વિક બળો આવિર્ભાવો છે, બધી શક્તિઓ તે એકની શક્તિઓ છે. પ્રકૃતિનાં કાર્યો પાછળના દેવોને એક જ ઈશ્વરની શક્તિઓ, નામો અને વ્યક્તિત્વો રૂપો જોવાનાં છે અને પૂજવાનાં છે. એક અનંત ચિત-શક્તિ, કાર્યકારી ઊર્જા, ઈચ્છાશક્તિ કે નિયમ, માયા, પ્રકૃતિ, શક્તિ અથવા કર્મ બધી જ ઘટનાઓ પાછળ હોય છે, પછી આપણને તે સારાં લાગે કે ખરાબ, સ્વીકાર્ય લાગે કે અસ્વીકાર્ય, ભાગ્યવાન લાગે કે ભાગ્યહીન. અનંત સર્જન કરે છે અને તે બ્રહ્મા છે, ધારણપોષણ કરે છે અને તે વિષ્ણુ છે, વિનાશ કરે છે અથવા પોતાની અંદર લઈ લે છે તે રુદ્ર અથવા શિવ છે. ધારણ અને રક્ષણ દ્વારા કલ્યાણકારિણી પરાશક્તિ ભુવનોની માતા છે અથવા તેનું સ્વરૂપ લે છે-લક્ષ્મી અથવા દુર્ગા. અથવા તો વિનાશના બુરખામાં પણ કલ્યાણકારિણી તે ચંડી છે અથવા કાલી, શ્યામવર્ણી માતા છે. એક જ ઈશ્વર તેના ગુણોના સ્વરૂપ મુજબ વિવિધ નામે અને વિવિધ દેવરૂપે પોતાનો આવિર્ભાવ કરે છે. વૈષ્ણવના ભક્તિના ભગવાન અને શાક્તની દિવ્ય શક્તિના ભગવાન બે જુદા જુદા દેવો ભાસે છે; પરંતુ વાસ્તવમાં તેઓ જુદાં જુદાં સ્વરૂપે રહેલા એક જ અનંત દેવ છે. આમાંના કોઈ પણ નામો કે સ્વરૂપો દ્વારા વ્યક્તિ જ્ઞાન સાથે કે અજ્ઞાનમાં પરમ તત્ત્વની પાસે જઈ શકે છે; કેમ કે તેમના દ્વારા કે તેમનાથી પર થઈને આપણે અંતે પરમ અનુભૂતિ તરફ આગળ વધીએ છીએ.

જોકે એક વસ્તુ નોંધવી જોઈએ કે આધુનિક થયેલા ધર્મવિદો આધુનિક ભૌતિક બુદ્ધિવાદ સાથે એક બૌદ્ધિક સમાધાનરૂપે આ વસ્તુઓને પ્રતીકોરૂપે સમજાવી દેવાનું વલણ ધરાવે છે તેમ છતાં પ્રાચીન ભારતના ધાર્મિક માનસે તેમને માત્ર પ્રતીકોરૂપે નહીં પરંતુ જગતની વાસ્તવિકતાઓરૂપે જોઈ હતી, પછી ભલેને માયાવાદીએ તેમને કેવળ માયાના જગતની વાસ્તવિકતાઓરૂપે જોઈ હોય. કેમ કે સર્વોચ્ચ અકલ્પ્ય દિવ્ય સત અને આપણા અસ્તિત્વની ભૌતિક પદ્ધતિ વચ્ચે ભારતીય આધ્યાત્મિક અને ચૈત્યિક જ્ઞાને બે

અસંબદ્ધ ધ્રુવો વચ્ચે હોય તેવો અંતરાલ નિશ્ચિત કર્યો ન હતો. તે ચેતનાની અને અનુભૂતિની બીજી માનસિક ભૂમિકાઓથી સભાન હતું અને તેને માટે આ અતિભૌતિક ભૂમિકાઓનાં સત્યો ભૌતિક વિશ્વનાં બાહ્ય સત્યો કરતાં ઓછાં વાસ્તવિક ન હતાં. શરૂઆતમાં મનુષ્ય તેની માનસિક પ્રકૃતિ અને વધુ ઊંડી અનુભૂતિ માટેની તેની ક્ષમતા, તેના સ્વભાવ, તેના અધિકાર મુજબ ભગવાન પાસે જાય છે. તે સત્યના કયા સ્તરને, ચેતનાની કઈ ભૂમિકાને આંબી શકે તે નક્કી થાય છે તેના વિકાસની આંતરિક અવસ્થા ઉપર. તેમાંથી આવે છે ધાર્મિક સંપ્રદાયની વિવિધતા; પરંતુ તેની આધારરૂપ સામગ્રી કાલ્પનિક રચનાઓ નથી, ધર્મગુરુઓ કે કવિઓની શોધ નથી, પરંતુ ભૌતિક જગત અને નિર્ગુણ બ્રહ્મના અતિચેતન વચ્ચે રહેલા અતિભૌતિક અસ્તિત્વનાં સત્યો છે.

ભારતીય ધર્મના પાયામાં રહેલો, વધુમાં વધુ જોરદાર અસર કરનારો એક વિચાર આંતરિક આધ્યાત્મિક જીવન માટે સૌથી વધુ ગતિશીલ છે. તે એ છે કે એક બાજુ વૈશ્વિક ચેતના દ્વારા અને સર્વ આંતર અને બાહ્ય પ્રકૃતિને આરપાર ભેદીને પરમતત્ત્વ અથવા ભગવાન પાસે જઈ શકાય છે તો બીજી બાજુ પ્રત્યેક વૈયક્તિક આત્મા તેના પોતાનામાં, તેના પોતાના આધ્યાત્મિક અંશમાં, તે તત્ત્વ અથવા તે પુરુષને પામી શકે છે, કેમ કે તે આત્મામાં એવું કંઈક છે કે જે પેલા એકમાત્ર દિવ્ય અસ્તિત્વ સાથે એક છે અથવા કમ સે કમ તેની સાથે નિકટનો સંબંધ ધરાવે છે. ભારતીય ધર્મનો અર્ક એ છે કે એવી રીતે વિકાસ કરવાનું અને જીવવાનું ધ્યેય રાખવું કે જેથી આ આત્મજ્ઞાનને આપણાં મન અને પ્રાણથી ઢાંકી રાખતા અજ્ઞાનમાંથી વિકાસ દ્વારા આપણે બહાર નીકળી જઈ શકીએ અને આપણી અંદર રહેલી દિવ્યતાથી સભાન બનીએ. આ ત્રણ વસ્તુઓ સંયુક્ત રીતે સમગ્ર હિન્દુ ધર્મ છે, તેનો તત્ત્વાર્થ છે, અને જો કોઈ સિદ્ધાંતની જરૂર હોય તો, સિદ્ધાંત છે. 'હિન્દુ ધર્મ એટલે શું'માંથી સાભાર

## સેવા એ જ જીવન

ગુજરાત દિવ્ય જીવન સંઘ અને દિવ્ય જીવન સંઘ-વડોદરા શાખાએ એક ત્રિ-દિવસીય સાધના શિબિરનું આયોજન માલસર - સત્યનારાયણ મંદિર - નર્મદા તટે ૨૫ વર્ષ પૂર્વે કરેલું. સ્વામી ચિદાનંદજી મહારાજ ડૉ. શિવાનંદ અધ્વર્યુ સાહેબના અમૃત મહોત્સવ માટે રાજકોટ પધારેલા. ત્યાંની પૂર્ણાહુતિ કરી મળસ્કે વડોદરા આવ્યા. પ્રાતઃ કર્મસ્નાન સંધ્યાથી નિવૃત્ત થઈને માલસર આવવા નીકળ્યા. આગળ બે ગાડીઓ તેમાં આયોજકો, યજમાનો, ટ્રસ્ટીઓ હતા. મોટા સ્વામીજીની ગાડીમાં તેઓ પાછલી સીટમાં આરામમાં હતા. આગળ સ્વામી અધ્યાત્માનંદજી અને બ્રહ્મચારી રામસ્વરૂપજી, તેમની પાછળ છેલ્લી અને ચોથી કારમાં સ્વામી ભૂમાનંદજી, સ્વાદીયાકાકા વગેરે.

હવે જે રસ્તે માલસર જવાનું હતું, તે વડોદરાથી ડભોઈ અને માલસર. તે છેલ્લો ટુકડો હજી બંધાતો હતો. તેના પથરા બંને તરફ ઢગલો કરી રાખેલા. એક તો આગળની ગાડીઓ પાછળવાળાનો ખ્યાલ કર્યા વગર ધૂળ ઉડાડતી જતી હતી - વળી, ગાડીઓએ જતાં-આવતાં ઓવરટેક કરતાં આખાયે રસ્તાની બાજુમાં ઢગલાબંધ નાખેલી માટી મેટલ (રસ્તામાં પૂરવાના પથરા) આખાયે રસ્તા ઉપર વિખરાયેલ હતી, તેથી ગાડી ખડબડ ખડબડ ઉપર નીચે થતી હતી. પોઢેલા પ્રભુ જાગ્યા. સ્વામીજી કહે, "ઓજી, ગાડી ખડી કરો" અને કોઈને પણ કશુંયે કહ્યા વગર રસ્તામાં વેરવિખેર થઈને પડેલી મેટલને બાજુના ઢગલામાં મૂકવા માંડી. સ્વામી ચિદાનંદજીની ગાડી થોભી એટલે પાછળની મોટર પણ ઊભી રહી ગઈ. આગળવાળા મિત્રોએ જોયું કે, ધૂળની ડમરી શમી પણ બીજી ગાડીઓ દેખાતી નહોતી તેથી તેઓ પાછા આવ્યા. તેમણે સૌએ ખૂબ જ લજ્જાનો અનુભવ કર્યો. આપણા જીવન પથેથી ગુરુ કંટકો દૂર કરે છે. આપણે ગુરુના માર્ગેથી આ ભૌતિક અડચણો દૂર ન કરી શક્યા. સવારે નાહ્યા-ધોયા હતા, શારીરિક શુદ્ધિ સરળ છે, પરંતુ "મેન્ટલ હાઈજીન"નું શું ?

સ્વામી ચિદાનંદજી તો આ બધાંથી ઉપરામ છે, કોણે શું કર્યું કે ન કર્યું તેનાથી મુક્ત. મારે શું કરવું જોઈએ, તેની જ સજાગતામાં તેઓ જીવે છે. ભૂતની ભૂતાવળથી મુક્ત છે, ભવિષ્યની પળોજણ કરતા નથી. વર્તમાનની પ્રત્યેક પળે દિવ્ય જીવન જીવે છે. સેવા તેમનો જીવનમંત્ર છે, તેથી જ તેઓ નિઃસ્પૃહી છે, તેથી જ સંત છે, તેથી જ ચિદાનંદ છે !!!

- 'અમૃતધારા'માંથી સાભાર

# ભક્તિ યુગ-૩

**- શ્રી સ્વામી સત્યાનંદજી**

[*શ્રી સ્વામી સત્યાનંદ સરસ્વતી (જન્મ ૧૯૨૩) પૂજ્ય ગુરુદેવ સ્વામી શિવાનંદજીના અનન્ય શિષ્ય અને શિવાનંદ આશ્રમના હાલના પ્રમુખ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના ગુરુભાઈ છે. ૧૯૫૬માં તેમણે મુંગેર-બિહારમાં આંતરરાષ્ટ્રીય યોગમિત્રમંડળની સ્થાપના કરી. હાલ તેઓ રિખિયા (બિહાર)માં વસ્યા છે. ઈશ્વર તેમને સુદીર્ઘ નિરામય આયુષ્ય આપે.*]

તમારી હવેની પેઢી સંગીતને ભગવાન તરફ વાળવા માટે તૈયાર થઈ રહી છે. હાલ બધી જગાએ સંગીતનો ખૂબ પ્રચાર થઈ રહ્યો છે. પશ્ચિમમાં જ નહિ, પૂર્વમાં પણ. ફક્ત ભગવાનમાં માનવાવાળા દેશોમાં જ નહિ, પણ સમગ્ર સમાજ અને સંસારમાં વ્યાપ્ત થઈ ગયો છે, આખા વિશ્વમાં પ્રચલિત થઈ ચૂક્યો છે. સાર્વભૌમ થઈ ગયો છે. ફક્ત તેની દિશાને બદલવાની છે. આપણી હવેની પેઢી સંગીતને ફરી પ્રાર્થના, કીર્તન, ભજન અને સંકીર્તનનું રૂપ આપશે. સંગીતના કેટલાંયે સ્વરૂપ હોય છે. સંગીત નાદયોગમાં આવે છે. સંગીતને નાદયોગ કહે છે. નાદ એટલે અવાજ, ધ્વનિ, સ્પંદન. જે ધ્વનિ અતીન્દ્રિય છે, અતિ સૂક્ષ્મ છે, અગોચર છે, તે ધ્વનિ ઉત્પન્ન થાય છે છતાં તેને પકડી શકાતો નથી, સાંભળી શકાતો નથી. આ ધ્વનિને અનાહત-અનહદ નાદ કહે છે. તે ધ્વનિ બધા ધ્વનિઓથી પર છે. બધા ધ્વનિઓનો આધાર છે. આ અનહદ નાદને કાળ અને દેશનાં બંધન છે. જ્યારે તે દેશમાં વ્યક્ત થાય છે ત્યારે સાંભળી શકાય છે. ધ્વનિ-સ્પંદન તો અનંત કાળથી થતું રહે છે, પણ તે કાળના નિયમનની પછી દેશના નિયમનમાં પ્રકટ થાય છે.

કીર્તન એક એવી ચીજ છે જે સમસ્ત સંસારમાં બધાને પ્રિય છે. ઓસ્ટ્રેલિયાના લોક કીર્તન કરે છે, ઘણો આનંદ મેળવે છે. નાનાં નાનાં બાળકો મળી નામ-સંકીર્તન કરે છે. ઓસ્ટ્રેલિયાનું કીર્તન જીવનથી ભરપૂર હોય છે. ભગવાનનું નામ જ્યારે એક સાથે લેવામાં આવે છે ત્યારે તેને કીર્તન કહે છે. કીર્તન કલિયુગનું ઈશ્વરપ્રાપ્તિનું મુખ્ય સાધન છે. જુદા જુદા યુગોમાં અલગ અલગ સાધન હોય છે. યજ્ઞ, તપસ્યા, યોગ, ત્યાગ વગેરે. આ કલિયુગમાં આ બધું થઈ શકતું નથી, મન ભટકી જાય છે, સ્થિર રહેતું નથી. ત્યાગ કરો, તપસ્યા કરો તો વ્યક્તિ બીમાર થઈ જાય છે. યજ્ઞ કરવામાં એટલો સમય જાય છે કે પછી નોકરી કોણ કરશે, દુકાન કોણ ચલાવશે ? આ યુગમાં 'નામ-સંકીર્તન' જ ઈશ્વર પ્રાપ્તિનું મુખ્ય સાધન છે.

કલિયુગમાં ફક્ત ભગવાનના નામનો આધાર છે. આ યુગ ખૂબ અટપટો-જટિલ છે. તનાવોથી ભરેલો છે અને આ યુગમાં અનેક સાધનાઓ કરવી ખૂબ કઠણ છે. શારીરિક સ્વાસ્થ્ય માટે આસન, પ્રાણાયામ, નેતિ, ધૌતિ કરવા બરાબર છે, પણ ઈશ્વર-સાક્ષાત્કાર માટે દિવ્ય જીવન માટે બધી સાધનાઓ બિનજરૂરી થઈ ગઈ છે, કારણ કે તે કઠિન છે. આપણે માટે ફક્ત એક સાધના બચી છે અને તે છે ભગવાનના નામનું સંકીર્તન કરવું.

નામ-સંકીર્તન એ ઈશ્વરના નામનું ગાન છે તે એકવીસમી સદીનો યોગ કે ધર્મ છે. સમગ્ર સંસારના લોક-પછી તેમની રાષ્ટ્રીયતા, સંસ્કૃતિ, રંગ, ધર્મ, પંથ વગેરે ભલે ગમે તે હોય- નામ-સંકીર્તનમાં આનંદ લેશે. લોકો પારિવારિક સ્તર પર તથા સામુદાયિક સ્તર પર સેંકડો-હજારોની સંખ્યામાં એકત્ર થઈને કીર્તન કરશે. ઈશ્વરનું નામ લેવાથી શારીરિક, માનસિક અને સામાજિક બીમારીઓનું નિવારણ થાય છે. આ સદીમાં આપણે શા માટે દુ:ખ ભોગવી રહ્યા છીએ ? એટલા માટે કે આ સદીમાં ભોગ, ભૌતિકતા અને ભૌતિક સુખોની પ્રધાનતા રહી છે. સમસ્ત સંસારમાં રાજનીતિ, ભૌતિકતા તથા ભૌતિક ઈચ્છા, મહત્ત્વાકાંક્ષાનું જ મહત્ત્વ રહ્યું છે. જો તમારા મનમાં સાઈકલ, મોટરસાઈકલ કે કાર લેવાની ઈચ્છા હોય તો તમે સદૈવ તેના વિશેના જ વિચાર કરતા રહો છો. આ નથી વ્યક્તિગત શાંતિનો માર્ગ કે નથી વિશ્વશાંતિનો માર્ગ. તમે આંતરરાષ્ટ્રીય સંમેલનો દ્વારા વિશ્વશાંતિ સ્થાપિત કરી શકતા નથી. જો પ્રત્યેક વ્યક્તિ એક જ્યોતિ પ્રગટાવશે તો સમસ્ત સંસાર પ્રકાશિત થઈ જશે.

આવતી સદીમાં પ્રત્યેક વ્યક્તિ, સમસ્ત સમાજ અને બધા વૈજ્ઞાનિક ગીત-સંગીતમાં રસ લેશે. જે વૈજ્ઞાનિક આણ્વિક, પરમાણ્વિક પદાર્થવિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રયોગ કરી રહ્યા છે; તેઓ ભક્તિ પર પ્રયોગ કરવા લાગશે અને તમે નહિ ઈચ્છો તો પણ તમારાં બાળકો કીર્તન કરશે.

સમય બદલાઈ રહ્યો છે, મોસમ બદલાઈ રહી છે, ભૌતિકતાની મોસમ પૂરી થઈ રહી છે અને ભક્તિની મોસમ ફરી આવી રહી છે. શિયાળા પછી ઉનાળો આવે છે અને તમે તમારાં સ્વેટર વગેરે ઉતારી નાખો છો. ઉનાળા પછી શિયાળો આવે છે અને તમે તમારાં સ્વેટર વગેરે ફરી પહેરવા માંડો છો. આમ ભૌતિકતાની મોસમ, ભૌતિકતાનો યુગ સમાપ્ત થઈ રહ્યો છે. લોકો તેનાથી તંગ આવી ગયા છે. આ સંસ્કૃતિથી લોકોમો મોહભંગ થઈ ગયો છે. તેઓ નિરાશ, હતોત્સાહ અને કુંઠિત થઈ ગયા છે. એટલા માટે

**કલિયુગ જોગ ન જગ્ય ન ગ્યાના★ ।**
**એક અધાર રામ ગુન ગાના ॥**

ભવિષ્યમાં તમે એક સરળ, સહજ, શાંતિમય જીવન જીવવાનું પસંદ કરશો. આધુનિક શહેરી જીવનમાં આપણને શું મળી રહ્યું છે ? ચારે બાજુ ઝૂંપડાં, ગંદા વસવાટ. એક ઓરડામાં કે નાના શા ફ્લેટમાં રહેવાનું હોય છે. સામે જ ગટર વહેતી હોય છે. તેના કરતાં તો ગામની ઝૂંપડી અને બે રોટલી વધુ સારી. પત્ની સાંજે જમ્યા પછી એક છાબડીમાં સામાન રાખીને અંદર મૂકી દે છે. ચોખ્ખાઈ છે, શાંતિ છે. રાત્રે ખોટો ઘોંઘાટ હોતો નથી. ધ્વનિ પ્રદૂષણ, સામાજિક પ્રદૂષણ કે વાયુ પ્રદૂષણની સમસ્યા નથી. આજની સભ્યતાએ તમને શું આપ્યું તે જણાવો ? ગંદકી, ભીડ, એકબીજા પ્રત્યે વિશ્વાસનો અભાવ, ખંડિત પરિવાર, ચિંતા અને ગભરામણ જ ને ? પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ વ્યક્તિ પણ પ્રતિયોગિતા પરીક્ષા, ઈન્ટરવ્યૂ આપવામાં કે ખેલ-કૂદમાં ભાગ લેતાં ગભરાય છે. ચિંતા અને ગભરામણ આજની સંસ્કૃતિ બની ગયાં છે, અને છેવટે તે માનસિક રોગોનું રૂપ લે છે.

આમ આવતી સદી માટે ફક્ત ભગવાનના નામનું ભજન કરવાનું જરૂરી છે. હવે યજ્ઞ વગેરે તો કોઈનાથી થઈ શકવાના નથી. આજે તો સાધુ-મહાત્માઓ પણ યજ્ઞ કરી શકતા નથી. સાધુ-મહાત્મા પણ આપણો જ માલ છે - આપણામાંથી ઊતરી આવેલા છે. તમારા પુત્ર જ સાધુ-મહાત્મા બનવાના છે. એટલે જેવા તમે તેવો તમારો માલ એ સમજી લેવાની જરૂર છે. તે સાધુ-મહાત્માઓથી પણ હવે તપ થવાનું નથી. એક દિવસનો ઉપવાસ પછી તેઓ કહેશે કે પેટમાં વાયુ ભરાઈ ગયો છે, એસિડિટી થઈ ગઈ છે. થોડુંક માથું દુઃખતાં જ તેમને માટે ડૉક્ટર બોલાવવો પડે છે. હવે તે પુરાણો 'માલ' પૂરો થઈ ગયો છે.

આવનારી પેઢી, આવતી સદીની પેઢી ભક્તિયોગની પેઢી છે, રાજયોગની નહિ, જ્ઞાનયોગની પણ નહિ, આવતી પેઢી છે ભક્તિયોગની. આ યુગમાં માણસે પોતાની ભાવનાઓનો ખૂબ વિકાસ કરી લીધો છે. તમારી ભાવનાઓ કુંઠિત નથી, અવરુદ્ધ નથી, એવું બને કે થોડીક વિકૃત હશે, પણ જે કંઈ હશે તેની અભિવ્યક્તિ-સ્પષ્ટતા કરવામાં આવે છે. તે સ્પષ્ટ ભાવનાઓના પ્રવાહને ભગવાનની તરફ વાળવાની છે.

જે ભાવના શત્રુ તરફ જાય તે વેર ભાવના, જે સ્ત્રી તરફ જાય તે કામ ભાવના, જે ધન તરફ જાય તે લોભ ભાવના. આ બધી ભાવનાઓ ભગવાન તરફ ફેરવાય તેને ભક્તિ ભાવના કહેવાય છે.

ભક્તિ-ભાવમાં બીજી કોઈ વસ્તુની જરૂર નથી. ભક્તિ માટેની વસ્તુમાં ઘૃણા પણ હોય છે. કોઈ વ્યક્તિની તમે ઘૃણા કરો છો, ચોવીસે કલાક તેનો ખ્યાલ રહે છે, મનમાં, મગજમાં તે રહે છે, ખાતાં-પીતાં, સૂતાં, બેસતાં, મનમાંથી હઠતો જ નથી, તે જ પ્રમાણે ભક્તિ-ભાવનામાં પણ ભગવાનનું સ્મરણ એવું થવું જોઈએ કે ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં રામજીની યાદ રહ્યા કરે. બધું જ થાય છે પણ આ થતું નથી. એટલા માટે, રાવણે જોયું કે શબરીની ભક્તિ તો પોતે કરી શકે તેમ નથી, હનુમાન જેવી ભક્તિ પણ પોતાનાથી કરવી શક્ય નથી, સુગ્રીવવાળી ભક્તિ પણ તેને માટે શક્ય નથી. સૌથી સારી ભક્તિ છે વેરભક્તિ. ભગવાનની સાથે વેર કરો અને સીતાજીને કોઈ બહાને ઉઠાવીને

★ કળિયુગમાં યોગ, યજ્ઞ અને જ્ઞાન શક્ય નથી

લઈ જાઓ. પોતાનું કલ્યાણ થઈ જશે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે :

**કામં ક્રોધં ભયં સ્નેહમૈક્યં સૌહૃદમેવ ચ ।**
**નિત્યં હૃદિ વિદધતો યાન્તિ તન્મયતાં હી તે ॥**

પ્રભુ પ્રેમના અનેક માર્ગ છે. પ્રભુ પ્રત્યે કામીનો ભાવ-રાગ પણ હોઈ શકે. ગોપીઓનો ભાવ પ્રભુ પરાયણતાનો હતો. મીરાંનો ભાવ મેરે તો ગિરધર ગોપાલ હતો. અહીં કામ એટલે વાસના એવો અર્થ નથી. પ્રભુ પ્રત્યેનું આત્મસમર્પણ છે. પ્રભુ ઉપર ક્રોધ હિરણ્યકશ્યપુને હતો તો કંસને શ્રીકૃષ્ણનો ભય હતો. યશોદાનો પ્રેમ સ્નેહપાશમાં બંધાયેલો હતો. તો વિદુર-પત્નીનું ઐક્ય અને તાદાત્મ્ય શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. અર્જુનની પ્રભુપરાયણતા સુહૃદમૈત્રીની હતી. આમ કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય કે સુહૃદતાની કોઈ પણ પ્રકારની અનન્ય ભક્તિ સદા વ્યાધિ મુક્ત અને પ્રભુપ્રેમના સાતત્યને આપે જ છે.

રાવણને માટે વેરભક્તિ જ સરળ હતી. પણ આ વેરભક્તિ બધાંને માટે સરળ હોતી નથી. દુનિયામાં બે પ્રકારની ભક્તિ ખૂબ કઠિન હોય છે - એક તો છે વેરભક્તિ અને બીજી છે માધુર્યભક્તિ, કાન્તાભાવ, જે રાધા-કૃષ્ણમાં હતો, જે મીરાંનો કૃષ્ણ પ્રત્યે હતો. 'જાકે સિર મોર મુકુટ મેરો પતિ સોઈ।' મીરાં તો ભગવાનને પોતાનો પતિ માનતી હતી. આ માધુર્યભાવની ભક્તિ બધાને પ્રાપ્ત થતી નથી, કોઈ કોઈને પ્રાપ્ત થાય છે. દાસ્યભક્તિ બધાને પ્રાપ્ત થઈ શકે છે. દાસનો અર્થ છે સેવક. તે અમારા સ્વામી છે અને હું તેમનો સેવક છું. તેઓ મને જે કરવાનું કહેશે તે જ હું કરીશ. તેઓ જે આદેશ આપશે તે જ હું કરીશ. હું તેમના હાથોમાં છું, તેમના હુકમનો બંદો છું.

**યહ અભિમાન જાય નહીં મોરે ।**
**મૈં સેવક રઘુપતિ પતિ મોરે ॥**

દાસ્યભક્તિ ખૂબ સરળ અને મળવી સહેલી પણ છે. જો તે પણ શક્ય ન હોય તો તે સિવાય એક બીજી ભક્તિ પણ છે, આત્મનિવેદન ભક્તિ-

**મો સમ કૌન કુટિલ ખલ કામી ।**
**જિન તનુ દિયો તાહિ બિસરાયો ઐસો નમક હરામી ।**

મારા જેવો દુષ્ટ, કુટિલ અને બદમાસ બીજો કોણ છે ? પોતાના પિતાનો હું નાલાયક બેટો છું. તેમને ઠગવા માટે હું દરરોજ 'જય જગદીશ હરે' ગાઉં છું. ડરનો માર્યો ફૂલોની માળા પણ તેને ચઢાવી દઉં છું. વિચારું છું કે હું તો નહિ જાઉં તો તે મને વિધવા બનાવી દેશે. વિધુર બનાવી દેશે, નિઃસંતાન બનાવી દેશે. એટલે ડરને લીધે જાઉં છું. જુઓ, હું કેટલો નાલાયક બેટો છું. પણ જેવો છું તમારો જ છું ને. પુત્ર ભલે કુપુત્ર થઈ જાય માતા કુમાતા થતી નથી.

**કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા ન ભવતિ ।**

આ પણ એક ભક્તિ છે, પણ ઠીક લાગે તો કરો. હું કોઈ માટે લાયક નથી. સાધુ-મહાત્મા લોકોની પાસેથી મેં તારું નામ સાંભળ્યું છે. તે લોકો તમારા મોટા નામનું ગાન કરે છે. રામાયણ, ગીતા, ગુરુગ્રંથ સાહેબ, કુરાન અને બાઈબલમાં તારા જ નામનું ગાન કરવામાં આવ્યું છે. તે સાચું હશે પણ મને મારા દીકરામાં જ વધારે મન લાગે છે, પતિમાં પણ ઘણું મન લાગે છે. દેખાવ અને ઠઠારામાં પણ વધારે મન જાય છે, મજામાં મન લાગે છે, બીજાઓ પર ફરિયાદ કરવામાં ખૂબ મજા આવે છે, બીજાનું બગાડવાનું મન થાય છે પણ તારી તરફ મન લાગતું જ નથી. જ્યારે પણ પૂજા કરવા માટે બેસું ત્યારે શરીર અહીં રહે છે અને મન બીજે ચક્કર લગાવે છે. હું ઈચ્છું છું કે મન એકાગ્ર થાય, પણ મન એકાગ્ર થતું જ નથી. હું તમારા લોકોની વાત પૂછું છું. એવું જ બને છે ને ? ગીતામાં અર્જુને ભગવાન કૃષ્ણને કહ્યું છે.

**ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્ ।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્** ॥ ૬-૩૪ ॥

હે કૃષ્ણ ! આ મન ખૂબ ચંચળ, બળવાન, વિહ્વળ કરનાર અને દૃઢ છે. આથી મનનો નિગ્રહ વાયુની માફક હું અતિ મુશ્કેલ માનું છું.

તમે તમારી જાતની ઘૃણા ન કરો. તમારા જીવન સંબંધી તમારી અંદર જેટલી કામનાઓ છે તેને પૂરી રીતે કાઢીને ફેંકી દો. જ્યારે તમારું મન આ રીતે શુદ્ધ થાય ત્યારે ફરીથી કહો - મારા ભગવાન ! હું જેવો છું તેવો તારો છું ! પછી ભલે કપટી હોઉં, ધૂર્ત હોઉં, દુરાચારી હોઉં, બેકાર હોઉં, પાપી હોઉં, ચોર-ડાકુ હોઉં, ગમે તેવો હોઉં પણ તારો છું. 'भक्ति युग'નું સાભાર ભાષાંતર

## દિવ્ય સંકલ્પની જાણકારી

ક્વેકર નામથી જાણીતા સમાજના કેટલાક સભ્યો દિલ્હીથી ગુરુદેવને મળવા આવ્યા. સત્સંગ સમયે, ગુરુદેવના આદેશથી, સ્વામી સદાનંદજીએ ક્વેકર પ્રવૃત્તિની શરૂઆત અને વિકાસનો ખ્યાલ આપી તેના જ આદર્શોનો દિવ્ય જીવન સંઘે ઉપયોગ કરી ગુરુદેવના ઉપદેશો- સેવા કરો, પ્રેમ કરો, આપો, વિશુદ્ધ બનો, ધ્યાન ધરો, સાક્ષાત્કાર પામો, ભલા બનો, ભલું કરો, માયાળુ બનો, કરુણાળુ બનો, હું કોણ છું ?ની પૃચ્છા કરો, પોતાને ઓળખો અને મુક્ત બનો-તે દર્શાવતું લાંબું અને પ્રબોધન કરતું પ્રવચન આપ્યું. ક્વેકર મિત્રોએ પ્રવચનને ખૂબ વખાણ્યું અને સત્સંગ પૂરો થયા પછી તેઓએ સ્વામી સદાનંદજીને પૂછ્યું : "આપણી ઈચ્છા ઈશ્વરની ઈચ્છા સાથે એકરૂપ છે કે કેમ તે કેવી રીતે જાણી શકાય ?"

ગુરુદેવ પાસે જ બેઠા હતા. તેમણે પ્રશ્ન સાંભળી જવાબ આપ્યો : "આત્મશુદ્ધિ દ્વારા આપણે ઈશ્વર બનીએ તો. જ્યાં સુધી આપણે વિશુદ્ધ બની દિવ્ય ન બનીએ ત્યાં સુધી આપણે દિવ્ય ઈચ્છા જાણી શકીએ નહિ અને ત્યાં સુધીની આપણી તેના વિશેની વાત ફક્ત બજારુ વાત ગણી શકાય."

## સાચી દિવ્ય કૃપા

આજે ગુરુદેવના દર્શન માટે આવેલા મુલાકાતીઓમાં એક યુવાન બહેન પણ હતાં. તેમના પતિનું છ માસ પહેલાં અવસાન થયું હતું. હજી સુધી તેમના પતિના અવસાનના બનાવથી ખૂબ દુ:ખી હતા; તેમના મનનું સમાધાન થયું ન હતું. તે વીણાવાદનમાં પારંગત હોવા છતાં તેમણે વીણા વગાડવાનું છોડી દીધું હતું.

ગુરુદેવે તેમના મનનું સમાધાન કરતાં કહ્યું : "સુખી રહો. ઈશ્વર જે કંઈ કરે છે તે તેના ભક્તના ભલા માટે જ કરે છે. હું તમને એક નાની વાર્તા કહીશ. એક પૈસાદાર માણસ હતો. તે લાખોપતિ હતો. તે અધાર્મિક અને અભિમાની હતો. એક વખત ભગવાન કૃષ્ણ અને અર્જુન તેને મળવા ગયા. તેમનો અસંસ્કારી રીતે સત્કાર થયો. ભગવાને તેને થોડાક સમયમાં કરોડપતિ થવાનો આશીર્વાદ આપ્યો. પછી કૃષ્ણ એક ગરીબ ભક્તને ત્યાં ગયા. તેણે તેમનો ખૂબ ભક્તિપૂર્વક આદરસત્કાર કર્યો. ભગવાને તેને શ્રાપ આપ્યો કે તેની એકની એક ગાય ટૂંક સમયમાં મરી જશે. જ્યારે અર્જુને ભગવાનને તેમને આવી વિચિત્ર વર્તણૂક માટે પૂછ્યું ત્યારે ભગવાને કહ્યું કે પૈસાદાર માણસ વધુ પૈસાદાર થતાં વધુ અહંકારી થશે અને પરિણામે તેને ખૂબ દુ:ખ સહન કરવું પડશે. આથી તેનું મન ઈશ્વર તરફ વળશે. પેલો ગરીબ માણસ ભગવાનનો પરમ ભક્ત હતો, પણ તેનામાં એક જ મોટો અવરોધ હતો અને તે હતો ગાય પ્રત્યેની આસક્તિ. ગાયના મરણથી તે અવરોધ દૂર થતાં તેનું મન હવે સીધું ભગવાનને લાગશે અને શાશ્વત પરમ સુખનો ભાગી થશે. આમ, ભગવાન તેના ભક્તોને જલદી પાછા બોલાવવા ઈચ્છે છે, માટે તે તેમની બધી માલમિલકત અને સાંસારિક આનંદના સ્રોતો દૂર કરે છે."

"તારી જાતને વીણાવાદનમાં તલ્લીન બનાવી દે અને ઈશ્વર સાથે જોડાણ કર. સંગીત એ ઈશ્વરને પામવાનો પવિત્ર માર્ગ છે. કીર્તન કરો, જપ કરો, ભજન કરો. જો તું ગંગાના કિનારા પર ભજન કરીશ તો તારાં બધાં પાપો અને શોક અદૃશ્ય થઈ જશે."

ગુરુદેવના આદેશને માન આપીને તે બહેને એક ભજન ગાયું.

## પરમ વાણી

- એઈલીન કેડી

તમે જીવ્યાં હો એવા કોઈ પણ દિવસ કરતાં આજના દિવસને વધુ અદ્‌ભુત બનાવવાનું તમારા હાથમાં છે - તમારા યોગ્ય વલણ થકી, તમારા વિધેયાત્મક વિચાર થકી. આજના દિવસને મારા દિવસ તરીકે જુઓ, મારા પૂર્ણ આશીર્વાદ પામેલા દિવસ તરીકે અને નિરાશાના એક પણ વિચારથી એને વિરૂપ કર્યા વિના એને તમારે માટે સંપૂર્ણતામાં પૂરો ઊઘડતો જુઓ. આજનો દિવસ જે કાંઈ પણ લાવે, તેના વિશે તમારે નિરાશ શા સારુ થવું જોઈએ ? યાદ રાખો કે એ પૂરી રીતે તમારા નિયંત્રણમાં છે. પરિસ્થિતિના સ્વામી તમે છો, એટલે એ કેવી રીતે પ્રાગટ્ય પામે છે એનો આધાર તમારી પર છે. તમારી સમક્ષ કોઈ સમસ્યા હોય તો જાણો કે તેનો જવાબ છે. સમસ્યાથી તમારી જાતને દબાઈ ન જવા દો. એને ઉપર ચડવાના પગથિયા તરીકે જુઓ, એને એક પડકાર તરીકે જુઓ અને ઉકેલ એની મેળે જ નજરે ચડશે. સમસ્યાને તમારા પર કદી, કદી નિયંત્રણ મેળવવા દેતાં નહિ. તમારે એ કરવાનું જ છે. તમારે વિધેયાત્મક રીતે વિચારવા માટે, વિશાળતા વિચારવા માટે, સફળતા વિચારવા માટે પ્રયત્ન કરવાનો છે અને પછી તમે એ એક એક પગલે બનતું આવે તે નિહાળજો.

# યોગ એ જ જીવન

- શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

*[ન્યૂયોર્ક (અમેરિકા)થી 'ગુજરાત ટાઈમ્સ' નામનું સાપ્તાહિક પ્રગટ થાય છે તેના મેગેઝિન વિભાગ સપ્તકમાં પૂ.સ્વામીજી લિખિત 'યોગ એ જ જીવન'ની લેખશ્રેણી પ્રગટ થાય છે. તેમાંથી નીચેનો લેખ આપણે 'દિવ્ય જીવન'માં સાભાર લઈએ છીએ. -સંપાદક]*

## ભસ્ત્રિકા પ્રાણાયામ

*(**ચેતવણી :** જેમનું હૃદય નબળું હોય, હૃદયની કોઈ પણ પ્રકારની બીમારી હોય, હાઈ-ડાયાબિટીસ કે સિવિયર અસ્થમેટિક દર્દીઓએ ભસ્ત્રિકા પ્રાણાયામ ડૉક્ટર અને નિષ્ણાત યોગગુરુની પાસે જ બેસીને કરવો.)*

*સંસ્કૃતમાં ધમણને ભસ્ત્રિકા કહેવામાં આવે છે. ધમણની જેમ જોરજોરથી શ્વાસ લેવો અને બહાર કાઢવો એ આ પ્રાણાયામનું ખાસ લક્ષણ છે. લુહારની ધમણની માફક ભસ્ત્રિકા પ્રાણાયામમાં ઝપાટાબંધ અને તાલબદ્ધ શ્વાસ લેવામાં આવે છે.*

*ભસ્ત્રિકા પ્રાણાયામના અભ્યાસ માટે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન, વજ્રાસન કે સુખાસનમાં બેસી શકાય. માથું, ધડ અને છાતી સીધાં રાખવાનાં. ('સમં શિરોગ્રીવા કાયમ્') મોઢું બંધ રાખવાનું. લુહારની ધમણની જેમ ઝપાટાબંધ વીસ વાર જલદી જલદી જોરથી શ્વાસ લેવાના અને છોડવાના. શ્વાસ લઈએ ત્યારે પેટને ફુલાવવાનું અને છોડીએ ત્યારે તેમાં પૂરેપૂરું સંકોચન પણ કરવાનું.*

*આ પ્રાણાયામના અભ્યાસ સમયે સર્પના ફૂંફાડા જેવો અવાજ નીકળશે. અભ્યાસ કરતી વખતે આંખો બંધ રાખવી. આમતેમ ચકળવકળ જોવું નહિ. રમતિયાળ વૃત્તિ રાખવાની નથી. ગંભીર રહેવાનું છે. તેમ ઉદાસ, નિરાશ કે ખિન્નભાવ પણ કેળવવાનો નથી. અંતસ્તરને આનંદિત અને પુલકિત રાખવાનું છે. અભ્યાસના સમયે દરેક શ્વાસ લેતાંની સાથે જ છોડી દેવાનો છે. પૂરક અને રેચક વચ્ચે કુંભક કરવાનો નથી. આરંભમાં આવાં વીસ બહિષ્કરણનું જ એક આવર્તન કરો. શ્વાસની આવન-જાવનનાં આવાં વીસ આવર્તન (સ્ટ્રોક્સ) પૂરાં થાય ત્યારે ધીરેથી એક ઊંડો શ્વાસ લેવાનો. દીર્ઘ કુંભક કરવાનો. જેટલી વાર સુધી શ્વાસને અંદર રોકી શકાય (કોઈ પણ પ્રકારની તકલીફ વગર) તેટલી વાર શ્વાસ રોકવો. આ શ્વાસને રોકતી વખતે હડપચી (Chin)ને ઢૂકીને કંઠકૂપમાં દબાવો અને જાલંધરબંધ કરો (યુગો પૂર્વે ગોરખનાથ, જાલંધરનાથ વગેરે યોગીઓ થયેલા. તેમાંના આ જાલંધરનાથ દ્વારા સંશોધિત જાલંધર બંધ છે. કુંભક જ છે. A way of Retention of the breath). શ્વાસ રોકવામાં બહુ બળજબરી કરવી નહિ.*




*ઊડઝૂડિયાવેડા તો કદીય ન કરવા. પ્રત્યેક પ્રાણાયામના આવર્તનનો અભ્યાસ આનંદ અને ઉત્સાહપૂર્વક કરવો. ઝપાટાબંધ શ્વાસ લેતી અને છોડતી વખતે ખભા ઉલાળવા નહિ. શરીર સ્થિર રાખવું. ઘોડેસવારની માફક કમર ઊંચીનીચી કરવી નહિ કે ભૂવાઓની માફક ધૂણવું નહિ. શરીર સ્થિર અને સીધું રહેશે, પરંતુ પેટનો ભાગ ધમણની માફક અંદરબહાર જશે. ડાયાફ્રામની ગતિ પણ ઉપર અને નીચે થશે. આમ થવાથી શ્વસનતંત્રમાં અદ્‌ભુત જાગૃતિ આવે છે. ફેફસાંમાં શ્વાસ લઈને જતી પ્રમુખ શ્વાસનળી બ્રોન્કિયલ ટ્યૂબથી આરંભીને તેના નાનામાં નાના અંતઃસ્થ વિભાજન સુધી અને ફેફસાંનાં ઝીણામાં ઝીણાં પ્રકોષ્ઠો સુધી આ પ્રાણવાયુની પહોંચ થતાં, તેની સાથે સંકળાયેલી રક્તશુદ્ધીકરણની પ્રક્રિયા અદ્‌ભુત રીતે થાય છે; જે સુખદ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને પ્રત્યેક શારીરિક પ્રક્રિયાઓ, જેવી કે રુધિરાભિસરણ, શ્વસનતંત્ર, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર, પ્રજનનતંત્ર, સંવેદનતંત્ર વગેરેની કાર્યક્ષમતામાં ધરખમ સુધારો કરે છે. ફેફસાંનો પોતાનો વ્યવહાર અત્યંત સુચારુરૂપે કાર્યાન્વિત થાય છે. રક્તશુદ્ધીકરણ ફેફસાંમાં જ થાય છે. સમગ્ર શરીરની ચેતનાનું કેન્દ્ર આ ફેફસાં જ છે. બાળકનો*

# પરમ પૂજ્ય ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મહાસમાધિ - જળસમાધિયાત્રાનાં દર્શન



દેહરાદૂન ખાતે



સમાધિમંદિરમાં આગમન પ્રસંગે આરતી

## સમાધિમંદિર ખાતે ભક્તોના અંતિમ દર્શનાર્થે













૧૭ દિવ્ય જીવન ❖ વર્ષ ૫ ❖ અંક : ૯ ❖ સપ્ટેમ્બર-૨૦૦૮

# શિવાનંદ આશ્રમ, હૃષીકેશ પરિસરમાં યાત્રા











૧૮ દિવ્ય જીવન ❖ વર્ષ ૫ ❖ અંક : ૯ ❖ સપ્ટેમ્બર-૨૦૦૮



વેદોક્ત મંત્રોચ્ચાર સાથે અંતિમ અભિષેક, અર્ચના-સ્નાન



અંતિમદર્શન



જળસમાધિ અર્થે સુશોભિત નૌકા, વિશ્વનાથ ઘાટે ઊમટેલ ભક્તો





જળસમાધિ પૂર્વે શિવાનંદ જયઘોષ “ૐ નમો ભગવતે શિવાનંદાય”



૧૯ દિવ્ય જીવન ❖ વર્ષ ૫ ❖ અંક : ૯ ❖ સપ્ટેમ્બર-૨૦૦૮

## પરમ પૂજ્ય શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજની મહાસમાધિ નિમિત્તે
## શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે આયોજિત પ્રાર્થનાસભા



શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે ગુરુદર્શન



મહામંડલેશ્વર શ્રી સ્વામી કલ્યાણાનંદજી મહારાજ (ભારતી આશ્રમ, સરખેજ)



પરમ પૂજ્ય શ્રી સ્વામી ચિદિતાનંદજી મહારાજ (તત્ત્વતીર્થ, અમદાવાદ)



પૂજ્ય શ્રી ઈશ્વરચરણદાસ સ્વામી (બી.એ.પી.એસ., કન્વીનર)



પૂજ્ય શ્રી પ્રશાંતસ્વરૂપ સ્વામી (શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર)



પૂજ્ય શ્રી બ્રહ્મવિહારી સ્વામી (બી.એ.પી.એસ.)



પૂજ્ય શ્રી આત્માનંદજી (શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક કેન્દ્ર, કોબા)



શ્રી ભાગવતઋષિ (ભાગવત વિદ્યાપીઠ, સોલા)



ગોપાલબાપા (અનુપમ મિશન, મોગરી)



શ્રી કૌશિકભાઈ મહેતા (મહામંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ, ગુજરાત)



ગુરુસ્તુતિ કરતાં આશ્રમના ટ્રસ્ટી શ્રી મફતભાઈ પટણી



પ્રાર્થનાસભાનું સંચાલન કરતા આશ્રમના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝા અને આભારદર્શન કરતા શ્રી પીયૂષભાઈ દેસાઈ (વાઘબકરી ચા) ભાવમગ્ન મુમુક્ષુઓ



૨૦ દિવ્ય જીવન ❖ વર્ષ ૫ ❖ અંક : ૯ ❖ સપ્ટેમ્બર-૨૦૦૮

જન્મ થાય ત્યારથી મૃત્યુ પર્યંત શરીરનો કોઈ સાથ નિભાવતું હોય તો તે એક આ પ્રાણ જ છે. પ્રાણથી જ સમગ્ર શરીરની ચેતના કાર્યાન્વિત થાય છે તેથી ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ સમગ્ર શરીરતંત્રના સુચારુ કાર્યવહન માટે ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

ખાસ કરીને ફેફસાંમાં થતા રોગો સામે પ્રતિકાર કરવા અથવા તો આવા કોઈ રોગો ન થાય તે માટે ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ અમોઘ ઉપાય છે, પરંતુ જ્યારે રોગ તેની ચરમસીમામાં હોય ત્યારે ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ દુષ્કર છે. મુશ્કેલ પણ છે. આવા સંજોગોમાં આરંભ ઉજ્જયી પ્રાણાયામથી કરવો જોઈએ. પછી ધીરે



ધીરે જ્યારે શ્વસનક્ષમતા વધે ત્યારે કપાલભાતિનો અભ્યાસ કરવો જોઈએ, જ્યારે શ્વસનક્ષમતા વધુ સક્ષમ બને ત્યારે જ ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ.

આરંભમાં વીસ સ્ટ્રોકનું એક આવર્તન કરવું, પછી કાળક્રમે કરીને ધીરે ધીરે તેને વધારીને નિર્ભયપણે એંશી (૮૦) સુધી વધારી શકાય. જેમને હાઈ માયોપિયા હોય કે હાર્ટની કોઈ ખાસ ગંભીર તકલીફ હોય, સ્ત્રીઓ ગર્ભવતી કે માસિકમાં હોય, જેમને સર્વાઈકલ સ્પોન્ડિલોસિસ હોય તેમણે ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ કરવો જ નહિ, તેમણે ઉજ્જયીનો જ અભ્યાસ કરવો.

આરંભમાં વીસ વીસ સ્ટ્રોક્સનાં ત્રણ આવર્તન કરવાં. દરેક આવર્તન પછી જાલંધરબંધ અવશ્ય કરવો. જાલંધરબંધને છેડે ઊંડો શ્વાસ (Deep Breathing) લેવો. ત્યાર પછી નવું આવર્તન આરંભ કરવું. આ સ્ટ્રોક્સ ધીરે ધીરે વધારીને એકસો, દોઢસો, બસો, બસો પચાસ યા ત્રણસો જેટલા કરી શકાય. જો ત્રણ ત્રણસોનાં ત્રણ આવર્તન સવાર, બપોર, સાંજ અને રાત્રે એમ ચાર વાર કરી શકાય તો છએક અઠવાડિયામાં છથી આઠ કિલો ચરબી સહેજે ઓછી થતી હોય છે. માટે જેમને પેટ, પેડુ, કમર, નિતંબ ઉપર ખૂબ જ ચરબી હોય તેમના માટે તો આ અમૃતવર્ષણ જેવો ઉપાય છે, પરંતુ આરંભ ખૂબ જ ધીરે ધીરે કરવો. સંખ્યા ક્યાંક એકદમ વધી જશે તો પાંસળીઓ અને પેડુમાં ભયંકર દુખાવો થવાની પૂરેપૂરી સંભાવના ખરી. જો આમ કોઈ પણ સંજોગોમાં થઈ જાય તો બે-ચાર દિવસ ભસ્ત્રિકા પ્રાણાયામનો અભ્યાસ બંધ કરવો તેથી બધું બરાબર થઈ જશે.

લોકોને એક પ્રશ્ન થાય છે, 'મહારાજ અમે તો 'ઓવર વેટ' નથી, અમે પ્રાણાયામ (ભસ્ત્રિકા) કરીએ તો અમારું શું થાય ?' કશું ન થાય, ત્યારે ભસ્ત્રિકા પ્રાણાયામથી ફેફસાંની કાર્યક્ષમતા વધવાથી તમારી સ્ફૂર્તિ વધશે. કાર્યક્ષમતા સમૂળગી વધશે. ૨૨ કલાક કામ કરીને પણ થાકનો આભાસ નહિ થાય. ઊંઘ ઓછી થશે. એકાગ્રતા વધશે. ચિત્ત પ્રસન્ન રહેશે.

ભસ્ત્રિકા ગરમ પ્રાણાયામ છે, માટે ભરઉનાળે જ્યારે વાતાવરણ કે હવામાન બહુ ગરમ ન હોય ત્યારે વહેલી સવારે અથવા મોડી સાંજે જ ભસ્ત્રિકાનો અભ્યાસ કરવો. કેટલાક તો થાકે નહિ ત્યાં સુધી કે પરસેવે રેબઝેબ થઈ જાય ત્યાં સુધી કરતા હોય છે. આમ કરવાથી ચક્કર વગેરે આવે તેવી પણ પૂરેપૂરી સંભાવના ખરી, પરંતુ આવી અવસ્થામાં ભસ્ત્રિકા બંધ કરી, જાલંધરબંધ કર્યા પછી શવાસનમાં થોડો આરામ કરી લેવો જોઈએ.

ભસ્ત્રિકાનો અભ્યાસ કરવાથી ગળાનો સોજો દૂર થાય છે. જઠરાગ્નિ પ્રદીપ્ત બને છે. કફનો વિકાર નષ્ટ થાય છે. નાક-કાન-ગળા-છાતીની બીમારી પણ દૂર થાય છે. દમ અને ક્ષયના રોગોમાંથી મુક્ત થવાય છે. ભૂખ ખૂબ લાગે છે. ભસ્ત્રિકાના દીર્ઘ કાળના અભ્યાસથી સુષુમ્ણા (બ્રહ્મનાડી)માં જામેલો કફ નીકળી જાય છે. કુંડલિની શક્તિનું જ્ઞાન થાય છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર નામની ગ્રંથિઓ ખૂલી જાયછે. વાત-પિત્ત અને કફનું શમન થાય છે. નાડીશુદ્ધિ થાય છે. શ્રેષ્ઠ કુંભક છે. પ્રાણ સુષુમ્ણાસ્થિત ત્રણેય ગ્રંથિઓનું ભેદન કરે છે. કુંડલિની જાગ્રત થાય છે. ભસ્ત્રિકા પ્રાણાયામનો દીર્ઘ કાળનો અભ્યાસી કદીય કોઈ પણ રોગનો ભોગ બનતો નથી. તે સદૈવ સ્વસ્થ અને તંદુરસ્ત રહે છે. ભસ્ત્રિકાના અભ્યાસ દરમિયાન માનસિક રીતે અર્થ સાથે ૐકારનું માનસિક સ્મરણ કરવું. ભસ્ત્રિકા પ્રાણાયામ - પ્રાણાયામ સામ્રાજ્યનો બેતાજ બાદશાહ છે.

# ઉપનિષદ-યાત્રા

શ્રી ગુણવંતભાઈ શાહ

## ભારતીય સંસ્કૃતિમાં ધર્મનો મર્મ

**ઋષિના શબ્દો** : **धर्मात् परं नास्ति ।** (બૃહદારણ્યક ઉપનિષદ, અધ્યાય ૧, બ્રાહ્મણ ૪, મંત્ર ૧૪)

**ભાવાર્થ** : **આ જગે ના કશું જ્યેષ્ઠ, ના કશું ધર્મથી શ્રેષ્ઠ.**

**ચાર વર્ણો શી રીતે પેદા થયા ?**

*દુનિયામાં ધર્મનો ઉદ્‌ભવ શી રીતે થયો ? ઉપનિષદમાં આ પ્રશ્નનો જવાબ સાવ અનોખો છે. કહે છે કે શરૂઆતમાં આ સૃષ્ટિમાં જે કંઈ હતું તે બ્રહ્મ જ હતું. એ બ્રહ્મને જાણનારો બ્રાહ્મણ એકલો હતો. એકલો હોવાથી બ્રાહ્મણ કામને પહોંચી શક્યો નહીં. કામને પહોંચી વળવા માટે તેણે ઊંચા પ્રકારના રૂપવાળા ક્ષત્રિયને પેદા કર્યો. આમ છતાં કામને પહોંચી વળવાનું મુશ્કેલ જણાયું તેથી એણે વૈશ્યને પેદા કર્યો. પછી પણ કામને પહોંચી ન વળાયું તેથી સહુનું પોષણ (પૂષણમ્) કરવા માટે એણે શૂદ્ર વર્ણની ઉત્પત્તિ કરી. આ કથાનો એવો પણ અર્થ કરી શકાય કે બ્રાહ્મણત્વ પણ ક્ષત્રિયત્વ, વૈશ્યત્વ અને શૂદ્રત્વ વગર અધૂરું છે. એને બ્રાહ્મણત્વના ચેતોવિસ્તારની કથા તરીકે પણ ઘટાવી શકાય. છેવટે ચારે વર્ણો ઉત્પન્ન થયા તોય કામને પહોંચી વળવાનું શક્ય ન બન્યું તેથી બ્રાહ્મણે ધર્મને જન્મ આપ્યો. ધર્મ એટલે જ સત્ય. ઋષિ કહે છે : ધર્મથી ચડિયાતું જગતમાં બીજું કંઈ નથી.* धर्मात् परं नास्ति ।

**ધર્મ 'રિલિજિયન' કરતાં વધારે વ્યાપક છે**

*ભારતીય અધ્યાત્મના પાયામાં ત્રણ મહાન શબ્દો રહેલા છે : ઋતમ્, સત્યમ્ અને ધર્મ. 'ધર્મ' આપણી વૈદિક પરંપરાનો એક એવો શબ્દ છે, જેને અન્ય ભાષામાં સંપૂર્ણ રીતે વ્યક્ત કરવાનું અશક્ય છે. 'ધર્મ'નો પર્યાયવાચી શબ્દ* 'religion' *પ્રચલિત ઘણો છે, પરંતુ એમાં ઘણુંબધું છૂટી જાય છે. ધર્મને સમજવા માટે બે વિધાનો ખાસાં જાણીતાં છે :*

*(૧) ધારણાદ્ ધર્મ ઈત્યાહુઃ । (જે ધારણ કરે તે ધર્મ).*

*(૨) ધર્મો ધારયતે પ્રજાઃ । (ધર્મ પ્રજાને આધાર પૂરો પાડે છે.)*

*ધ્યાનેશ નારાયણ ચક્રવર્તી 'ધર્મ' શબ્દની અર્થચ્છાયાઓ ગણાવે છે અને કહે છે કે એમાં કાયદો, સંપ્રદાય, નૈતિકતા, પવિત્રતા, ફરજ અને પરોપકાર જેવી બાબતોનો સમાવેશ થાય છે. ધર્મ એક એવું ઉચ્ચતમ મૂલ્ય છે, જે અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટેની પૂર્વશરત છે.*

*ભારતીય પરંપરાની ખૂબી એ છે કે એમાં ધર્મને અર્થ અને કામ જેવી સામાજિક બાબતો સાથે જોડીને માનવીય વ્યવહારને સ્વચ્છ રાખવાની વાત કરી અને તે સાથે મોક્ષ જેવી સમાજાતીત* (trans-social) *સંકલ્પનાને પણ સમાવી લીધી. મોક્ષની ઊંચેરી ધ્યેયપ્રાપ્તિ માટે પણ સંસાર પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ અનિવાર્ય નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ચાર શબ્દોમાં માનવજીવનની અખિલાઈ પ્રગટ થઈ છે. સંસારમાં હોવા છતાં સંસારથી પર રહીને જીવવાની કળા આ ચાર વિશિષ્ટ શબ્દોમાં પ્રગટ થઈ છે. ભગવદ્‌ગીતાના પ્રથમ શ્લોકનો પ્રથમ શબ્દ 'ધર્મ' છે. મહાભારતમાં કહ્યું છે : રક્ષણ પામેલો ધર્મ જ રક્ષણ કરનારો છે.* (धर्मो रक्षति रक्षितः)

**ચાર લોકપ્રિય ભ્રમણાઓ**

*ધર્મની વિચારણા યોગ્ય પરિપ્રેક્ષ્યમાં થાય તે માટે ચાર લોકપ્રિય ભ્રમણાઓથી બચવું પડે :*

**પહેલી ભ્રમણા :** *આસ્તિક હોય એવો માણસ આપોઆપ ધાર્મિક ગણાય.*

**બીજી ભ્રમણા :** *નાસ્તિક હોય એવો માણસ આપોઆપ અધાર્મિક ગણાય.*

**ત્રીજી ભ્રમણા :** *આસ્તિક માણસ આપોઆપ બુદ્ધિગમ્યતા-વિરોધી* (irrational) *ગણાય.*

**ચોથી ભ્રમણા :** *નાસ્તિક માણસ આપોઆપ બુદ્ધિગમ્યતાવાદી* (rationalist) *ગણાય.*

*આ ચારે ભ્રમણાઓ લોકમાનસમાં એવી તો જામી પડી છે કે સાચા ધર્મને સમજવામાં મોટી અડચણ*

ઊભી થાય છે.

રાવણ આસ્તિક હતો તોય એને 'ધાર્મિક' ગણવાની હિંમત ક્યાંથી લાવવી ? બુદ્ધ અને મહાવીર નિરીશ્વરવાદી હતા તોય એમને 'અધાર્મિક' ગણવાનું કોઈ વિચારી પણ ન શકે. રજનીશ આસ્તિક હતા તોય બુદ્ધિગમ્યતા-વિરોધી નથી ગણાયા. કેટલાય નાસ્તિકો પણ અંધશ્રદ્ધાળુ વ્યક્તિપૂજામાં ડૂબકાં ખાતા જોવા મળે છે. તેઓ કાર્લ માર્ક્સની કે લેનિનની કે સ્તાલિનની વાતોને આંખો મીંચીને સ્વીકારી લેતા હોય તો એમાં બુદ્ધિગમ્યતા ક્યાં રહી ? ધર્મના શુદ્ધ સ્વરૂપને સમજવા માટે ઉપરોક્ત ચારે ભ્રમણાઓથી છૂટવું પડે. સાચી ધાર્મિકતાને બદલે ખોખલી ધાર્મિકતાનો હાહાકાર વધી પડે ત્યારે ભીડ, ઘોંઘાટ અને કર્મકાંડમાં અટવાઈ પડેલા અસલી ધર્મનું અરણ્યરુદન ઝટ સંભળાતું નથી. એ જ રીતે વિવેકના સથવારા વગરની કોરીધાકોડ બુદ્ધિગમ્યતાની હઠ પણ અશ્રદ્ધાને પનારે પડતી જણાય છે. કાંતિ શાહ સાચું કહે છે કે, અંધશ્રદ્ધાની માફક અંધ-અશ્રદ્ધા પણ ઇચ્છનીય નથી. ઉપનિષદના ઋષિ ધર્મનો મહિમા કરીને કહે છે કે, 'ધર્મ એટલે જ સત્ય.'

આપણા સમાજની ખૂબી એ છે કે બધી રીતે અપ્રામાણિક એવો બદમાશ પણ મંદિર કે આશ્રમને સથવારે 'ધાર્મિક' માણસ ગણાવા લાગે છે. ક્યારેક સાધુબાવાઓને આવા 'શરીફ બદમાશ' સાથે વધારે ફાવતું હોય છે. લોકો ક્યારેક ખોખલા બાહ્યાચારને હૉબીની કક્ષાએ લઈ જઈને સમાજનો આદર પામતા રહે છે. ક્યારેક ધર્મના દેખાડાને ફેશનરૂપે પણ સ્વીકારવામાં આવતો હોય છે. ધર્મનો ખરો સંબંધ સારા હોવા સાથે છે, સારા દેખાવા સાથે નહીં. દંભ સાથે જોડાયેલી તથાકથિત ધાર્મિકતા એ તો ખરા ધર્મની વિડંબના છે.

**મનુ ધર્મનાં દસ લક્ષણો ગણાવે છે**

મનુએ ધર્મનાં દસ લક્ષણોને એક જ શ્લોકમાં વણી લીધાં છે :

**धृतिः क्षमा दमोऽस्तेयं शौचम् इन्द्रियनिग्रहः ।**
**धीर्विद्या सत्यम् अक्रोधो दशकं धर्मलक्षणम् ॥**

મનુ કહે છે : 'ધીરજ, ક્ષમાવૃત્તિ, સંયમ, અચૌર્ય, પવિત્ર ભાવના, ઇન્દ્રિયો પર કાબૂ, બુદ્ધિ, આત્મવિદ્યા, સત્ય અને અક્રોધ - એ દસ ધર્મનાં લક્ષણો છે.' આવાં ઉમદા લક્ષણો દ્વારા માનવધર્મ પ્રગટ થાય છે. આવાં લક્ષણોની પ્રતિષ્ઠા થાય એવા ધર્મને વિશ્વધર્મ કહી શકાય. સાચો ધર્મ દેશકાળનાં બંધનોમાં જકડાયેલો નથી હોતો. જે ગામમાં બધા જ લોકો ચોર કે ત્રાસવાદી કે દુર્જન હોય તેવું ગામ ન ટકી શકે. જે ગામમાં બધા જ લોકો સજ્જન હોય તે ગામમાં જીવન રળિયામણું બને. ધર્મો અનેક છે, પરંતુ ધર્મતત્ત્વ એક જ હોવાનું. ફ્રીટજૉફ કાપ્રા પોતાના 'ધ અનકૉમન વિઝ્ડમ' પુસ્તકમાં વ્યાપક ધર્મતત્ત્વ માટે 'R' અને અનેક સંસ્થાગત ધર્મો માટે 'r' સંજ્ઞાઓ પ્રયોજે છે. ('R' એટલે એક જ એવો ધ રિલિજિયન, જ્યારે 'r' એટલે જગતના અનેક સંસ્થાગત રિલિજિયન્સ). માનવસમાજમાં સુખશાંતિ વધે તેવી વ્યાપક ધર્મભાવના સંતોષાય તે માટે પણ ધર્મ (R) જરૂરી છે. ભારતીય પરંપરામાં અર્થ અને કામનાનો મહિમા ધર્મ તથા મોક્ષની જોડાજોડ થયો છે. અર્થપ્રાપ્તિ કોને નથી ગમતી ? કામતૃપ્તિની ઝંખના કોને નથી હોતી ? મહાભારતમાં વ્યાસની વેદના આવા બળૂકા શબ્દોમાં વ્યક્ત થઈ છે :

હું હાથ ઊંચા કરીને મોટા અવાજે કહું છું
કે ધર્મના સેવનથી જ
અર્થ અને કામનાતૃપ્તિ થઈ શકે છે,
પરંતુ
મારી વાત કોઈ સાંભળતું નથી.
એ ધર્મનું સેવન શા માટે થતું નથી ?

**ભાવિ ભારતની ભૂમિકા અંગે વિલ દુરાંનો મત**

ખોખલી ધાર્મિકતાને કારણે અનેક નિર્દોષ માણસોની કતલ કરનાર આતંકવાદી પણ પોતે ઈસ્લામની રક્ષા માટે લડતો હોય એવો ભ્રમ સેવે છે. સદીઓ સુધી હિંદુ પરંપરામાં અસ્પૃશ્યતા જેવી અમાનવીય, ક્રૂર અને ધર્મના મર્મને જ અપમાનિત કરનારી પ્રથાને ધર્મની ઓથ સાંપડી. લોભ અને લાલચ હેઠળ ચાલતાં સામૂહિક ધર્માંતરોને પણ ખ્રિસ્તી ધર્મના પાદરીઓનો ટેકો સાંપડ્યો. વ્યાપક ધર્મભાવનાને આવી બધી ગંદી હરકતો સાથે શી લેવાદેવા ?

ભારતીય સંસ્કૃતિમાં કાયમ ધર્મના મૂળ તત્ત્વની શોધ થતી રહી છે. મહાન ઇતિહાસકાર વિલ દુરાં પોતાના 'ધ હિસ્ટરી ઑફ સિવિલાઈઝેશન' નામના ગ્રંથમાં ભારતની વૈશ્વિક ભૂમિકાને ખૂબ જ સુંદર શબ્દોમાં અંજલિ આપે છે :

(અનુસંધાન પાન-૨૬ પર)

# વિષ્ણુ-ષટ્પદી

શ્રી રમણલાલ સોની

*[શ્રીમદ્ શંકરાચાર્યજીએ અનેક સુંદર સ્તોત્રો લખ્યાં છે, જેમાંનું આ એક છે. આ સ્તોત્રો મધુર છે, સુંદર છે. ઝરણું વહે તેમ એ વહે છે. વળી એ ઝટ કંઠસ્થ થઈ જાય તેવાં છે. ષટ્પદ એટલે છ પગવાળો ભમરો. આ કવિતા છે, એટલે એને ષટ્પદી કહી. ષટ્પદી એટલે છ પદ (કડી)વાળી કવિતા, સ્તોત્ર. આ સ્તોત્રમાં ભગવાન વિષ્ણુની સ્તુતિ છે અને પ્રાર્થના છે. સાતમી કડી સમાપનની છે.]*

## ષટ્પદી : ત્રીજું પદ

*ભક્તજન પ્રભુને કહે છે :* **सत्यपि भेदापगमे नाथ तवाहं न मामकीनस्त्वम् ।**
**सामुद्रो हि तरंगः क्वचन समुद्रो न तारंगः ॥ ३ ॥**

*પ્રભુ ! તારી ને મારી વચ્ચે કંઈ ભેદ નથી. જે તું છે તે હું છું અને હું છું તે તું છે. બેઉ એક છીએ. તોપણ હું તારો છું, તું મારો નથી. મારા પર તારો અધિકાર છે. તારા પર મારો અધિકાર નથી. તું મને આજ્ઞા કરી શકે છે. હું તને આજ્ઞા કરી શકતો નથી. એટલો જરા જેટલો મારી ને તારી વચ્ચે ભેદ છે. પછી દૃષ્ટાંત આપતાં કહે છે કે તરંગ સમુદ્રનો છે, સમુદ્ર તરંગનો નથી. સમુદ્રમાંથી તરંગનો ઉદ્ભવ થાય છે, તરંગમાંથી સમુદ્રનો ઉદ્ભવ થતો નથી. તરંગ પર સમુદ્રનો અધિકાર છે. સમુદ્ર ઉપર તરંગનો અધિકાર નથી. સમુદ્રને લીધે તરંગ છે. તરંગને લીધે સમુદ્ર નથી. આમ જુઓ તો બંને એક છે. સમુદ્ર જળ છે ને તરંગ પણ જળ છે. બંને એક છે. બેઉ વચ્ચે કોઈ ભેદ નથી. આવું જ મારે છે. તું અને હું એક છીએ, આપણી વચ્ચે ભેદ નથી. છતાં બેઉ વચ્ચે જરા જેટલો ભેદ છે. હું તારો છું, તું મારો નથી. હું તારી હકૂમત હેઠળ છું, તું મારી હકૂમત હેઠળ નથી.*

*શ્રીમદ્ શંકરાચાર્ય અભેદ-સિદ્ધાંતના મહાન આચાર્ય ગણાય છે. તેઓ સમગ્ર વિશ્વની એક મહાન વિભૂતિ છે. વિશ્વભરના વિદ્વાનો એમનું અભિવાદન કરે છે અને એમના ગ્રંથોનું પઠન-પાઠન કરે છે. એવા આચાર્ય જ્યારે આ જરા જેટલા પણ ભેદની વાત કરે છે ત્યારે તે વાત ઘણું મહત્ત્વ ધારણ કરે છે. તે કાળે ભારતમાં સેંકડો સમુદાય હતા. જેને જે ફાવ્યું તે દેવને સર્વોપરી ભગવાન કહે, તે જ સૃષ્ટિનો કર્તા, ભર્તા ને હન્તા. આવા સેંકડો સંપ્રદાયો હતા અને આજે પણ ક્યાં નથી ? બધા અંદર અંદર હુંસાતુંસી કરતા, વિદ્વેષ વેરતા- પરિણામે સમાજ નિર્બળ ને દોદળો બની ગયો હતો. શંકરાચાર્યે આ બધાનો સમન્વય કરવાનો ભગિરથ પ્રયત્ન કર્યો છે. તેમણે વિવિધ દેવોનાં સ્તોત્રો રચ્યાં છે. એમણે એવું બતાવ્યું છે કે બધું એક જ બ્રહ્મની સૃષ્ટિ છે. બ્રહ્મ એ જ પરમ અને અંતિમ સત્ય છે. બ્રહ્મ સત્-ચિત્-આનંદ-સ્વરૂપ છે. સત્ એટલે સદાકાળ જેનું અસ્તિત્વ છે, જેનું અસ્તિત્વ કદી મટતું નથી તે. તેવું સત્ જ એકમાત્ર છે. તેને બ્રહ્મ કહે છે. બ્રહ્મ નામ મનુષ્યે આપેલું છે. બ્રહ્મનું કોઈ નામ નથી. બ્રહ્મ એટલે બ્રહ્મ.*

*સત્ય એકમાત્ર બ્રહ્મ છે. બીજું બધું નાશવંત છે અને તે અનસ્તિત્વવાળું છે. મોડું-વહેલું તેનું અસ્તિત્વ મટી જશે. ખરેખર તો બ્રહ્મ સિવાય કશું છે જ નહિ. આપણને જે દેખાય છે તે કેવળ ભ્રમ છે. બ્રહ્મને જોઈ શકવાની આપણામાં શક્તિ નથી, તેથી આપણને વિવિધ સૃષ્ટિ દેખાય છે. ખરેખર તો સૃષ્ટિ જેવું કશું છે નહિ. બધે સર્વત્ર એક જ બ્રહ્મ વિસ્તરેલ છે. બ્રહ્મ પોતે વિવિધ રૂપે આપણને દૃષ્ટિગોચર થાય છે. બ્રહ્મની આ લીલા છે, રમત છે. શા માટે બ્રહ્મ આવી રમત રમે છે એ કોઈ કળી શકતું નથી, કારણ કે બ્રહ્મના મનનો કોઈ પાર પામી શકે નહિ. કોઈ એનું પૂર્ણ દર્શન કરી જ શકે નહિ. બ્રહ્મ અનંત છે. એને નથી આદિ, નથી મધ્ય કે નથી અંત. એને ક્યાંય સીમા નથી... તેનો પાર સીમિત બુદ્ધિશક્તિવાળો માણસ કેમ કરીને પામી શકે ? એટલે બ્રહ્મની જે લીલારૂપ સૃષ્ટિ આપણે જોઈએ છીએ એ ભવ્ય છે. તેથી આચાર્યજી કહે છે કે બ્રહ્મ સત્ય છે. તે સ્વીકાર્યા પછી બીજું બધું અસત્ય છે, મિથ્યા છે, એ સમજતાં વાર ન લાગવી જોઈએ. આચાર્યજી અહીં એક દૃષ્ટાંત દ્વારા સમજાવે છે. કહે છે કે અંધારામાં દોરડું પડ્યું હોય તો આપણને તે સાપ જેવું લાગે. તેમ આપણે અંધારામાં છીએ, એટલે સૃષ્ટિરૂપે રહેલ દોરડું આપણને દેખાતું નથી અને આપણે એને સૃષ્ટિ એટલે કે સર્પ સમજીએ છીએ. ઉપમા માત્ર ઉપમા છે. સમજવાની વાત માત્ર એક છે કે જગતમાં જે કંઈ છે તે સર્વ બ્રહ્મ છે. ગીતામાં અર્જુન વિશ્વરૂપ*

ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે તેમને 'હે સર્વ !' કહી સંબોધે છે. હે સર્વ-સ્વરૂપ ભગવાન ! હું તને આગળથી, પાછળથી, આજુબાજુથી એમ ચારે બાજુએથી પ્રણામ કરું છું - ફરીફરી પ્રણામ કરું છું.

બીજી વાત શંકરાચાર્યજી કહે છે : બ્રહ્મ સર્વત્ર છે. સર્વત્ર એ જ એક છે. अहं ब्रह्मास्मि । तत् त्वम् असि । હું બ્રહ્મ છું, તું પણ તે છે. પછી કહે છે : खलु इदम् सर्वम् ब्रह्म । આ બધું જ બ્રહ્મ છે એમાં શંકા નહિ. ઉપનિષદો પણ આ જ વાત કરે છે. ઈશોપનિષદ તો પહેલા જ મંત્રની પહેલી પંક્તિમાં કહે છે કે જગતમાં જે કંઈ છે તે બધું જ પરમાત્મારૂપ છે. કઠ ઉપનિષદ કહે છે કે ક્યાંય 'બીજું' છે જ નહિ. જે બીજું દેખે છે તે ભ્રમમાં ગોથું ખાય છે.

કઠ ઉપનિષદ કહે છે :

**मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किञ्चन ।**
**मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥ ९९ ॥**

'આ જગતમાં વિવિધ એટલે કે અન્ય કશું છે જ નહિ. જે છે તે એક જ છે. જે અહીં અન્ય જુએ છે તે ભૂલ્યો ભટકે છે.'

આચાર્યજી સાગર અને તરંગનું દૃષ્ટાંત આપે છે. તરંગનું અસ્તિત્વ સમુદ્રને લીધે છે, છતાં તે સમુદ્ર છે. બેઉ જળ છે. સૃષ્ટિ તરંગ છે, બ્રહ્મ સમુદ્ર છે. સૃષ્ટિ, સમુદ્ર - બ્રહ્મની કરામત છે. બ્રહ્મ એનું કારણ છે. બ્રહ્મ તો કારણનું કારણ છે. આપણે તરંગને જોઈએ છીએ, પણ તેના કારણરૂપ બ્રહ્મને જાણતા નથી. આપણા એક ભક્તકવિ કહે છે કે 'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ !'

બ્રહ્મ આવો તરણા હેઠળ છુપાયેલો ડુંગર છે. દૃષ્ટિ અને ભક્તિ - આ બે આંખો ઊઘડે તો બ્રહ્મની ઝાંખી થાય ! આનું નામ દિવ્ય દૃષ્ટિ ! પ્રવચનો કરવાથી કે સાંભળવાથી, વેદ ગોખવાથી કે દાનયજ્ઞ કરવાથી આ દૃષ્ટિ નથી આવતી. એ દૃષ્ટિ અર્જુનમાં આવી હતી - કેવી રીતે ? અર્જુનની તાકાતથી નહિ, પણ ભગવાનની કૃપાથી એને એ દિવ્ય દૃષ્ટિ સાંપડી હતી.

ભગવાનની કૃપા કંઈ આડેધડ થતી નથી. ત્યારે કેવી રીતે થાય છે ? ગીતામાં ભગવાન પોતે આનો જવાબ આપે છે :

**भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।**
**ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥**

સર્વત્ર પ્રભુ છે એમ સમજવું, પ્રભુ સર્વ કંઈ કરે છે એ દૃઢ માન્યતા સેવવી, સર્વના કલ્યાણના મનોરથ સેવવા, પોતાની બુદ્ધિ, પોતાનું મન, પ્રભુને ચરણે ધરી દેવું, સકળ સૃષ્ટિ સાથે એકાત્મતા અનુભવવી - કીટ, પતંગ, જળચર, સ્થળચર, ગગનચર, પશુપંખી, મનુષ્ય - સર્વની સાથે એકત્વ - ભાવ અનુભવવો એ ભગવાનની કૃપાદૃષ્ટિ અને દિવ્ય દૃષ્ટિ પામવાનો એકમાત્ર ધોરીમાર્ગ છે ભક્તિ. આપણે એ ભક્તિ સિદ્ધ કરવાની છે.

હવે સમગ્ર વાતનો સાર જોઈ લઈએ.

૧. બ્રહ્મ એકમાત્ર સત્ય છે. જે કંઈ છે તે બ્રહ્મ છે. ક્યાંય દ્વિર્ભાવ નથી. ક્યાંય બ્રહ્મ સિવાય અન્ય કશું નથી. અન્ય દેખાય છે તે મિથ્યા છે, ખોટું છે.

૨. તેમ છતાં ભક્ત અને ભગવાન વચ્ચે માથાના કેશની જાડાઈ જેટલો ભેદ છે. ભક્ત સેવક છે, ભગવાન પૂજ્ય છે, ભક્ત પૂજારી છે. રામ રાજા છે, હનુમાન સેવક છે.

'અંધત્વનું અજવાળું'માંથી સાભાર

(ઉપનિષદ-યાત્રા......અનુસંધાન પાન-૨૪ પરનું ચાલુ)

સહનશીલતા,
પરિપક્વ મનની ભદ્રતા,
કોઈનું પડાવી લેવાની વૃત્તિ વગરનો
પ્રશાંત આત્મભાવ,
સમજણથી છલોછલ એવા હૃદયની શાંતિ
અને બધા જ જીવો પ્રત્યેની
એકતા અને કરુણાથી લથપથ એવો પ્રેમ;
આ બધી જ બાબતો ભારત ભવિષ્યમાં
સમગ્ર વિશ્વને શીખવશે.

આઈન્સ્ટાઈન મહાન વૈજ્ઞાનિક હતો. તેને કોઈ બુદ્ધિગમ્યતા-વિરોધી (irrational) નહીં કહે. એ મહાન વિજ્ઞાની હતો અને વળી મહાન ઈશ્વરભક્ત પણ હતો. ધર્મસાધના પણ વિજ્ઞાનની શીળી છાયામાં થવી જોઈએ. એ જ રીતે વિજ્ઞાનની ઉપાસના પણ ધર્મના આકાશના વિરાટ ચંદરવા હેઠળ થવી જોઈએ. આઈન્સ્ટાઈનના શબ્દો આ વાત સમજવામાં ખપ લાગે તેવા છે. કહે છે :

ભવિષ્યનો ધર્મ તો કૉસ્મિક ધર્મ હશે; જેનો આધાર અનુભૂતિ હશે અને એ વિચાર-જડતાથી મુક્ત હશે.

# વિવિધતામાં એકતા

શ્રી મોટા

ઈતિહાસમાં કોઈએ વાંચ્યું હોય તો પંડિત માલવિયાજીએ હિંદુ યુનિવર્સિટીમાં કાશીવિશ્વનાથ જેવું મંદિર બનાવેલું. શહેરના કાશીવિશ્વનાથ મંદિરની નકલ કરાવી એમણે ત્યાં પણ ગંગાની નહેર બનાવેલી. બધે પાણી જેવું બનાવેલું. બધું તૈયાર થયેલું. પણ એની પ્રાણપ્રતિષ્ઠા કોણ કરે ? પ્રાણપ્રતિષ્ઠા વિના પૂજાય નહિ.

હિંદુ યુનિવર્સિટીની અંદર બનાવેલું. પછી એની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડે ને ? તો પ્રાણપ્રતિષ્ઠા કરવા માટે કોઈ લાયક માણસ પણ જોઈએ ને ? એ લાયક માણસ શોધતા હતા. માલવિયાજીને સાધુસંતો સાથે સહવાસ પણ વધારે. એ માટે માલવિયાજી ફર્યા. તે ફરતાં ફરતાં જડ્યું કે હિમાલયમાં ગંગાજીનું મંદિર છે, તેની પેલી બાજુ એક નાગા સાધુ છે. તે આવા જ્ઞાની પરમપુરુષ છે એવી એમને ખબર પડી. એટલે એ પોતે જાતે ત્યાં ગયા. એમ ને એમ તો એ માને એવા હતા નહિ. આપણે દર્શન તો કરીએ. ત્યાં ગયા, બેઠા. બેત્રણ દિવસ થયા. ત્યાં આગળ બહુ પહેલાંની હિંદુઓની એક સંસ્થા છે. કાલીકામવાળા બાબાની સંસ્થાઓ ઠેકાણે ઠેકાણે છે. માણસો રહી શકે એવી બધી સગવડો. કાળીકામળીવાળા બાબાએ કરેલી. માલવિયાજી મહારાજ બે દિવસ એમ ને એમ બેસી રહ્યા. એમ ને એમ બેસે, બધું જુએ, તપાસે. માલવિયાજી સંસ્કૃતના બહુ જાણકાર ને જ્ઞાની હતા. પછી કંઈ વાત ઉપાડી. પેલા બરાબર જવાબ આપતા. એવા જવાબ આપતા કે માલવિયાજી ખુશ થઈ ગયા. પછી ઈશ્વર વિશે બીજા બધા પ્રશ્નો પૂછતા. એના પણ બધા સાચા જવાબ આપ્યા. એટલે આ પણ અનુભવ સાચો. આમ માલવિયાજીને ખાતરી થઈ. 'બીજું કંઈ કારણ નથી. જેમ કાશીમાં કાશીવિશ્વનાથ છે, એવું એક મંદિર અમે બનાવ્યું છે. યુનિવર્સિટીમાં હજારો વિદ્યાર્થીઓ ત્યાં ભણે છે અને ત્યાં ગંગાજીની નહેર કાઢી છે. એ પણ આગળ-પાછળ ફરે છે. બરોબર પ્રોટોટાઈપ કાશીવિશ્વનાથ મંદિર જેવું કર્યું છે. એની પ્રાણપ્રતિષ્ઠા કરવી છે. ઘણા વખતથી હું ખોળતો હતો કે કોઈ એવો અનુભવી પુરુષ મળે કે જેના હાથે પ્રાણપ્રતિષ્ઠા થાય. પછી હું તમને આ જ સ્થિતિમાં મૂકી જઈશ.' 'બહુ કપડાં લત્તાં પહેરીશ નહિ. તારે મને લઈ જવો હોય તો લઈ જા. કપડાં બપડાં નહિ પહેરું.' 'તમારા માટે ફર્સ્ટ ક્લાસનો સ્પેશિયલ ડબો રાખીશ અને ફૂલનો પહેરવેશ આપીશ.' 'મને ફૂલનો વાંધો નથી. ગમે તેવા ફૂલ નહિ ચાલે. સુગંધીવાળા ફૂલ જોઈએ.' 'તૈયાર રાખીશ.' અને મહારાજ હિમાલયની તળેટી સુધી તો નાગા રહેલા. પછી સ્ટેશન પર આવ્યા ત્યાર પછી ફૂલના શણગાર કરેલા. માથે મુગટ, ગળામાં માળા. આ બધું ફૂલનું તૈયાર કરેલું તે મહારાજને પહેરાવી દીધું. પછી ત્યાં બેસાડ્યા. એ તો કશું બોલે-કરે નહિ. આ બધું વર્ણન મેં 'હિંદુ'માં વાંચેલું. એટલે મને થયું કે 'આ મહારાજના દર્શન કરીએ તો બહુ સારું. કંઈ કૃપા થવાની હોય તો થાય. એટલે આ મહારાજના દર્શન કરવાને માટે ઓગણીસસો ચોત્રીસની સાલમાં ગુફામાં ગયેલો. ત્યાં જઈને બેઠો. માલવિયાજીએ મહારાજ માટે ઘણી સારી સગવડ કરી આપેલી. પહેલાં અહીં ઓરડી મળે નહિ. શિયાળામાં, ઉનાળામાં તે એક જ સ્થિતિમાં ત્યાં જ પડ્યા રહે. પછી માલવિયાજીએ એમને માટે ઘર કરાવ્યું. કંઈ કશી એમની માટે જોઈતી વસ્તુઓ મળે એવી વ્યવસ્થા ત્યાં આગળ કરાવી. અમુક વખતે બંધ થઈ જાય, ને છ મહિના ચાલે, છ મહિના પછી બરફ પડવા માંડે, એટલે બંધ થઈ જાય. એટલે છ મહિના પછી પણ વસ્તુઓ રહે એવી સગવડ કરી આપી. એમની સેવામાં પોતે ઓળખતા હતા એવી એક બાઈ રાખી હતી. બે માણસો રાખ્યા. માલવિયાજીએ બધી વ્યવસ્થા પાકી કરી અને નીચે ઊતરી આવ્યા. એવું બધું મેં વાંચેલું છે.'

હું ત્યાં ગયેલો. કેટલાય માણસો એ મહાત્માનું ભૂંડું બોલે. મહાત્માનું ખરાબ બોલે.

એક સ્ટેશન માસ્તર હતો. પંચમહાલમાં જંગલમાં ફરતો હતો ત્યારે ખબર પડેલી. જંગલમાં બિચારો સ્ટેશન માસ્તર એટૂલો હોય. પૈસાથી ભરેલી ચામડાની થેલી તૈયાર કરી એને સીલ મારી ગાડીમાં આપવા જતો હતો. ત્યાં ઝૂંટ મારીને કોઈક એ થેલી લઈ ગયો. એણે પોલીસમાં ફરિયાદ કરી કે 'મારી આવી સ્થિતિ છે અને ચોરી થઈ ત્યારે આટલા માણસો હાજર હતા.' પોલીસે

(અનુસંધાન પાન-૨૯ પર)

# પ્રસન્નતાનું વરદાન

-ડૉ. હરીશ દ્વિવેદી

માનવજાત આજે વિવિધ પ્રકારની અનેક કટોકટીને આરે આવીને ઊભી છે. દરેક વસ્તુ આજે ખૂબ ઝડપથી બદલાઈ રહી છે. એ સુપરસોનિક જેટની ગતિએ બદલાતી પરિસ્થિતિ અને બદલાતાં મૂલ્યોની વચ્ચે માનવ-જીવનને આંતરિક કટોકટીમાંથી ઉગારી શકે તેવા હસતા-ખેલતા ધર્મની તાતી જરૂર છે. આવો હસતો-ખેલતો અને નૃત્ય કરતો ધર્મ ભગવાન શ્રીકૃષ્ણે આપણને શીખવ્યો છે. દુનિયાના યુવાનોને આજે ધીર-ગંભીર મુદ્રામાં બેઠેલો ભગવાન ખપતો નથી અને એટલે તો આજે દુનિયા ભગવાન શ્રીકૃષ્ણની પાછળ ગાંડી બની છે. અમેરિકા અને યુરોપના દેશોમાં પણ શ્રીકૃષ્ણ-સંકીર્તનમાં ભાવવિભોર થઈ રસ્તા ઉપર નૃત્ય કરતા યુવાનો જોવા મળે છે. એમને જોઈએ છે હસતો-નાચતો પ્રસન્ન મુખવાળો ભગવાન. ભગવાન શ્રીકૃષ્ણે જીવનને એની પૂરી સમગ્રતામાં સ્વીકારી, એને ખૂબ જ પ્રસન્નતાથી આવકારી એનો સમાદર કર્યો છે.

મહાત્મા ઈમર્સને પણ જીવનમાં પ્રસન્નતાને મહત્ત્વ આપતાં કહ્યું છે કે, 'આનંદ અને ઉત્સાહથી થનગનતો પ્રસન્ન ચહેરો એ જ શિક્ષણનો હેતુ છે.' ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ એ મનુષ્યને સ્વસ્થ રહેવાનું શીખવે છે. ધ્યાન વિશેના એક સૂત્રમાં ખૂબ મજાની વાત કરવામાં આવી છે. આપણને સહુને એ ગમી જાય તેવી વાત છે. ધ્યાન કેવી રીતે કરવું ? સાચું ધ્યાન કયું ? જીવનમાં પ્રસન્નતાનું પુષ્પ ખીલવતાં એ સહજ ધ્યાનની પ્રક્રિયા વિશે કહેવામાં આવ્યું છે કે, 'હંસિબો, ખેલિબો, કરિબો ધ્યાનમ્' અર્થાત્ હસતાં, ખેલતાં, રમતાં ધ્યાન કરી લો. આપણને નવાઈ લાગશે કે આ તે વળી કેવું ધ્યાન ? પરંતુ આજે તો આપણાં મનને નિશ્ચિંત અને નિર્ભાર કરી હસતાં-ખેલતાં કરી દેનાર ધ્યાનની જ સવિશેષ જરૂર છે.

એકવીસમી સદીમાં આપણાં સહુનાં જીવનમાં અનેક આંતરિક કટોકટી અને સંઘર્ષોની સાથે હાસ્યની પણ ભારે કટોકટી સર્જાઈ છે ! આપણે ત્યાં જીવન-જરૂરિયાતની વસ્તુઓ ઘણીવાર બજારમાંથી એકાએક અદૃશ્ય થઈ જતી હોય છે, એવી રીતે હાસ્ય પણ ધીરે ધીરે અદૃશ્ય થવા લાગ્યું છે ! જીવન-નિર્વાહની આવશ્યક ચીજ-વસ્તુઓને તો થોડાક વધુ પૈસા ચૂકવી આપણે મેળવી શકતા હોઈએ છીએ, પરંતુ આ હાસ્ય અને પ્રસન્નતાને એ રીતે ખરીદી શકાતાં પણ નથી. હાં, ક્યારેક બે નંબરના પૈસાના જેવું બે-નંબરી હાસ્ય પણ ક્યાંકથી મળી રહેતું હોય છે, પરંતુ એ ઝાઝું ટકતું હોતું નથી. આયારામ-ગયારામની માફક થોડીક ક્ષણો માટે આવીને એ ચાલ્યું જતું હોય છે.

મુલ્લા નસીરૂદ્દીન એટલે જ હાસ્ય. એમના નામની સાથે હાસ્ય અવિભાજ્ય રીતે જોડાઈ ગયું છે. એકવાર મુલ્લાના મિત્રે એમને પૂછ્યું કે, તમે આખી દુનિયાને હસાવો તો છો, પરંતુ મારે એ જાણવું છે કે, તમે આ હસાવવાની કળા શીખ્યા કોની પાસેથી ? મુલ્લાએ કહ્યું, દોસ્ત જવા દે ને એ બધી વાત. તારે એ જાણીને શું કરવું છે ? તારે તો હસવાથી કામ ને, બીજી બધી પંચાતમાં પડવાની શી જરૂર ? મુલ્લા યેન કેન પ્રકારેણ વાતને ટાળવા માગતા હતા. એ જોઈને મિત્રને થયું કે, ચોક્કસ વાતમાં કોઈ રહસ્ય જરૂર છુપાયેલું છે. એ તો મુલ્લાની બરાબર પાછળ પડી ગયો. છેવટે મુલ્લાએ પોતાની હાસ્યકલાનું રહસ્યોદ્‌ઘાટન કરતાં પોતાના મિત્રને નીચે પ્રમાણેની એક કથા કહી સંભળાવી. મુલ્લા પોતે પાન ખાવાના ભારે શોખીન હતા. આખો દિવસ મોઢામાં પાન રહેવાને કારણે એમનું મોઢું બરાબર ખૂલી શકતું નહોતું. એમના ચહેરાના અમુક પ્રકારના સ્નાયુ યોગ્ય રીતે કામ કરતા નહોતા. એટલે તેઓ એક હકીમની પાસે પહોંચ્યા. આ હકીમે મુલ્લાનું નિદાન કરી એમને હંમેશાં હસતા રહેવાનું પ્રિસ્ક્રીપ્શન લખી આપ્યું. મુલ્લાએ હકીમને પૂછ્યું કે એ સિવાય બીજી કઈ કઈ દવાઓ મારે લેવાની છે ? હકીમે કહ્યું, મુલ્લા નસીરૂદ્દીન તમારે બીજી કોઈ દવા-દારૂની આવશ્યકતા નથી. બસ જિંદગીભર હર હાલતમાં તમારે હસતા રહેવાનું છે. એ જ તમારો શ્રેષ્ઠ ઈલાજ છે. બસ, મુલ્લાએ હકીમની એ વાત માની, જ્યારથી હસવાનું શરૂ કર્યું છે, ત્યારથી કોઈ તકલીફ નથી. મુલ્લાજીએ વિચાર્યું કે, હકીમની વાત મેં માની લીધી પણ દુનિયાના લોકો એ કંઈ માનવાના નથી. એટલે જીવનભર તેઓ સહુને હસાવતા રહ્યા અને આજે પણ એમના જીવન વિશેના નાનકડા પ્રસંગોને યાદ કરીને

આપણે ખડખડાટ હસી પડીએ છીએ.

આજે આપણા સહુના જીવનમાંથી એ હાસ્ય ધીરે ધીરે અદૃશ્ય થવા લાગ્યું છે. આખી દુનિયાનો ભાર જાણે આપણા માથે હોય, એ રીતે ખૂબ ગંભીર થઈને આપણે ફરતા હોઈએ છીએ. પ્રસન્નતાની પમરાટ ફેલાવતું સ્મિતનું એ પુષ્પ જાણે મુરઝાઈ રહ્યું છે. આપણે સ્મિતના એ પુષ્પને પૂર્ણ રીતે વિકસિત કરી હાસ્યના પરિમલને પ્રગટાવવો છે. જીવનને ખેલતાં, કૂદતાં, હસતાં ઝરણાના જેવું સહજ બનાવવું છે. આ પ્રસન્નતાની ગુરુચાવી બતાવતાં ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, સ્થિતપ્રજ્ઞ થયેલ વ્યક્તિ પ્રસન્નતાને પામે છે અને આવી પ્રસન્ન વ્યક્તિનાં દુઃખ, ચિંતા, ક્લેશ બધું મટી જાય છે. કોઈ કવિએ સાચું જ કહ્યું છે, 'આવી મળે જે ઉપાધિયોગ - બની રહો તે સમાધિયોગ' વાસ્તવમાં આ 'પ્રસન્નતા' - તો આપણા સત્-ચિત્-આનંદ સ્વરૂપમાં જ છુપાયેલી છે. એને બહાર શોધવા જવાની પણ જરૂર નથી. એને માટે કોઈ રાહ જોવી પડે તેમ પણ નથી. એ તો આ ક્ષણે અને અત્યારે આપણાં સહુની પાસે હાજરાહજૂર છે. તો પછી એ પ્રગટ કેમ થતી નથી ? એને માટે આપણે જ જવાબદાર છીએ. આપણને દુઃખ, ચિંતા ને ગ્લાનિમાં પડ્યા રહેવું ગમતું હોય છે. આપણે માની લીધું છે કે, જીવનમાં આવું બધું તો હોય જ અને એટલે એ બધાથી ટેવાઈ પણ ગયા છીએ. બાકી આપણે ધારીએ તો આ ક્ષણે એ બધામાંથી બહાર નીકળી શકીએ તેમ છીએ.

તો, ચાલો શરૂઆત આપણાથી જ કરીએ. પ્રસન્નતાના માધુર્યને પામતાં પહેલાં આપણે પહેલાં તો હસવું પડશે. વિનોબાજી આ અંગે વારંવાર કહેતા કે, 'એક ગણું ખાવ બે ગણું પીઓ, ત્રણ ગણી હવા લો અને ચાર ગણું હસો' આપણે તો એક ગણું હસવા પણ તૈયાર નથી. તો પછી જીવનમાં પ્રસન્નતાને કેવી રીતે પ્રગટાવીશું ? આજની આ મંગલ ક્ષણે જ મુક્તમને હસી પડી સમગ્ર સૃષ્ટિને પ્રસન્નતાથી ભરી દઈએ અને એ રીતે આપણને મળેલ પ્રસન્નતાના વરદાનનો સમુચિત સમાદર કરતા શીખીએ.

(વિવિધતામાં એકતા.....અનુસંધાન પાન-૨૭ પરનું ચાલુ)

તપાસ કરી કે વાત સાચી છે કે ખોટી ? સરનામા લખી લીધા. પછી ત્યાં જઈ તપાસ કરી આવ્યા કે વાત સાચી છે. અમારા દેખતાં જ ચામડાની એ થેલી કોઈ ઉપાડી ગયું. બીજું એ કંઈ જાણતા નથી એ માણસ કોણ હતો ? કેવો હતો ? કંઈ જ જાણતા નથી. એ લઈ ગયો હતો. સ્ટેશન માસ્તર તો રડ રડ કરે. પણ એની બૈરી એને વારંવાર કહે-પંચમહાલમાં ભીલોમાં હું કામ કરતો એટલે હું ત્યાં જ હતો-બૈરી કહે, 'રડ રડ શું કરો છો ? રડવાથી શું વળવાનું છે ? આપણે કંઈ ચોરી કરી નથી. તમે ભગવાનને પ્રાર્થના કરો. આપણે ભગવાનને પ્રાર્થના તો કરીએ. એ મળવાનું હશે તો મળશે. નહિ મળવાનું હોય તો નહિ મળે. પણ પ્રાર્થના તો કરીએ. ભગવાનની આગળ પ્રાર્થના કરીએ. આપણે ભગવાનને ના માનતા હોઈએ, પણ આપણે નથી માનતા એવું કંઈ હોતું નથી. આપણે ના માનીએ એ જુદી વાત છે. પણ એ આપણને નથી માનતો એવું નથી. માટે આપણે પ્રાર્થના કરો.' પેલો કહે, 'તું તારે કર. મારા મોંમાંથી પ્રાર્થનાના શબ્દો ન નીકળે.' એ બૈરીએ પ્રાર્થના કરી-બરાબર રડતાં રડતાં પ્રાર્થના કરી. એવા શબ્દોથી ભગવાનને પ્રાર્થના કરી કે જે માણસ પેલી થેલી લઈ ગયો હોય એ થેલી પાછી આપવા રાત્રે આવ્યો. એને પછી બહુ પસ્તાવો થયો. કહે, 'મારી બૈરી મને બહુ લઢી અને કહ્યું, 'જંગલમાં બિચારા સ્ટેશન માસ્તર એકલા રહે છે. એની પાસે પૈસો નહિ અને તેં આવું કર્યું ? તો એની શી વલે થશે ? સરકારમાંથી એની નોકરી જશે, બીજે કંઈ ચોરી કરજે પણ આ ના કરીશ.' પેલી બાઈ પ્રાર્થના કર્યા કરતી હતી, એના લીધે હોય કે ગમે તેમ હોય, પણ થેલી પાછી આવી. એ જોઈને એ બહુ રાજી થયો. એ તો થેલી જોઈને નાચવા લાગ્યો. થેલી લઈને આવનારને બાથમાં લઈને બેસાડ્યો. એની પત્નીએ ચાપાણી કરાવ્યા, નાસ્તો કરાવ્યો, જમાડ્યા બરાબર. અને ભગવાનને પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ, આવા સંકટમાં તમે જે મદદ કરી, કૃપા કરી ઉગાર્યા'- બૈરી તો બરાબર માની ગયેલી-હું એ વખતે હાજર હતો. ધણી માનતો ન હતો. એ તો કહે, 'આ તો ઓટોમેટીક (=આપોઆપ) બન્યું.' પત્ની કહે, 'આ તો બને નહિ ને બન્યું.' ભગવાનને ના માનતા હો તો ના માનો. ગમે તેમ મળી ખરી. જઈને પછી સ્ટેશન માસ્તરે વાત કરી કે 'જે લઈ ગયો હતો, તે પાછી આપી ગયો.' પણ એ સ્ટેશન માસ્તરના નામ પર ચડ્યું તે ચડ્યું. એ છૂટ્યો ત્યાં સુધી નીકળ્યું નહિ, કે એણે જ આ ગોલમાલ કરેલી. પેલા માણસને તૈયાર કરીને ચોરી કરાવી છે.

'વસંતે બહાર'માંથી સાભાર

# પ્રાર્થનાસભામાં પૂજ્ય સ્વામીજીનો સંદેશો

ૐ નમો નારાયણાય, ગુરુભગવાન શ્રી સ્વામી શિવાનંદજી મહારાજને પ્રણામ. પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપ શ્રી સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજને પ્રણામ. ઉપસ્થિત સર્વે સંતોના શ્રીચરણમાં પ્રણામ. ૐ નમો નારાયણાય, જય સ્વામિનારાયણ. ઉપસ્થિત સંતોના હૃદયમાં બિરાજમાન પરમાત્માને દાસ અધ્યાત્મના દંડવત્ પ્રણામ. ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવ, શ્રીરામ દરબાર, ભગવતી જગજ્જનની મા અષ્ટલક્ષ્મીને કોટિ કોટિ દંડવત્ પ્રણામ.

એક વખતે શ્રી શ્રી આનંદમયી માએ દર વખતની જેમ મને પૂજ્ય મોટા સ્વામીજીને ૐ નમો નારાયણાય કહેવાનું કહેલું. કહ્યું હતું, "બાબા કો ઈસ શરીર કા નમો નારાયણ, નમો નારાયણ, નમો નારાયણ." મેં કહ્યું, "મા બાબા તો બહામાસ ગયા છે." વળતાં જ મા એકદમ બોલ્યાં, "અભી બાબા કો આના જાના હૈ ?" ખરેખર પૂજ્ય ગુરુદેવનો દેહવિલય થયો હશે, પરંતુ તેમની ચેતના, દિવ્યતા અને ભવ્યતા શાશ્વત છે અને ચિરંતન રહેશે. આ પૃથ્વી ઉપર અનેક સંતો આવ્યા અને ગયા. પૂજ્ય મધર ટેરેસા હંમેશાં કહેતાં કે બાબાનું દર્શન એટલે જાણે સંત ફ્રાન્સિસ ઓફ એસીસીને મળ્યા. ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ પોતે જ કહેતા, "સ્વામી ચિદાનંદ બુદ્ધનો અવતાર છે. એના પ્રારબ્ધને કારણે તે મારા શિષ્ય થયા છે; પરંતુ મારા ગુરુ થવાની તમામ યોગ્યતા એમનામાં છે." પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજ સદૈવ કહેતા, "સ્વામીજી મહારાજને મળીએ એટલે યોગીબાપાને મળ્યાનો આનંદ મળે. મને ખબર નથી કે આપણે કેટલા નજદીકથી સ્વામીજીનું દર્શન કર્યું. સ્વામીજીના લલાટમાં છેક ભ્રૂકુટીથી જ ઉપર સુધી એક સીધી રેખા હતી. કપાળની ઉપસેલી એક નસ અને યોગીજી મહારાજને પણ આવું હતું જ. તમે બંનેનાં દર્શન એકસાથે કરી જુઓ. આ વિભૂતિઓ કરોડોમાં એક વખત ક્યારેક અવતરણ કરતી હોય છે." આપણે કરુણાની વાત કરીએ છીએ. એક દિવસ એક મરેલા વંદા (Cockroach)ને એક કીડીઓનું ટોળું લઈને જતું હતું. વંદો ખાસ્સો મોટો હતો. સેંકડોની સંખ્યા હોવા છતાં કીડીઓ માટે આ એક સંઘર્ષ જેવું હતું. સ્વામીજીએ ધીરે ધીરે ફૂંકથી કીડીઓને દૂર કરી અને કાગળ પર પેલા વંદાના બ્લેડથી બારીક ટુકડા કર્યા, પછી શાંતિથી કહે, "હવે કીડીઓને તેમનો આહાર લઈ જવાનું સહેલું પડશે." આશ્રમમાં ઉત્સવ હોય, સમૈયો હોય અને બે-ચાર દિવસ જો સ્વામીજીના આંગણામાં રોપેલા ફૂલછોડને પાણી ન પવાય તો સ્વામીજી પોતે જ ઉપવાસ કરે. કહેશે, "આ બધા અતિથિઓને જમાડ્યા વગર આપણાથી કેમ જમાય ?" એમની તો વાત જ ન્યારી હતી. એમના જીવનની પળેપળનો શ્વાસ માત્ર સેવા અને પરોપકાર જ હતો. એક દિવસ ટ્રેનમાં કોઈએ જાજરૂ બગાડી મૂક્યું હશે, સફાઈવાળા આવ્યા નહીં હોય, પેસેન્જરો કકળાટ કરતા હતા, તો સ્વામીજી ઊભા થઈને બંને તરફનાં જાજરૂ સાફ કરીને બેઠા. એમને મન સત્ય અને અહિંસા, ચારિત્ર્ય અને પરોપકાર શબ્દો કે વાણી-વિલાસ નહોતાં જ, પરોપકાર શું કહેવાય તે જો પરોપકારને પોતાને જાણવું હોય તો પૂ. સ્વામીજીના હૃદયમાં તેને ડોકિયું કરવું પડશે."

આડંબરરહિત કરુણાના સ્રોત, પવિત્રતાનું મૂર્તસ્વરૂપ, સાક્ષાત્ "ભગવાન" એટલે ઐશ્વર્યવાન એ પરમાત્માસ્વરૂપ પુણ્ય પુરુષોત્તમપુરુષ સ્વશરીરે આપણી વચ્ચે નથી, પરંતુ આપણું સૌનું સૌભાગ્ય છે કે આપણે સૌ એમના અવતરણના યુગમાં જીવ્યા છીએ. આપણે એમનો સ્પર્શ કર્યો છે. એમણે આપણાં હૃદય, મન અને ચેતનાને સ્પર્શ્યાં છે. આપણે એમના પવિત્ર શરીર સાથે જીવ્યા હતા. હવે આપણે એમની સ્મૃતિ અને સંસ્કાર સાથે જીવવાનું છે. એ અહીં જ છે. આ ભૂમિમાં, આ વાતાવરણમાં એ જ બોલી રહ્યા છે. એમની દિવ્ય ઉપસ્થિતિને કોટિ કોટિ દંડવત્ પ્રણામ. આપ સૌ અત્રે પધાર્યા, પૂજ્ય સ્વામીજીની સ્મૃતિઓને વાગોળી અને આપ સૌએ અમને કૃતાર્થ કર્યા છે. આપ સૌનાં ચરણોમાં ફરીથી દંડવત્ પ્રણામ અને ૐ નમો નારાયણાય સાથે ૐ શાંતિ:, હરિ: ૐ શ્રી ગુરુભ્યો નમો નમ:.

- સ્વામી અધ્યાત્માનંદ

# પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની દિવ્ય યાત્રા-૨૦૦૮

**બ્રીસ્ટોલ :** દિવ્ય ટૂર-૨૦૦૮નો શુભારંભ પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીએ યુનાઈટેડ કીંગડમથી કર્યો હતો. તા.૨૯-૭ની સાંજે પૂજ્ય સ્વામીજી એર ઈન્ડિયાની ફલાઈટમાં આવી પહોંચતાં પુષ્પગુચ્છોથી તેમનું દબદબાપૂર્ણ સ્વાગત કરી તેમને બ્રીસ્ટોલ હંકારી જવામાં આવ્યા હતા. અહીં પૂજ્ય સ્વામીજી બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી વેંકટેશાનંદજી મહારાજ અને શ્રી સદ્‌ગુરુ ભગવાન શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના ભક્તપરિવાર શ્રીમતી ચંદ્રમણિબેન ટેલરને ત્યાં ઉતર્યા હતા.

અહીંના નિવાસ દરમિયાન પૂજ્ય સ્વામીજીએ માનસિક રોગોની હોસ્પિટલમાં જઈને દરદીઓ-ડૉક્ટરોની મુલાકાત કરીને કાઉન્સીલીંગ કર્યું હતું. બ્રીસ્ટોલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'ધ્યાન' માટે અંગત સાધનાર્થે માર્ગદર્શન આપ્યું હતું તથા ભક્ત પરિવારને ત્યાં સત્સંગ પણ કર્યો હતો.

**વાલીંગ્ટન :** ઓગસ્ટની પહેલી તારીખથી દસમી તારીખ સુધી પૂજ્ય સ્વામીજી વાલીંગ્ટનના ધીર્ચેસ ખાતે યોગાચાર્ય શ્રી જોગેન્દ્ર પટેલને ત્યાં રહ્યા. આદરણીય શ્રી જોગેન્દ્રભાઈ પટેલ ગિરનારના સુપ્રસિદ્ધ સંત શ્રી બાપુ પુનિતાચાર્યજી મહારાજશ્રીના શિષ્ય છે. ત્રણ વર્ષ પૂર્વે તેઓ શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે યોગ શિક્ષક તાલીમ શિબિરમાં જોડાયા હતા; ત્યારથી શ્રી સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના પવિત્ર સેવાયજ્ઞ પ્રત્યે તેઓશ્રીએ તેમના સદ્‌ભાવરૂપે ૨૦૦૬માં અને આ વર્ષે ૨૦૦૮માં દસ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજી પૂજ્ય સ્વામીજીની સેવાનો લાભ લંડનમાં અગણિત લોકોને અપાવ્યો હતો.

સવારે ૬-૦૦ થી ૮-૦૦ સુધી યોગાસનો, પ્રાણાયામ અને ધ્યાન ઉપરાંત દરરોજ સવારે દસથી બાર સુધી વૃદ્ધો-વડીલો માટે ચાલતી કે ચલાવાતી સંસ્થાઓમાં પૂજ્ય સ્વામીજીનાં સત્સંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે વિશેષ કરીને હાઈવ્યૂહ, સ્કાઉટ હોલ, અપના આશિયાના, મિલાપકેન્દ્ર, સાયેર સેન્ટર, વિશ્વ હિન્દુ પરિષદ, સમસ્ત લોહાણા સમાગમ ભવન ખાતે વાલીંગ્ટન ક્રોયડોન, કાઉલ્સડોન, કીંગ્સ્ટોન, મીચ્ચમ, ક્રીકલવુડ, થોર્ટનહીથ એરિયામાં આયોજાયેલા હતા. તદુપરાંત પુર્લે, નીસડન, બલહામ, કાર્શલટોન-કાર્શલટોન બીચ, મોર્ડન, સાઉથ શટન, અપટોનપાર્ક અને અક્ષબ્રિજ ખાતે પણ ભક્તોને ત્યાં સત્સંગોનું આયોજન કરવામાં આવ્યું હતું.

રવિવાર તા.૩જી ઓગસ્ટની સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર (BAPS) નિસડન ખાતે પૂજ્ય શ્રી સ્વામીજી મહારાજનો સત્સંગ તેમના સુપ્રસિદ્ધ મંદિર-હવેલીમાં આયોજાયો હતો. ફરીથી તા.૮-૮-૦૮ને શુક્રવારના રોજ આ જ સ્થળે સુપ્રસિદ્ધ યોગાચાર્ય શ્રી રામદેવજી મહારાજનું જાહેર પ્રવચન યોજાયું હતું, તેમાં પણ પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી પધાર્યા હતા. આ વિશેષ સમારંભમાં બંને યોગાચાર્યોનું મિલન પવિત્ર ગંગા-યમુનાના સંગમ સમાણું દિવ્ય હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર, નિસડનના મહંતશ્રી સાધુ વિવેક યોગ સ્વામીજીએ બંને સંતોનું શાલ ઓઢાડીને તથા પ્રસાદીની પુષ્પમાળાઓ પહેરાવીને સન્માન કર્યું હતું.

વાલીંગ્ટન ખાતેના નિવાસ અને ભરચક કાર્યક્રમોના ખૂબ જ સફળ આયોજન માટે શિવાનંદ આશ્રમ અને શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ શ્રી જોગેન્દ્રભાઈ પટેલ, તેમનાં ધર્મપત્ની શ્રીમતી ધર્મિષ્ઠાબેન પટેલ, બા-સુશ્રી શાંતાબેન, ભાઈ ચિરંજીવી વિરેન્દ્ર, ભાભી અ.સૌ. ઈલાબેન અને બહેનો, સંતાનો તથા તેમના શુભેચ્છકો સૌના આભારી રહેશે.

તા. દશમીની સાંજે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અક્ષબ્રિજ; અનુપમ મિશન જવા રવાના થયા હતા.

**અક્ષબ્રિજ-અનુપમ મિશન**

પૂજ્યશ્રી જશભાઈ સાહેબજી, સંસ્થાપક-અધ્યક્ષ; અનુપમ મિશન મોગરીના પ્રેમસભર નિમંત્રણને માન આપી પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ અનુપમ મિશન, યુ.કે. આવીને નવ દિવસ રહ્યા હતા.

એક વિશેષ ઊભા કરેલા શમિયાણામાં સવારે ૬-૦૦થી ૮-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામીજી મહારાજનો ૭૦૦મો યોગાસન શિબિર આયોજાયો હતો. જેમાં પ્રવેશ હેતુ ૫૧ પાઉન્ડનો ન્યોચ્છાવર અનુપમ મિશન દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. શિવાનંદ આશ્રમ, અમદાવાદના ડૉ. સ્નેહલ અમીન અને શ્રીમતી યશોદા અમીને આ બધા જ દિવસો પૂજ્યશ્રી સ્વામીજી મહારાજશ્રી સાથે રહીને સેવાઓ બજાવી હતી. આ જ શમિયાણામાં સુપ્રસિદ્ધ કથાકાર શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યાનાં ગીતાપ્રવચનો દરરોજ સાંજે આઠથી

દસ વાગ્યા સુધી આયોજાયાં હતાં.

પૂજ્ય સ્વામીજીના આ અનુપમ મિશનના નિવાસ દરમિયાન શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના ભક્તિપરિવાર શ્રીમતી કાંતાબેન અને શ્રી હરિભાઈ રાજદેવના સુપુત્ર ચિરંજીવ નીતિનનાં લગ્ન સમારંભમાં પણ ઘનશ્યામ હોલ, સ્વામિનારાયણ મંદિરે પૂજ્યશ્રી પધાર્યા હતા.

અનુપમ મિશનના ભક્ત શ્રીમતી અને શ્રી જતીન પટેલના નવનિર્મિત રેસ્ટોરાં (વેમ્બલી) ખાતે પૂજ્ય સાહેબજી તથા પૂજ્ય સ્વામીજીના સત્સંગ આયોજાયા હતા.

અનુપમ મિશન ખાતે રક્ષાબંધન અને ભારતનું ૬૧મું સ્વાતંત્ર્યપર્વ ખૂબ જ ધામધૂમથી ઉજવાયું હતું. આ પ્રસંગે યુનાઈટેડ કીંગડમ ખાતેના ભારતીય એમ્બેસડરશ્રી, મેયરશ્રી, સેનેટ મેમ્બરો, ઓક્ષફર્ડ યુનિવર્સિટીના ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વચિંતનના વડા સર શૌનકઋષિ તથા શ્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા ઉપરાંત સેંકડો ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. યુ.કે. તથા ભારતના ધ્વજવંદન પછી શમિયાણામાં સૌ વરિષ્ઠ લોકોનાં ઉદ્‌બોધનો થયાં હતાં. 'મેરા ભારત મહાન' એવી નૃત્યનાટિકાનું પ્રસ્તુતિકરણ થયું હતું. જે ખૂબ જ હૃદયસ્પર્શી અને દર્શનીય હતું.

તા.૧૯-૮ની સવારે વહાલા સાહેબશ્રીજી અને અન્ય મુક્તો તથા ભક્તોની ઉષ્માભરી વિદાય લઈને પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી યુ.એસ.એ. જવા હીથ્રો એરપોર્ટ જવા રવાના થયા હતા.

અનુપમ મિશન, યુ.કે.ના મહંતશ્રી હિંમત સ્વામીજી આદરણીય ચિરંજીવભાઈ જયેન્દ્ર, શ્રદ્ધેય બીમલભાઈ, શ્રી કિરણભાઈ સંસ્થાના પ્રમુખશ્રી વિનુભાઈ, અનુપમ મિશન-યુ.કે., યુ.એસ.એ. અને યુરોપના પ્રમુખશ્રી સતીષભાઈ તથા સંસ્થાના પ્રાણ સુશ્રી કીર્તિબેન, ભાનુબેન, ભાવીષા વગેરે સૌની સેવાઓ માટે પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તથા શિવાનંદ આશ્રમ, અમદાવાદ હૃદયપૂર્વક આભારી રહેશે.

**શિકાગો (યુ.એસ.એ.)** : તા. ૧૯-૮ની સાંજે શિકાગો આગમન પર પૂજ્યા માતૃસ્વરૂપ આદરણીયા ડૉ. મિનળબેન અને ડૉ. ભરતભાઈ નાયકે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોને શોભે તેમ પરંપરાગત પૂર્ણકુંભ દીપક અને આરતીથી વૈદિક મંત્રોચ્ચાર સાથે સ્વાગત કર્યું હતું.

સાંજે ૭-૦૦ વાગ્યે શિકાગોના સુપ્રસિદ્ધ હિન્દુ ટેમ્પલ ખાતે સંસ્થાના અધ્યક્ષ આદરણીય શ્રી સુબ્રમણ્યમ વેમોરી સાહેબ અને મંદિરના અર્ચકો દ્વારા પરંપરાગત પૂર્ણ કુંભ દ્વારા સ્વાગત થયું હતું. પૂજ્ય સ્વામીજી મહારાજને વિશાળ શ્રી ગણપતિ મંદિર, શિવમંદિર, શ્રી દુર્ગા, શ્રીરામ, શ્રી રાધાકૃષ્ણ અને શ્રી બાલાજી મંદિરમાં લઈ જવાયા હતા. સંસ્થાના સુવિશાળ રંગભવનમાં પૂજ્ય સ્વામીજીના સ્વાગત સમારોહ નિમિત્તે અને પૂજ્ય સ્વામીજીના ઉદ્‌બોધનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પશ્ચાત સંસ્થાના મુખ્ય મંદિરમાં ચાલતી શ્રીમત્ ભાગવત કથામાં પણ પૂજ્યશ્રીને ઉદ્‌બોધન કરવા પ્રાર્થના કરવામાં આવી હતી. પૂજ્યશ્રીના ઉદ્‌બોધન અને સંકીર્તને સૌનાં હૈયાં પુલકિત થયાં હતાં, અનેક ભક્તોએ ઊભા થઈને પ્રેમસભર નર્તન પણ કર્યું હતું.

સંસ્થાના વિશાળ રંગભવનમાં દરરોજ સવારે ૬-૦૦થી ૮-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામીજી મહારાજનો ૭૦૧મો યોગશિબિર આયોજાયો હતો. કોમ્પ્યુટર પર કલાકો સુધી કામ કરતા લોકોને આંગળીઓ, અંગુઠા, કાંડા, બાવડાં, ખભા, ગળું, ખુંધ અને કમરના દુખાવા થતા હોય છે. તે માટે એક ખાસ પ્રયોજન કરેલી યૌગિક કસરતો, આસનો પ્રાણાયામનું પ્રશિક્ષણ પૂજ્યશ્રીએ આપ્યું હતું. જેમાં ભારતની તમામ ભાષાના લોકો સિવાય બ્રહ્મલીન શ્રી સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજના સંન્યાસી શિષ્ય અને અનેક અમેરિકનો પણ જોડાયા હતા.

તા.૨૩-૮ના રોજ શનિવારે રાત્રે હિન્દુ ટેમ્પલ ઓફ ગ્રેટ શિકાગોમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વ ખૂબ જ દબદબાપૂર્વક આયોજાયું હતું. પૂજ્ય સ્વામીજીનાં કીર્તનો અને શ્રીકૃષ્ણ કથાએ ખૂબ જ રંગ જમાવ્યો હતો. તે સિવાય શિકાગોમાં અનેક ભક્તોને ત્યાં પૂજ્ય સ્વામીજીની પધરામણીઓ થઈ હતી. તદુપરાંત શ્રી અરવિંદ કેન્દ્રમાં ભક્તિયોગ, શ્રી જલારામ મંદિરમાં જપ સાધના, સ્વાધ્યાય પરિવારમાં દૈનિક જીવનમાં ગીતા, ગાયત્રી મંદિરમાં શ્રીકૃષ્ણ મહિમા, ગીતા સ્ટડી ગ્રુપમાં દૈનિક આધ્યાત્મિક સાધના, આર્યસમાજ મંદિરમાં દૈનિક જીવનમાં વેદાંત વિચાર અને તે સિવાય ભક્તોને ત્યાં યોજાયેલા સત્સંગોમાં નામસ્મરણ મહિમા, યોગ એ જ જીવન, શ્રીકૃષ્ણ-પૂર્ણ અવતાર વગેરે પ્રવચનો યોજાયાં હતાં.

શિકાગોના આ છ દિવસના ભરચક કાર્યક્રમનું સઘળું આયોજન અને શ્રેય પરમ શ્રદ્ધેયા ડૉ. મીનળબેન અને આદરણીય ડૉ. ભરતભાઈ નાયકને ફાળે જાય છે.

*શ્રી શિવાનંદ આશ્રમ અને દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ આ પવિત્ર ચરિત્ર સેવાભાવી દંપતિના તેમની શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના પવિત્ર સેવાયજ્ઞમાં ઉદાર ચરિત સેવાઓ માટે આભારી રહેશે. તા.૨૪-૮ની બપોરે પૂજ્ય સ્વામીજી મીલવૉકી જવા રવાના થયા હતા.*

**મીલવોકી :** *શ્રી ગુરુભગવાન સ્વામી ચિદાનંદજી મહારાજ તેમની પહેલી અમેરિકા-યાત્રામાં ૨૬મી નવેમ્બર ૧૯૫૯ના રોજ મીલવૉકી પધાર્યા હતા અને શ્રી તથા શ્રીમતી વિક્ટોરિયા કોઅન્ડાને ત્યાં અતિથિ થઈને રહ્યા હતા. અહીં રહીને ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ તેમણે અમેરિકન રેડિયો અને ટેલિવિઝનના માધ્યમથી દિવ્ય જીવનનો સંદેશો આપ્યો હતો. આ પ્રચારથી લગભગ એકસો લોકો દરરોજ તેમના પ્રવચનમાં આવતા થયા હતા, ત્યારે તેમણે શ્રી સદ્‌ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના 'રાજયોગના ૧૪ સોપાન' પુસ્તકના આધારે પૂરા બે મહિના સુધી પ્રવચનો આપ્યાં હતાં. છેક ૧૪ જાન્યુઆરી ૧૯૬૦માં તેઓ મીનીઆપોલીસ ગયા હતા. (*The Holy Stream by *શ્રી શરતચંદ્ર બહેરા પુસ્તકમાંથી આ* Raf. *પાના નં.૧૧૦ થી ૧૧૨)*

*પૂજ્ય સ્વામીજી મહારાજ જે મકાનમાં રહ્યા હતા તે મકાનમાં હજુ પણ માતા વિક્ટોરિયા કોઓન્ડાના પરિવારના લોકો રહે છે. તે પ્રસાદી-ભવનનાં દર્શને શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ગયા હતા.*

*તા.૨૪-૮ને રવિવારના રોજ મીલવૉકીનાં હિન્દુ મંદિરમાં પવિત્ર જન્માષ્ટમી પ્રસંગે પૂજ્ય સ્વામીજી મહારાજ પધાર્યા હતા. તે ઉપરાંત મંદિરના વિશાળ રંગભવનમાં દરરોજ સાંજે છથી સાડા સાત યોગવર્ગ અને સાડા સાતથી સાડા આઠ સુધી દૈનિક જીવનમાં ગીતા અને વેદાંત, મંત્ર અને જપ સાધનાનું વિજ્ઞાન, જીવનલક્ષ્ય અને તેની પ્રાપ્તિના ઉપાય વગેરે પ્રવચનો થયા હતા. તા.૨૬-૮ના રોજ સવારે દસથી બાર સુધી મેડીસન ખાતે પૂજ્ય સ્વામીજી મહારાજનો સત્સંગ આયોજાયો હતો. અનેક ભક્તોની ઈચ્છાથી પૂજ્ય સ્વામીજીએ પધરામણી કરીને ભક્તોને રાજીપો આપ્યો હતો. આ ધર્મલાભથી ભારતીય પ્રજાને આત્મસંતોષ થયો હતો.*

**ડેલાવર, એલનટાઉન અને ન્યુજરસી :** *તા.૨૮-૮ની સવારે પૂજ્ય સ્વામીજી ફિલાડેલ્ફિયા એરપોર્ટથી શ્રી મહેન્દ્ર કારીયા આયોજિત સત્સંગમાં સેવા આપીને ન્યુજરસી ખાતે આયોજાયેલ વિશ્વ ગુજરાતી પરિષદ-વર્લ્ડ ગુજરાત કોન્ફરન્સ-૨૦૦૮માં ભાગ લેવા ૨૯-૮ની બપોરે આવી પહોંચ્યા હતા. આ કોન્ફરન્સની વચ્ચેથી ૩૦-૮ શનિવારની સાંજે પૂજ્ય સ્વામીજી વહાલા શ્રી જસભાઈ સાહેબ, અનુપમ મિશનના નિમંત્રણે એલન ટાઉનનાં સ્વામિનારાયણ મંદિરે પણ શનિવારની જાહેર સત્સંગસભામાં ગયા હતા.*

*વર્લ્ડ ગુજરાત કોન્ફરન્સમાં ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેવા ઉપરાંત ત્રણ સેમિનારમાં બેમાં વક્તા અને એકમાં પ્રમુખપદે પૂજ્યશ્રી બિરાજ્યા હતા. આ પરિષદમાં ગુજરાતના કવિ, લેખકો, સંગીતકારો અને ગાયકો દ્વારા ગુજરાતની ગરીમા તથા ગૌરવની યશગાથા ગજવવામાં આવી હતી. વિશ્વ ગુજરાતી પરિષદનું સમાપન ૩૧-૮ની સાંજે થયું હતું. ત્યાર બાદ કરણી મંદિરમાં સ્વામીજીનો સત્સંગ આયોજાયો હતો.*

## શિવાનંદ આશ્રમના આગામી ઉત્સવો

**(૧) સદ્‌ગુરુદેવનો ૧૨૧મો જન્મોત્સવ :** *તા.૮-૯-૨૦૦૮, સોમવારના રોજ બ્રહ્મલીન સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૨૧મો જન્મોત્સવ તથા બ્રહ્મલીન શ્રી સ્વામી પવિત્રાનંદજી મહારાજની ૧૫મી પુણ્યતિથિ પ્રસંગે સત્સંગ તથા શ્રી ગુરુપાદુકાપૂજન સાંજે ૬-૩૦ થી ૮-૦૦ કલાકે. નારાયણ સેવા.*

**(૨) પૂજ્ય ગુરુદેવનો ૯૩મો જન્મોત્સવ :** *તા.૨૪-૯-૨૦૦૮, બુધવારના રોજ પૂજ્ય ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજના ૯૩મા જન્મજયંતીની ઉજવણી નિમિત્તે સત્સંગ અને શ્રી ગુરુપાદુકા પૂજન સાંજે ૬-૩૦ થી ૮-૦૦ કલાકે. નારાયણ સેવા.*

**(૩) શ્રી નવરાત્રી ઉત્સવ :** *તા.૩૦-૯-૨૦૦૮, મંગળવારથી તા.૯-૧૦-૨૦૦૮, ગુરુવાર : શ્રીયંત્ર તથા માતાજીના ઘટસ્થાપનની પૂજા, આરતી સવારે ૬-૦૦ કલાકે, તથા સાયં આરતી સાંજે ૭-૦૦ કલાકે. દરરોજ સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ શ્રીમદ્ ભગવદ્‌ગીતા પારાયણ તથા સાંજે ૪-૦૦ થી ૭-૦૦ શ્રી દુર્ગાસપ્તશતી (ચંડીપાઠ) પારાયણ. તા.૭-૧૦-૨૦૦૮, મંગળવારના રોજ અષ્ટમી યજ્ઞ સવારે ૯-૩૦ કલાકે તથા કુમારિકા અને બટુક પૂજન સવારે ૧૧-૦૦ કલાકે. માતાજીના ગરબા દરરોજ રાત્રે ૯-૦૦થી ૧૨-૦૦ કલાકે.*

**(૪) ધનતેરસનું સામૂહિક લક્ષ્મીપૂજન :** *તા.૨૬-૧૦-૨૦૦૮, રવિવારના રોજ ધનતેરસના પવિત્ર દિવસે સામૂહિક લક્ષ્મીપૂજન શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે સાંજે ૬-૩૦ કલાકે. પૂજામાં ભાગ લેવા ઈચ્છુક ભક્તોને અગાઉથી કાર્યાલયમાં નામ નોંધાવવા વિનંતી.*

**(૫) દીપાવલી અન્નકૂટ દર્શન :** *તા.૨૮-૧૦-૨૦૦૮, મંગળવારના રોજ શ્રી શ્રી શ્રી અષ્ટલક્ષ્મી તથા શ્રી આદિ શક્તિ માતાજીનો દીપાવલી અન્નકૂટ દર્શન સાંજે ૪-૩૦ થી ૮-૩૦ કલાકે. અન્નકૂટ માટે ભક્તો તરફથી પ્રસાદ આવકાર્ય છે.*

# વૃત્તાંત

**દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ :** *જુલાઈ મહિનાની અઢારમી તારીખે પવિત્ર ગુરુ પૂર્ણિમા હતી. આ પ્રસંગે પૂજ્ય ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો સંદેશ આ પ્રમાણે હતો :*

*'પૂર્ણિમાનો અર્થ ચંદ્ર તેની પૂર્ણ કળાએ પ્રકાશે તે થાય. આ દિવસે ચંદ્રમા સૂર્યના પ્રકાશને બીજા કોઈપણ વ્યવધાન કે અંતરાય વગર પ્રકાશે છે. ભલેને રાત અંધારી હોય પરંતુ પૂર્ણ ચંદ્રના અજવાળામાં બધું જ જોઈ શકાય. રાત્રિના નિબિડ અંધકારને આ ચંદ્ર પ્રકાશ દૂર કરે છે.'*

*એવી જ રીતે શિષ્યના અજ્ઞાન અંધકારને ગુરુ દૂર કરીને જ્ઞાનપ્રકાશનાં અજવાળાં પાથરે છે. આ જ્ઞાનપ્રકાશ જ શિષ્યને બ્રહ્મજ્ઞાન પ્રતિ અગ્રસરે છે. આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ શિષ્ય જન્મ અને મૃત્યુના આવાગમનમાંથી મોક્ષ આપે છે.*

*સંસ્કૃતમાં એક શ્લોક છે, 'ગુકારશ્ચાંધકારો હિ રુકારસ્તેજ ઉચ્યતે' અહીં 'ગુ' શબ્દ અંધકાર માટે અને 'રુ' તે અજ્ઞાન અંધકાર દૂર કરવા માટે વપરાયેલો છે. અર્થાત્ ગુરુ શબ્દનો અર્થ જ અજ્ઞાન અંધકારને દૂર કરનારા એવો થાય.*

*આમ ઉપર કહ્યા પ્રમાણે શિષ્યનું કર્તવ્ય છે કે ગુરુનાં આધ્યાત્મિક જ્ઞાનોપદેશને ગ્રહણ કરી તેનું સ્વકીય જીવનમાં આચરણ કરી ગુરુજ્ઞાનથી શિષ્ય સ્વયં પણ પ્રકાશિત થાય.*

*શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજ અને પરમાત્માની મંગળમય કૃપાનું અમોઘ વરદાન આ પવિત્ર ગુરુપૂર્ણિમા પર્વે બહુવિધ મંગળ કરે, એ જ પ્રાર્થના.*

*શિવાનંદ આશ્રમના તમામ ભક્તો અને ગુરુપૂર્ણિમા પ્રસંગે ઉપસ્થિત સર્વે સુભગ જનોને આ પવિત્ર પ્રસંગે અનેકશઃ સુભાશિષ અને શુભાકાંક્ષાઓ. હરિૐ તત્સત્.*

*સ્વામી ચિદાનંદ, અધ્યક્ષ, ધી ડિવાઈન લાઈફ સોસાયટી, શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે પણ ગુરુપૂર્ણિમા પર્વ ખૂબ જ સદ્ભાવ, ભક્તિ અને વિનમ્રતાથી ઉજવવામાં આવ્યું. સંકીર્તન ભજન ઉપરાંત શ્રી ચિદાનંદ યોગધ્યાન મંદિરમાં ગુરુપાદુકા પૂજન થયું. જેમાં ભક્તોની ખીચોખીચ ભરેલી ભીડ પરંતુ ખૂબ જ અનુશાસનબદ્ધ પૂજન, અર્ચન, અભિષેક, આરતી પછી પ્રસાદ વિતરણ અને મહાપ્રસાદનું આયોજન થયું. ૮૫૦થી વધુ ભક્તો મહાપ્રસાદ લઈને કૃતકૃત્ય તયા. ગુરુપૂર્ણિમા તા.૧૮-૭ના રોજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, સંદેશ, એશિયન એઈજ, એશિયન વોઈસ અને અકીલા દૈનિકપત્રોમાં અધ્યાત્માનંદજી મહારાજશ્રીનાં રક્તદાનની પ્રશસ્તિ કરવામાં આવી.*

*શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજનો મહાસમાધિ દિવસ-૪૫મું આરાધના પર્વ પણ ઉપર પ્રમાણે જ ઉમંગ અને ઉત્સાહભેર ઉજવાયું, પરંતુ તે જ સમયે દુર્ભાગ્યે અમદાવાદના વિભિન્ન ભાગોમાં બોમ્બ બ્લાસ્ટ થતાં બહારગામથી આવેલા ભક્તો જ પૂજનમાં ભાગ લઈ શક્યા. અમદાવાદના ભક્તો કોઈ આવી શક્યા નહીં.*

*૨૬મી જુલાઈ અમદાવાદના ઈતિહાસમાં એક ખૂબ જ દુઃખદ અને કાલીમાભર્યો દિવસ હતો. શહેરમાં બાવીસ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયા. અનેક ઘવાયા, સેંકડો જાનહાનિ થઈ. કરોડોનું નુકસાન થયું અને અશ્વત્થામાએ જેવી રીતે સૂતેલા પાંડવપુત્રોને મારવાનું જઘન્ય કાર્ય કર્યું હતું, તેવું જઘન્ય કાર્ય આ આતંકવાદીઓએ હોસ્પિટલોમાં બોમ્બ બ્લાસ્ટ કરીને કર્યું. શિવાનંદ આશ્રમમાં પ્રત્યેક દિવસ મૃત્યુ પામેલાઓની આત્મશાંતિ અને સદ્ગતિ માટે પ્રાર્થનાઓ કરવામાં આવી. ઘવાયેલાઓની સંપૂર્ણ સ્વસ્થતા, દીર્ઘ આયુષ્ય માટે અને જલદી સારા થવા માટે પ્રાર્થનાઓ થઈ, તદુપરાંત જેમનાં પરિવારનાં સ્વજનો ગયાં છે તેમને આ આઘાત સહન કરવાની શક્તિ અર્થે તથા આ રાક્ષસી આચરણ કરનારાઓને ઈશ્વર-અલ્લાહ સદ્બુદ્ધિ-સન્મતિ આપે તદર્થે પણ પ્રાર્થનાઓ કરવામાં આવી.*

*જુલાઈની દસમી તારીખે શ્રીમતી યશોદા અને ડૉ. સ્નેહલ અમીન પરિવાર ઈંગ્લેન્ડ-સ્કોટલેન્ડ જઈ રહ્યો છે, તથા આશ્રમનાં સચિવ શ્રીમતી પૂનમબેન થવાણી અમેરિકા જઈ રહ્યાં છે તે નિમિત્તે એક વિશેષ સત્સંગ તથા વિદાય અર્થે સ્નેહમિલન મહાપ્રસાદનું આયોજન થયું.*

*આ જ પ્રમાણે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રી ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, અમેરિકા, કેનેડાની ચાર મહિનાની યાત્રાએ જઈ રહ્યા છે, માટે એક વિશેષ સત્સંગ અને સાદગીભર્યો ભોજન સમારંભ પણ તા.૨૭ જુલાઈની બપોરે આયોજાયો. આ પ્રસંગે અમદાવાદ સિવાય સુરત, ભરૂચ, વડોદરા, રાજકોટ, જામનગર, ધાણેટી (કચ્છ-ભુજ), ભાવનગર, સુરેન્દ્રનગરના ભક્તો ઉપસ્થિત રહ્યા. સૌએ આનંદભેર પરંતુ ભારે હૈયે પૂજ્યશ્રીને વિદાય આપી.*

*સમગ્ર જુલાઈ મહિના દરમિયાન યોગ, રેકી, એક્યુપ્રેસર, યોગ પ્રશિક્ષણ, અનાજ વિચરણ સેવા, દરિદ્રનારાયણ સેવા, ગુરુવારનું પાદુકાપૂજન, શનિવારના રોજ શ્રી સુંદરકાંડ પારાયણ, રવિવારના વિશેષ સત્સંગ અને મૃત્યુંજય મંત્ર જપ, દરરોજનો રાત્રિ સત્સંગ પૂર્ણિમાના રોજ શ્રી સત્યનારાયણ વ્રતકથા, માસિક ગાયત્રી હવન અને હોમિયોપેથ કેન્દ્રોની સેવા યથાવત્ થયાં.*

*ચોથી જુલાઈએ આશ્રમમાં ભવ્ય જગન્નાથ રથયાત્રા થઈ. રથયાત્રા નિમિત્તે સૌને દૂધપાક અને માલપૂઆનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો. દૂરદર્શન પરથી પૂજ્ય સ્વામીજીએ રથયાત્રાની રનિંગ કોમેન્ટ્રી કરી.*

*છઠ્ઠી જુલાઈએ સાંજે રક્તદાન શિબિરમાં ૪૫ યુવકોએ રક્તદાન કર્યું. રાત્રે શ્રી અષ્ટલક્ષ્મી મંદિરમાં ભવ્ય સુંદરકાંડ પારાયણ થયું.*

*ઓગસ્ટ મહિનાની બીજીથી તા.૩૦મી ઓગસ્ટ સુધી પવિત્ર શ્રાવણ માસ શિવાનંદ આશ્રમમાં ખૂબ જ ધામધૂમથી ૐ નમઃ શિવાય નામસ્મરણ, નમકમ્, ચમક્, રૂદ્રમ્ અને શિવમહિમ્ન પાઠ પારાયણ સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યો.*

*દરરોજ સાંજે પવિત્ર શ્રીશ્રી અષ્ટલક્ષ્મીભવનમાં શાસ્ત્રીશ્રી વિનોદભાઈ પંડ્યાજીના દ્વારા શ્રી વિષ્ણુસહસ્રનામ પર પ્રવચનો થયાં. આ પ્રવચન સાંજે ૬-૦૦ થી ૭-૦૦ થતાં હતાં. પ્રવચનોની પૂર્ણાહુતિ ૩૦-૮ના રોજ થઈ છે. આ પવિત્ર સત્સંગનો લાભ વિશાળ ભક્તસમૂહે લીધો.*

*પવિત્ર જન્માષ્ટમી પર્વ ખૂબ જ આનંદ અને ઉત્સાહભેર ઉજવવામાં આવ્યું. રાત્રે શાસ્ત્રીય નૃત્યકલા વિશારદ નૃત્યાચાર્યશ્રી ચંદન ઠાકોરના નેતૃત્વમાં શ્રીકૃષ્ણલીલા નૃત્યનાટિકા પ્રસ્તુત કરવામાં આવી. મહાનીશામાં શ્રીકૃષ્ણ પ્રાકટ્ય મહોત્સવ થયો. નંદ ઘેર આનંદ ભયો, જય કન્હૈયાલાલ કી ગાઈ-નાચીને સૌ સૌનાં હૈયે શ્રીકૃષ્ણને પધરાવીને વિદાય થયા.*

અમાવસ્યાના દિવસે હોમાત્મક લઘુરુદ્ર અને વિશાળ ભંડારાનો અગણિત ભક્તોએ લાભ લીધો.

સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન શ્રી મોહસીન શેખનાં ચિત્રોનું પ્રદર્શન શ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવનમાં આયોજવામાં આવ્યું, જેનો લાભ અસંખ્ય કલાપ્રેમીઓએ લીધો. વિશ્વના સૌથી નાના તરવૈયા કે જેણે નવ સમુદ્ર તરીને વિશ્વવિક્રમ નોંધાવ્યો છે, તે શ્રી સુફિયાન શેખ (ઉંમર વર્ષ ૧૯)ના શ્રી મોહસીન શેખ પિતાશ્રી થાય.

**ઉસ્માનપુરા શાખા :** (૧) તા.૪-૫-૦૮ના રોજ અમારી શાખાની વાર્ષિક સભા થઈ. એકસોને વીસ સભ્યો હાજર રહ્યા. હિસાબ રજૂ થયો તે મંજૂર કર્યો. (૨) શ્રી ડૉ. રાજુભાઈ સોનેજીએ શ્રીમદ્ રાજચંદ્રના જીવન અને આત્મજ્ઞાનની સરળ અને જ્ઞાનસભર સમજ આપી. (૩) શ્રીમતી રૂપાબેન મજમુદારે પૂજ્યશ્રી શિવાનંદ મહારાજ અને આપણો દિવ્ય જીવન સંઘની ઊંડાણથી માહિતી આપી. (૪) બધા જ સભ્યોએ ભોજન લીધું. ભજન કર્યું અને રૂા.૧૧૦૦/- દાનમાં આવ્યા તે દિવ્ય જીવન માસિક માટે મોકલી આપ્યા છે.

**વડોદરા :** વડોદરા મેટ્રો રોટરીના નિમંત્રણે રોટરીની નવી ટીમના ઈન્સ્ટોલેશન પ્રસંગે પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજનું ઉદ્બોધન થયું. ઉપરોક્ત કાર્યક્રમ ઉપરાંત પૂજ્ય સ્વામીજીએ ભક્તોને ત્યાં પધરામણી કરી, સૌને ધર્મલાભ આપ્યો. તા.છઠ્ઠીની સાંજે સ્વામીજી અમદાવાદ પાછા પધાર્યા.

**દ્વારકા :** ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી પંડિત નવલકિશોર શર્માજીના નિમંત્રણે તેમની સાથે તેમના ચાર્ટર્ડ પ્લેનમાં પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા.૨૨-૭ની બપોરે દ્વારકા પધાર્યા હતા. દ્વારકા ખાતે ચતુઃવૈષ્ણવ સંપ્રદાયની રાષ્ટ્રીય મહાસભાનું દીપ પ્રજ્વલન કરીને પૂજ્ય સ્વામીજી તથા રાજ્યપાલ મહોદયશ્રીએ ઉદ્ઘાટન કર્યું હતું, તથા ઉદ્બોધન કર્યું હતું. શ્રી શારદાપીઠ શંકરાચાર્યશ્રી સ્વામી સ્વરૂપાનંદજી મહારાજશ્રીને ત્યાં સત્સંગ અને શ્રીશ્રી દ્વારિકાધીશનાં દર્શન તથા તેમની પાદુકાઓનું પૂજન કરી સૌ મોડી સાંજે અમદાવાદ પરત આવ્યાં હતાં.

**કલકત્તા :** લાઈફ ઈન્સ્યોરન્સ સ્ટડી સર્કલના ઉપક્રમે કોલકાતાની હોટેલ હયાત રીજન્સીમાં પૂજ્યશ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજશ્રીનું ઉદ્ઘાટન પ્રવચન તા.૨૫-૭ની સવારે આયોજાયું હતું. તે માટે તા.૨૪-૭ની સાંજે પૂજ્ય સ્વામીજી તથા દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘના ઉપાધ્યક્ષ અને ટ્રસ્ટીશ્રી અરૂણભાઈ ઓઝા કલકત્તા આવી પહોંચ્યા હતા.

LIC સ્ટડી સર્કલની આ અધ્યતન પરિષદમાં LICના વરિષ્ઠ અધ્યક્ષ શ્રી શેટ્ટી સુપ્રસિદ્ધ MDRD અને TOT શ્રી સંતોષ સોપારકર, મલેશિયાના સુપ્રસિદ્ધ LIC પ્રશિક્ષક શ્રી સામી તથા કલકત્તા LIC સ્ટડી સર્કલના અધ્યક્ષ શ્રી સુબ્રત શાહા ઉપરાંત ૩૦૦ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્યશ્રી સ્વામીજી મહારાજે 'વર્તમાન જીવનમાં અધ્યાત્મ તત્ત્વની આવશ્યકતા'ના ગંભીર વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું.

મધ્યાહ્ન ભોજન બાદ કલકત્તા સ્થિત શિવાનંદ પરિવારોને ત્યાં પધરામણી, શ્રી દક્ષિણેશ્વરનાં દર્શન, શ્રી ગંગા માર્જન પછી પૂજ્ય સ્વામીજી ભક્તમંડળ સાથે શ્રીરામકૃષ્ણ આશ્રમ-બેલૂર મઠનાં દર્શને આવ્યું હતું. શ્રીશ્રીશ્રી ઠાકુર રામકૃષ્ણ પરમહંસદેવનાં દર્શન પછી શ્રીરામકૃષ્ણ મઠ-મિશનના પ્રેસીડેન્ટ મહારાજ શ્રીમત્ સ્વામી આત્મસ્થાનંદજી મહારાજશ્રીનાં દર્શને સૌ આવ્યાં હતાં. શિવાનંદ આશ્રમમાં જોડાતાં પૂર્વે પૂજ્ય સ્વામીજી રાજકોટ રામકૃષ્ણ આશ્રમના બ્રહ્મચારી હતા. તેથી ત્યારના અધ્યક્ષ શ્રી સ્વામી આત્મસ્થાનંદજી મહારાજશ્રી સાથે તેમનો ખૂબ જ સ્નેહ સંબંધ હોવાથી પ્રેસીડેન્ટ મહારાજશ્રીએ પરસ્પર મળીને ખૂબ જ આશીર્વાદ આપ્યા હતા તથા રાજીપો વ્યક્ત કર્યો હતો.

મોડી સાંજે દિવ્ય જીવન સંઘ સાઉથ કલકત્તા-કસબા ખાતે પૂજ્યશ્રીનો સત્સંગ (બંગાળીમાં) થયો હતો. વિશાળ ભક્તમંડળે દીર્ઘકાળ પછી પૂજ્ય સ્વામીજીનાં દર્શન-સત્સંગનો લાભ લઈ આનંદ વ્યક્ત કર્યો હતો. તા.૨૬-૭ની સવારે શિવાનંદ આશ્રમ, હૃષીકેશના અનન્ય ભક્ત શ્રી રામનિવાસ ગુપ્તાજીને ત્યાં ૨૨, ન્યુ અલીપોર ખાતે સત્સંગ કરી તા.૨૬-૭ની સાંજે પૂજ્ય સ્વામીજી અમદાવાદ પાછા ફર્યા હતા. ૨૬-૭ના રોજ શ્રી સદ્ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજશ્રીના ૪૫મા મહાસમાધિ દિવસ-આરાધના પર્વ નિમિત્તે આ સત્સંગ શ્રી રામનિવાસજીનાં ધર્મપત્ની શ્રીમતી સુશીલાદેવી અને પુત્રો શ્રી જીતેન્દ્ર તથા શ્રી રાજેન્દ્ર પરિવાર દ્વારા આયોજવામાં આવ્યો હતો.

**બોચાસણ :** શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ ચાર માસ માટે પરદેશ યાત્રા પર જવાના હોઈ પૂજ્યપાદ શ્રીમત્ સ્વામીશ્રી પ્રમુખસ્વામીજી મહારાજશ્રીના આશીર્વાદ લેવા તા.૨૦-૭ની વહેલી સવારે બોચાસણ પધાર્યા હતા. શિવાનંદ આશ્રમ અમદાવાદથી શ્રી સ્વામી ગુરુ સેવાનંદજી મહારાજ, શ્રી સ્વામી નારાયણ સ્વરૂપાનંદજી મહારાજ (હૃષીકેશ), શ્રી સ્વામી વાસુદેવાનંદજી મહારાજ (કલકત્તા) તથા આશ્રમના ટ્રસ્ટીશ્રી પ્રકાશભાઈ સોની, શ્રી ધર્મેન્દ્રભાઈ સોની, શ્રી તેજસ ભાવસાર વગેરે સૌને આશીર્વાદ આપી પૂજ્ય સ્વામીશ્રી પ્રમુખસ્વામીજી મહારાજે કૃતકૃત્ય કર્યા હતા.

**રાજકોટ :** ગુરુપૂર્ણિમાનો પવિત્ર ઉત્સવ : તા.૧૮-૭-૦૮ના રોજ શિવાનંદ ભવનમાં સવારના ૭-૩૦થી જ આનંદનો માહોલ હતો. સૌ શિષ્યગણો પોતાના આંગણે સ્વામીજી પધારવાના છે એવી લાગણી અનુભવતા હતા. સવારના પ્રાતઃ પ્રાર્થના બાદ ગુરુ પાદુકાપૂજન વિધિ પૂજ્ય રમેશભાઈ આચાર્યના અધ્યક્ષપદે કરવામાં આવેલ. આ વિધિમાં ત્રણ દાતાઓ શ્રી જગદીશભાઈ સચદેવ, વી. ડી. પંડ્યા અને શ્રીમતી પલ્લવીબહેને ભાગ લીધેલ. સવારના ૮-૩૦થી ૧૦-૦૦ આ વિધિ ચાલેલ. ત્યાર બાદ શ્રીમતી મીરાબેન ભટ્ટે ભાગવત કથાકાર શ્રી અશોકભાઈ ભટ્ટનાં બહેને પ્રસંગને અનુરૂપ ગુરુ મહિમાનું માહાત્મ્ય સમજાવતાં ભાવિકોને ભાવવિભોર કરી દીધેલા.

૧૧થી ૧ સૌ ભક્તોએ વિધવિધ ભજનો-કીર્તનો ગાઈને સત્સંગ હોલનું વાતાવરણ દિવ્ય બનાવેલું. લગભગ ૨૦૦ માણસોની હાજરી હતી. ત્યાર બાદ સૌએ સાથે મળીને મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવેલી. આ શુભ પ્રસંગે સેવાકીય પ્રવૃત્તિઓ નીચે મુજબ જાહેર કરવામાં આવેલ.

(૧) શ્રી જ્યોતિર્વદન વછરાજાનીએ તેમના પિતાશ્રી તથા સ્વ. પત્નીની સ્મૃતિઓ બે સ્ટ્રેચર સિવિલ હોસ્પિટલ નાગરિક સુવિધા કેન્દ્રને દર્દીઓની સેવાઅર્થે અર્પણ કરેલ.

(૨) શ્રી દુષ્યન્તભાઈ દેવીભાઈ અંજારિયા (મુંબઈ) તેમનાં પત્ની સ્વ. જાહ્નવીબહેનની સ્મૃતિમાં એક સ્ટ્રેચર ઉપર્યુક્ત સેવા અર્થે અર્પણ કરેલ છે.

(૩) શ્રી વી.ડી. પંડ્યા તરફથી તે દિવસે મહાપ્રસાદની વ્યવસ્થા તથા એક વ્હીલચેર નાગરિક સુવિધા કેન્દ્રને અર્પણ કરેલ.

(૪) શ્રી જયંતીભાઈ તરફથી એક અપંગને ટ્રાઈસીકલ તથા શ્રી કિરણભાઈ શુક્લે જીવન નિર્વાહ માટે એક આર્થિક રીતે નબળી વ્યક્તિને હાથલારી અર્પણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સંસ્થા તરફથી હોમિયોપેથી કેન્દ્ર તથા આ મહિનામાં નેત્રયજ્ઞ કેમ્પનું જેતપુર, સુલતાનપુર અને રાજકોટ મુકામે આયોજન કરવામાં આવેલ છે.



શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે જન્માષ્ટમી ઉત્સવ પ્રસંગે
નૃત્યભારતીના કલાકારો દ્વારા શ્રીકૃષ્ણલીલા



વિદેશયાત્રા પૂર્વે બોચાસણ ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજના
આશીર્વાદ અર્થે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા ૨૦-૭-૦૮



અનુપમ મિશન (યુકે) ખાતે સ્વાતંત્ર્યદિન પ્રસંગે ઊજવાયેલ હાર્મની ફેસ્ટિવલમાં પૂજ્ય સ્વામીજી મહારાજ




લાઇફ ઇન્સ્યોરન્સ સ્ટડી સર્કલ, કોલકાતાના વાર્ષિક મેળાવડામાં
પૂજ્ય સ્વામીજી મહારાજનું અભિવાદન



શ્રી સ્વામિનારાયણ મંદિર, બી.એ.પી.એસ., લંડન ખાતે શ્રીજીની
આરતી ઉતારતા પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય શ્રી રામદેવજી મહારાજ



TIMES CITY

# The guru of all blood donors

## Swami Adhyatmanand Has Donated Blood 117 Times





આપની આજ

આજે ગુરુપૂર્ણિમા : એવા ગુરુ જેમણે ૧૧૭ વાર રક્તદાન કર્યું છે



સામખિયાળી (કચ્છ) ખાતે જૈન મુનિઓ સાથે પૂજ્ય સ્વામીજી મહારાજ

Postal Registration No. GAMC 1417/upto 31-12-2008 RNI No. GUJGUJ/2003/15738
Posted on 5th of every month at PSO, Ahmedabad - 380 002. Annual Subscription Rs. 100/-



શ્રીરામકૃષ્ણ મઠ મિશનના અધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી સ્વામી આત્મસ્થાનંદજી મહારાજની નિશ્રામાં પૂજ્ય સ્વામીજી મહારાજ બેલુરમઠ, કોલકાતા તા. ૨૫-૭-૦૮



ચતુઃસમ્પ્રદાય (વૈષ્ણવ વિકાસ પરિષદ) દ્વારકા ખાતે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી નવલ કિશોર શર્માજી સાથે પૂજ્ય સ્વામીજી

**Divya Tour 2008 at Milwaukee, USA**



**Yoga & Spiritual Retreat at Milwaukee with H.H. Sri Swami Adhyatmananda Saraswati 25th to 27th August 2008.**

Milwaukee is the historic city where H.H. Pujya Guru Maharaj Sri Swami Chidanandaji stayed for 2 months and commenced his first ever tour of USA in 1959.

**ગીતાનો સાર :**

**શક્તિ શિવને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. માનવો વડે અસ્તિત્વ-જીવનના અંતિમ છેડાઓ-ચાર પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) મેળવવા માટે દિવ્ય માતા એ વચન અને શક્યતા છે. તમારા આ લોકની સમૃદ્ધિ અને પરલોકનો પૂર્ણ આનંદ નિશ્ચિત છે. માતા પરાશક્તિ તમારા સૌની ઉપર કૃપા કરો !**

**- સ્વામી શિવાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh**
Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234